પૂજ્ય દાદાના સ્વરચીત પદો

શ્રી નરસિંહ નિજાનંદ

# ‘મોક્ષાવલિ’





## શ્રી નરસિંહ નિજાનંદ ‘મોક્ષાવલિ’


• • • •

પ્રકાશક : **પટેલ ચીમનભાઈ બહેચરભાઈ**
(હમીરગઢ)

• • • •

આવૃત્તિ : પ્રથમ : જુલાઇ - ૨૦૧૦
બીજી : ઓક્ટોબર - ૨૦૧૧

• • • •

પ્રત : ૧૦૦૦ નકલ

• • • •

મૂલ્ય : રૂ. ૩૦/- (પક્ષી ચણ હેતુ)

• • • •

**: મુદ્રક :**

હરિ ૐ ઓફસેટ પ્રિન્ટર્સ
બી/જી- ૧, દુર્ગા કોમ્પ્લેક્ષ, હિંમતનગર.
ફોન (ઓ.) ૨૪૩૩૭૭ (મો.) ૯૪૨૬૫૦૮૬૮૪




## પ્રકાશક

ભાવિક ભક્તો મુમુક્ષોને જણાવવાનું કે પરમ પૂજય સત્પુરૂષ **શ્રી નરસિંહ બાવજી**ની અધ્યાત્મિક વાણી સાબરકાંઠામાં તેમજ ગુજરાતમાં ઘેરઘેર ગવાય છે. તે માર્ગે વિશેષ કહેવાનું ના હોય. સોનાની જાહેરાત ના હોય તે હું જાણુ છું. પૂજયશ્રીની વાણીનો ઘણો લાભ લે છે અને લેશે અને જીવન દિવ્ય બનાવે તે હેતું થી ગામ હમિરગઢ, તા. હિંમતનગરના રહેવાસી **મુમુક્ષુભાઈશ્રી ચીમનભાઈ બહેચરભાઈ પટેલ**ની અંતરમાં પરમાત્મા ભાવ પ્રગટ થતાં **‘‘શ્રી નરસિંહ નિજાનંદ ભજનાવલી’’**નાં આ ગૂટકો છપાવી જનકલ્યાણ માટે આ અનેરું કામ કરેલું છે. પ્રભુ તેમની શ્રદ્ધાને વેગ આપે એવી અમો પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

**લી.**

**શ્રી નરસિંહ રામ પ્રગટધામના સર્વે**
**મુમુક્ષોના જય સચ્ચિદાનંદ.**



: હરિ ૐ તત્સત્ :

## સમર્પણ

ધન્ય ભારત ભૂમિને, ધન્ય ભલી ગુજરાત;
સતિ સંતો પ્રકટ થઈ, આપે પદ અઘાટ.

હું પામર શું અર્પી શકું, જે છે તે તમારી કૃપા;
તમારું તમને અર્પીને, કરુ છું રૂણ અદા.

નમું નમું શ્રી સદ્ગુરૂ, નમું પ્રકટ ભગવાન;
દાસ ઉપર દયા કરી, આપ્યાં દેદાર દાન.

દ્દષ્ટિ દ્દષ્ટામાં મેળવી, પ્રકટ આપ્યાં દેદાર;
તે સત્પુરૂષના ચરણમાં, વન્દુ વારંવાર.

સ્વયં પ્રકટ સદ્ગુરૂ, સદ્ગુરૂ શુદ્ધ ભગવાન;
નિજ ભક્તોને તારવા, જગમાં ધરે અવતાર.

પ્રકટ પુરૂષને વંદન કરુ, પ્રકટની કરુ બંદગી;
પ્રકટ પુરૂષના બોધથી, સફળ થઈ જીંદગી.

સદ્ગુરૂના ચરણમાં, જેને માથું મૂક્યું છે;
ધન્ય ધન્ય તે મુમુક્ષને, જેનું ભાગ્ય ખૂલ્યું છે.

જેની કૃપા વિના આ જીવાત્મા અનંત કાળથી પામર થઈ દુઃખોમાં રિબાય છે. લક્ષ્ય ચોરાસીના ધક્કા ખાય છે. ઉંચ-નીચ કોટિમાં જન્મે છે અને મરે છે. આ દારૂણ દુઃખમાંથી છૂટવાનો જો કોઈ સરલ રસ્તો હોય તો એક સત્પુરૂષની કૃપા. આ જીવાત્મા એ

ઘણા જન્મોથી ઘણાં સાધનો કર્યા છે. છતાં એ આ ભવચક્રનો આંટો ટળ્યોં નથી. કારણ કે બધાં જ સાધન પ્રકટ પુરૂષની આજ્ઞા વિનાનાં આપા પંથે નિજ સ્વછંદે કરેલા છે. સત્પુરૂષનું શરણું ગ્રહી તેના ચરણે સર્મપિત થતાં, સત્પુરૂષની કૃપા પાત્ર થઇ તેની આજ્ઞાએ વર્તતાં આ જીવાત્મા જીવ મટી શિવ પદ પ્રાપ્ત કરી શકે છે. જેમ નદિઓ દરિયાને મળતાં ખુદ દરિયો બની લ્હેરાય છે તેમ અલ્પજ્ઞ જીવાત્મા સર્વજ્ઞ સર્વેશ્વરને પ્રાપ્ત કરી ધન્ય ધન્ય બની જાય છે. સત્પુરૂષ જીવાત્માને અનંત કાળની ગાઢ નિંદ્રાથી જગાડી દેહાધ્યાસથી મુક્ત કરી સ્વયં સ્વરૂપનું દાન આપી, ઘણા કાળથી વિમૂખ થયેલી પોતાની બાપાશાહી યાને સાચી શહેનશાહીનો સાક્ષાત્કાર કૃતાર્થ યાને ન્યાલ કરી નાખે છે.

આવા જ એક પરમ વંદનીય સત્પુરૂષની કૃપા અમારા ઉપર ઉતરેલી છે જેને અત્યારે અહી વિશેષ શબ્દો આપવા યોગ્ય નથી. પરંતુ મહાભાગ્યે તેમનો સહેવાસ ને સત્સંગ મળ્યો છે. જેથી અમો સ્વરૂપ મસ્તીમાં તરબોર થઇ નિજાનંદની મસ્તી માણી રહ્યા છીએ. અને તે મહાપુરૂષ સ્વયં રચેલા પદો, ભજનો, દોહા, સાખી વિગેરેને મોક્ષાવલિ રૂપે અત્રે બહાર પાડેલ છે. જે સત્પુરૂષને સર્મપણ કરી ધન્યતા અનુભવીએ છીએ.

*// જય સચ્ચિદાનંદ. //*

*એજ લિ.*
*શ્રી સત્પુરૂષના આશ્રયે,*
*શ્રી નરસિંહરામ પ્રગટધામના સર્વે*
*મુમુક્ષુજનોના આત્મ ભાવે કોટિ કોટિ વંદન.*



## નમ્ર નિવેદન...

પ્રીય આત્માર્થી મુમુક્ષો, પૂજય શ્રી નરસિંહદાદાની અનુભવ સિધ્ધ સ્વયં વાણી. આ અગાઉ મોક્ષાવલિ નામે ચાર ભાગમાં પ્રકટ થઇ ચૂકેલી છે. જેમાંથી ગણાંજ ભજનો ભાવિક ભક્તોના ખુબજ આદર પામેલ છે. બધાજ ધર્મોના અનુયાયીઓને ઉપયોગી થએલાં છે. જે જાણી પ્રકાશક મુમુક્ષ મંડળ આનંદ અનુભવે છે. જે ચારે ભાગમાંથી ભક્તોના હ્રદયે વસેલાં ભજનો ના આ એક ઘટકો બહાર પાડીએ છીએ. ભજનો તો ગણોજ ગવાય છે પરંતુ પૂજય શ્રીની પરાપારની બ્રહ્મ ખુમારીથી ભરેલ અનુભવ સિધ્ધ સ્વયં વાણી જીજ્ઞાસુઓને ગણીજ ઉપકારી થઇ રહી છે. જે અધ્યાત્મીક મુમુક્ષો તેનો લાભ લઇ જીવન મુક્તિનો અનુભવ કરે એજ નમ્ર વિનંતી.

*એજ લિ.*
*શ્રી નરસિંહરામ પ્રગટધામના સર્વે*
*મુમુક્ષુજનોના જય સચ્ચિદાનંદ.*
*મુ.પો.કાંકણોલ, તા. હિંમતનગર, જિ.સા.કાં.*



## :: विनियोग ::

ॐ अस्य श्री महामृत्युंजय मंत्रस्य
वशिष्ट ऋषिः अनुष्टुप छंदः श्री महामृत्युंजय रुद्रो
देवता, हौं बींजे, जुँ शुक्तिः, सः कीलंक, श्री
नरसिंहबापा सद्गुरु देवस्य, आयुः, आरोग्य,
यशः, किर्ती, पुष्टिः, वृद्धि अर्थे जपे विनियोग :

## :: महामृत्युंजय मंत्र ::

ॐ हौं बुँ सः । ॐ भूर्भुवः स्व । ॐ त्र्यम्बकं
यजामहे सुगंधिं पुष्टिवर्धनम् । उव्वॉरुकमिव
बन्धनान्मृत्योर्मुक्षीय मामृतात् ।
ॐ स्वः भुवः भूः ॐ । सः जुँ हौं. ॐ ।

સર્વે સાધક ભાઇ-બહેનોને નમ્ર નિવેદન છે કે પૂજ્ય ગુરૂદેવનું સ્વાસ્થ્ય અને દિર્ઘાયુ માટે આ મંત્રની માળા દિવસમાં એકવાર અવશ્ય કરવી.



## અનુક્રમ મણિકા


| પાના નં. | પદનું નામ | પાના નં. | પદનું નામ |
|---|---|---|---|
| ૧. | ગુરૂ દેવ તમારી જય જય હો. | ૨૭. | દેહ છતાં વિદેહી મારા |
| ૨. | અક્ષરાતિત (પ્રાર્થના) | ૨૮. | મંગલ દ્વારશી મહામંત્ર |
| ૩. | ગુરૂ વંદના | ૨૯. | અલખ ફકીરી મેં તો ગુરૂ ગમે લીધી |
| ૪. | ૐ ગુરૂ ગુણપતિ અંતરયામી | ૩૦. | જ્ઞાન ગુલાલો ગુરૂ ગમના |
| ૫. | શ્રી સદ્ગુરુ સ્તવન | ૩૧. | સ્વરૂપ સમજાણું મૂજને |
| ૬. | પ્રગટ પુરુષનાં પૂજન | ૩૨. | ઓ જીવલડા જાગી જો |
| ૭. | તારા સ્વરૂપને તું જાણ | ૩૩. | દેહ અધ્યાસની બેડી |
| ૮. | બહાર ભટકવા જઇશ મા | ૩૪. | નિશ્ચય થયૂં નિજરૂપ |
| ૯. | આપણા અલખનાં છોરુ | ૩૫. | હું તો મસ્ત રહું અલખમાં |
| ૧૦. | આજ રે ગુરૂજી મૂંજને | ૩૬. | શુરતી સ્વરૂપમાં રાખાં |
| ૧૧. | સદ્ગુરૂ એ આપ્યાં રૂડાં જ્ઞાન | ૩૭. | હેતની હેલી |
| ૧૨. | આજ મારાં દેદાર દરસ્યાં રે હો | ૩૮. | હરિને ભજીલે પ્રાણીયા હો જી |
| ૧૩. | હે જી ભેટયા દેવોના દેવ | ૩૯. | મને આજ થઇ ઓળખાણ |
| ૧૪. | તું ભરી જાને ભ્રહ્મમાં | ૪૦. | કાયા પીંજર માંહી રે |
| ૧૫. | હંસા પ્રગટ દશા પુરાં સંતની | ૪૧. | ગુરૂજીના જ્ઞાન રે |
| ૧૬. | હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું | ૪૨. | કાયા મંદિર માંહી રે |
| ૧૭. | પ્રકટ સ્વરૂપમાં હો | ૪૩. | અમને આતમ હિરલો |
| ૧૮. | હેલી પ્રગટની વાતો | ૪૪. | પરના દોષો નવ જોશો |
| ૧૯. | ગુરૂજીના જ્ઞાન હૈયે ધરીયે રે | ૪૫. | હેલી આરે ચાંઘડીયાં લાભનાં |
| ૨૦. | પ્રગટ ખેલે નર બંકા | ૪૬. | હેલી જાગી રે જુવાં નિજ રૂપને |
| ૨૧. | આતમનું અજવાળું | ૪૭. | વાતો કોને કહીયે હેલી |
| ૨૨. | કોઇ ઘેલી રે દુનિયાને | ૪૮. | અવસર માંઘા મૂલનો હેલી |
| ૨૩. | જેન ગુરૂજી મલ્યા બ્રહ્મ જ્ઞાની રે | ૪૯. | હેલી ચાલાં રે જઇયે નિજ દેશમાં |
| ૨૪. | મારા ગુરૂએ ઓળખાવી મને | ૫૦. | હેલી આરે સંદેશા ગુરૂ દેવના |
| ૨૫. | આજુંનો દિન મારે | ૫૧. | હેલી સંગત કરીયે રે સાચા સંતની |
| ૨૬. | મન મત બનો મારી હેલી | ૫૨. | નિષ્ટાની દોરી બાંધારે |

૫૩. ધન્ય ધન્યએ ભૂમિને રે
૫૪. સદ્‌ગુરૂના ચરણ પખાળાં રે
૫૫. ઘટઘટમાં સદ્‌ગુરૂ ગાજેરે...
૫૬. જેની અખંડ વૃત્તિ વિભુંમાં રે..
૫૭. માનવ થોડા હું પદ રાખો
૫૮. ચઠવાળો ચઠવાળો સકલ જગ
૫૯. ઘટ ઘટ માંહી બોલે રે
૬૦. પીધી છે પીયાલી રે
૬૧. નિશ્ચય થઇને બેઠો રે
૬૨. કોઇ સંત માંજો માણે રે
૬૩. સદ્‌ગુરૂની શાને રે
૬૪. ભડકેને ભડકે લાગે રે
૬૫. પ્રીયું વિના પલના રહેવાય રે
૬૬. આજના અવસરેયે
૬૭. હે જી મુજને હાજર
૬૮. આજરે અલખ મારી નજરોમાં
૬૯. મેં તો ઓઢી રે અમર ઓઢણી
૭૦. એવા કાયાના પિંજરીયે રે
૭૧. સિધ્ધિયો કોઇ સંત પાવે
૭૨. રામ રહિમ તું એક જ છે
૭૩. મિથ્યા સંસારમાં હો
૭૪. આજે અમારા મંદિરીયામાં
૭૫. આત્માને જાણતા હો
૭૬. હું ને ખોયા વિના રે
૭૭. દેહભાવ છોડતાં હો
૭૮. સુખનો સાગર સ્વરૂપ છે રે
૭૯. સચ્ચિદાનંદ સ્વરૂપ છે રે
૮૦. હંસા જીવન મુક્ત થઇ
૮૧. માંજો રે માણીયે
૮૨. જ્ઞાન મારા ગુરૂજીનું
૮૩. સત્‌ચિત્ત આનંદ રૂપ આપણાં
૮૪. મારા આતમ ના અજવાળે રે
૮૫. એક અજર અમર ભાન ભૂલીયો
૮૬. સોહંમ્ માળા..
૮૭. મનવા જાગી જોને મારા ભાઇ રે
૮૮. કપૂત ક્યાંથી પેટ પડ્યો રે જી
૮૯. પ્રકટનાં પાવલાં ધોઇ પીવો
૯૦. સદ્‌ગુરૂ મલ્યા દીન દયાળ
૯૧. આંખડી બગડી રે હો જેની
૯૨. હેલી અમે પંખીડાં અગમ
૯૩. હેલી આરે ચાંચડીયાં લાભનાં
૯૪. હેલી લાવ્યો રે ઔષધિ અગમ
૯૫. અમે પીધા પિયાલા રે
૯૬. ગુરૂ મારે પાયા રે પિયાલો
૯૭. સ્વરૂપની લ્હેરમાં હો
૯૮. હું દેહ નથી છું દેવ
૯૯. જ્યારે ઠરી જાય તનને મન
૧૦૦. ગુરૂ વિના જ્ઞાન ન થાચે
૧૦૧. નિંદા કરનારને
૧૦૨. જેના ઘરમાં હરિનું પૂજન છે
૧૦૩. આત્મા હો આત્મા
૧૦૪. છૂટે નહિ ચોરાસી
૧૦૫. હું તો પ્રકટ ખેલુ રે
૧૦૬. મરશુ નહિ રે અમો
૧૦૭. કોના ગુણલા ગાવુ હવે હું
૧૦૮. હેલી જીવતાં જુઓ રે




૧૦૯. હંસા ગુરૂજીના જ્ઞાન
૧૧૦. કોઇ મીલ્યા ન દિલકા જોગી
૧૧૧. જાણજો અહિં રે
૧૧૨. ખાંળજો અહીં રે ખાંળજો
૧૧૩. જીવ જાને સદા સત્સંગમાં રે
૧૧૪. સદ્‌ગુરૂ વચને ચાલો તમે
૧૧૫. સત્સંગ સેવા રે હો..
૧૧૬. સદ્‌ગુરૂ મલ્યા દયાળુ..
૧૧૭. ચા-ચા સંતો પીધી છે
૧૧૮. કોઇ સંત પ્રગટ ખેલે રે
૧૧૯. હંસલા ડૂબીજાને તું દેદારમાં
૧૨૦. સાચા સંતના રે
૧૨૧. આત્મા જાગ્યો રે હો જેનો
૧૨૨. એક દિન શ્વાસની
૧૨૩. નિરાલો નિરાલો
૧૨૪. સાધું અબ
૧૨૫. હરિના ભજન વિના રે
૧૨૬. આતમ જ્ઞાન તો
૧૨૭. લાલું લક્ષ્ય રાખો તો
૧૨૮. અમી ભર્યો મારો પ્યાલો
૧૨૯. જેના હૈયે થી
૧૩૦. હેલી સ્વયં સ્વરૂપની
૧૩૧. કહેવા જાઉ પણ
૧૩૨. મારો જોગ છે જુનો
૧૩૩. મારી આંખડી
૧૩૪. તારે તરવું હોય તો આવ
૧૩૫. સ્વરૂપ લ્હેરો આવી રે
૧૩૬. મારી લાખેણી વાતો રે હંસા
૧૩૭. મુક્તિનો મારગ સાચા સદ્‌ગુરૂ
૧૩૮. ગુરૂજીના જ્ઞાને મેં તો નિજ
૧૩૯. ચાંમડાને આંખે
૧૪૦. આજ મારી આંખ ખૂલી રે
૧૪૧. માનવ થઇ જા હોંશિયાર
૧૪૨. હેલી સદ્‌ગુરૂ આવ્યા આંગણે
૧૪૩. તારી વૃત્તિ ચાંબરામાં ફરે રે
૧૪૪. પરના દોષો નવ જોશો
૧૪૫. સુખ શું રે જાણે સંસારી રે
૧૪૬. ચેતાં ચેતાં રે
૧૪૭. આજ પિયુ ઘેર આચા
૧૪૮. કહેતો જા રે મુસાફિર
૧૪૯. આત્માનને જાણજો રે હો
૧૫૦. નિજ દેદાર દરશાયા રે
૧૫૧. દારૂના પીશો
૧૫૨. સ્વરૂપનું સુખ શું કહીયે
૧૫૩. મસ્તી માય નહિ રે
૧૫૪. ભક્તિ એજ કરે રે
૧૫૫. ગુરૂની મ્હેરથી રે
૧૫૬. ગુરૂજી દયા રે કરો તો
૧૫૭. પ્રગટ પુરૂષને સેવો
૧૫૮. ધન્ય ધન્ય જનનીના જાયા
૧૫૯. મને આતમ દશાના
૧૬૦. હેલી ઝગમગ ઝગમગ
૧૬૧. હેલી ચાલાં રે ગુરૂજી ને પૂજવા
૧૬૨. જેના જીવનમાં સત્સંગ નથી
૧૬૩. તું નિજ દેદારે ડુબી જા
૧૬૪. જે જન સદ્‌ગુરૂ ચરણેજાય




૧૬૫. હરિના જન સંતો
૧૬૬. હંસા ઝીણી રે વાતો
૧૬૭. અગમ ઘરની વાતો
૧૬૮. આજે સાહેલી
૧૬૯. ભાગ્ય ભલાં રે
૧૭૦. મસ્તાના મસ્તાના
૧૭૧. ચાલાં આપણા ઘેર રે
૧૭૨. હું પ્રગટ છું અવિનાશી
૧૭૩. તારા દર્શન કરવા
૧૭૪. મારી સ્વયં શાયબી લુંટવા હો
૧૭૫. આજ મારે પરબ્રહ્મ (થાળ)
૧૭૬. અહં ગળે તો
૧૭૭. અમિનાં છાંટણાં રે
૧૭૮. ગુરૂજી ભલે રે પધાર્યા
૧૭૯. આજ સખી રે
૧૮૦. આવાં સંતો નિજ
૧૮૧. જેની દિકરી આંસુડાં
૧૮૨. ગોવિંદના ગુણ ગાવો
૧૮૩. જાણેજો જાણેજો આત્માને
૧૮૪ . હો જેને
૧૮૫. હંસા નિર્ભય રહીયે
૧૮૬. આવો સંતો હરિ ગુણ ગાવા
૧૮૭. અમે ગુરૂ શરણમાં રહીયે
૧૮૮. ભક્તિ વિના ભવ સાગરમાં
૧૮૯. ઓ સદ્‌ગુરૂ દેવ દયાળું
૧૯૦. જેના ઘટમાં સદ્‌ગુરૂ ગાજે
૧૯૧. પ્રગટ જ્ઞાની તણી
૧૯૨. સખી સત્સંગ કેવી રીતે
૧૯૩. આતો સ્વાર્થીયો સંસાર
૧૯૪. દેદાર દશાના સુખ
૧૯૫. હું તો છૂટી રે ગયો
૧૯૬. અલખ ધણીનાં આંણાં રે
૧૯૭. તું જાણી લે હું કોણ
૧૯૮. તુ પોતે પોતાને જાણ રે
૧૯૯. આવી પ્રગટ સ્વરૂપની
૨૦૦. ઘટોઘટમાં બ્રહ્મને
૨૦૧. આવી અદ્‌ભૂત શહેનશાહી
૨૦૨. અમે પ્રગટ સ્વરૂપે રહીયે રે
૨૦૩. વાણી વિનાની વાતો
૨૦૪. અજર અમર શુધ્ધ
૨૦૫. મારા સદ્‌ગુરૂની બલિહારી
૨૦૬. હું સકલ બ્રહ્માંડનો
૨૦૭. મારા ગુરૂજીએ મારેલી
૨૦૮. જેને થયુ સ્વરૂપનું ભાન
૨૦૯. જે દેહ અધ્યાસથી
૨૧૦. બ્રહ્મ સ્વરૂપમાં ભળવું
૨૧૧. જે ઘેર સદ્‌ગુરૂ સંતનાં
૨૧૨. રહેશે આડોને આડો
૨૧૩. જોજે જોજે જીવલડા
૨૧૪. જોજે જોજે આત્મા
૨૧૫. જાણ્યો મે આત્મા
૨૧૬. ચપટી રાખમાં રે
૨૧૭. પ્રભુ કેમ નથી દેખાતો
૨૧૮. અહં મૂકો તો આતમ
૨૧૯. જેને બ્રહ્મ સ્વરૂપનું જ્ઞાન
૨૨૦. સ્વયં સ્વરૂપની સાહયબી




૨૨૧. ગઇયે અલખ પુરૂષનાં ગીત
૨૨૨. સારી દુનિયાનો ઠાકોર
૨૨૩. જેને તું શોધે છે
૨૨૪. પ્રકટ બ્રહ્મ મારા
૨૨૫. શ્વાસો શ્વાસ સ્વયં રહો
૨૨૬. સોહંમ્ શિવોહમ્ જપ્યા કરો
૨૨૭. મને ખબર નથી મારી
૨૨૮. ભજન કથા સત્સંગથી
૨૨૯. ગમે તે વેશ કે વાડા
૨૩૦. ૐ પરમ ગુરૂ પરમાત્મા
૨૩૧. માગે દેવોના દેવ
૨૩૨. નરસિંહ માનવ દેહ ધરી
૨૩૩. નિજ ધામથી નરસિંહ આવ્યા
૨૩૪. ઓ સદ્‌ગુરૂ તારણહાર
૨૩૫. પ્રકટ પુરૂષના દર્શન કરવા
૨૩૬. નિર્વાણ જવાનો આ મારગડો
૨૩૭. આરે સંદેશા આપણા
૨૩૮. અખંડ સ્વરૂપ સુખ ધારા રે
૨૩૯. હું સત્ત ચિત્ત આનંદ રૂપ
૨૪૦. પ્રક્ટયા સ્વયં ભગવાન
૨૪૧. સાધુ પરની પરોજણ ટાળો
૨૪૨. હું ને હું નહિ જાણું
૨૪૩. આવી પ્રકટ સ્વરૂપની વાતો
૨૪૪. પ્રગટ દશાના પરમાત્માને
૨૪૫. સારી દુનિયા નાખી ખુંદી
૨૪૬. આત્મા આત્મા થઇને રહે
૨૪૭. આરે અવસરીયે જેણે આત્માને
૨૪૮. આત્મા શુધ્ધાત્મા થઇને રહે
૨૪૯. આજનો લ્હાવો લીજીયે રે
૨૫૦. આતો અલખનો દરબાર
૨૫૧. જ્ઞાન મારા ગુરૂજીનું ન્યારૂ
૨૫૨. જી રે હંસા નિજ સ્વરૂપે માલ
૨૫૩. કાયાને કોડિયામાં અમર દિવડો
૨૫૪. આત્મા પોતાને જાણ
૨૫૫. જી રે હંસા પોતે પોતાને જાણ રે
૨૫૬. જેને નિજ આત્માને જાણ્યો છે
૨૫૭. આત્મા પ્રગટ રહો
૨૫૮. આજે દિવાળી રે
૨૫૯. પોતે પોતાને જાણો
૨૬૦. તને કહું છું ગુહ્ય જ્ઞાન
૨૬૧. આત્મા થઇને આત્મા નિહાળે
૨૬૨. હું સત ચિત આનંદ રૂપ
૨૬૩. મન વિનાનાં આતમ યોગી
૨૬૪. જો જે જો જે અવસર વીતી
૨૬૫. આત્મા પ્રગટ રહો
૨૬૬. અમે ઇડરીયો ગઢ જીત્યારે
૨૬૭. બ્રહ્મ દશા માણે બ્રહ્મ જ્ઞાનીયો
૨૬૮. જ્યાં પ્રગટ સ્વયં ભગવાન
૨૬૯. આવે કસોટી રે
૨૭૦. દુનિયામાં ડંકો વાગે છે.
૨૭૧. ભજન
૨૭૨. સ્વયં બ્રહ્મ અનાદિ
૨૭૨. ઓ અમર ધામના વસનારા
૨૭૩. સચ્ચિદાનંદ હું આત્મા રે
૨૭૩. પ્રજ્ઞા પ્રગટ રે
૨૭૪. ૐ જય સદ્‌ગુરૂ સ્વામીઃ આરતી
૨૭૫. ૐ જય સદ્‌ગુરૂ દાતાઃ આરતી
૨૭૬. પાંચ પ્રતિજ્ઞાઓ

॥ સત્ પુરૂષને નમકાર ॥

## ૧. ગુરૂ દેવ તમારી જય જય હો.

ગુરૂદેવ તમારી જય જય હો... (૨)

સદ્ગુરૂ તમારી જય જય હો... (૨)

પરમ પુરૂષ તમારી જય જય હો... (૨)

સત્ત પુરૂષ તમારી જય જય હો... (૨)

પ્રગટ પુરૂષ તમારી જય જય હો... (૨)

ત્રિકાળ પુરૂષ તમારી જય જય હો... (૨)

બ્રહ્મ જ્ઞાની તમારી જય જય હો... (૨)

ૐ નમો ભગવતે વાસુદેવાય ।

વાસુદેવાય હરિ વાસુદેવાય ૐ નમો ॥



## ૨. અક્ષરાતિત (પ્રાર્થના)

અક્ષરાતિત અખંડ બ્રહ્મ, પુરણ બ્રહ્મ પરમાત્મા;
કોટિ કોટિ વંદન કરીએ, અખિલ બ્રહ્માંડના આત્મા.

સચ્ચિદાનંદ શુધ્ધ સ્વરૂપ, હે વિશ્વંભર વિશ્વાત્મા;
કોટિ કોટિ વંદન કરીએ, શિવ સ્વરૂપે શિવાત્મા.

શુદ્ધ બુધ્ધ આનંદઘન, હે અનાદિ સિદ્ધાત્મા;
કોટિ કોટિ વંદન કરીએ, અજર અમર પૂર્ણાત્મા.

નિત્યાનંદ નિજાનંદ હે, બ્રહ્માનંદ બ્રહ્માત્મા;
કોટિ કોટિ વંદન કરીએ, ''નરસિંહ'' નિત્ય નિજાત્મા.



## ૩. ગુરૂ વંદના

રાગ : અખંડ સૌભાગ્યવતી.

મારી વૃત્તિ સ્વરૂપમાં લહેરાય, પ્રભુજી એટલું માગુ છું;
દેહાતિત દેદારે સમાય, ગુરૂજી એટલું માગું છું.

મારી અહંતાને મમતા દૂર કરો;
મને નિજ દેદારનું દાન કરો;
મારા અંતરમાં વહો અમૃત ઝરણું, પ્રભુજી એટલું માગુ છું.

મારા પાપો હરો, મારા તાપો હરો;
મને રાગ ને દ્વેષથી મુક્ત કરો;
આપો વિતરાગી પદનું દાન, પ્રભુજી એટલું માગુ છું.

મન-વાણી વિનાનો મહાવીર બનુ;
સંકલ્પ વિકલ્પ વિનાનો સ્વયં રહું;
મારો આત્મા અદ્વૈત પદે રહે, પ્રભુજી એટલું માગુ છું.

અક્ષરાતિત અખંડ બ્રહ્મ રહું;
નિગુર્ણ નિર્વીકાર નિર્લેપ રહું;
દાસ 'નરસિંહ' નિજાનંદે રહે, પ્રભુજી એટલું માગુ છું.



## ૪. ૐ ગુરૂ ગુણપતિ અંતરયામી

રાગ : જય મહાકાળી પાવાવાળી

ૐ ગુરૂ ગુંણપતિ અંતરયામી;
અંતરયામી ગુરૂ મારા, સચરાચર સ્વામી...ૐ ગુરૂ...
અજર અમરને અવિનાશી, સહજાનંદી શુદ્ધ સ્વરૂપી (૨)
દેહાતિત ગુરૂજી વંદન કરીયે... ૐ ગુરૂ...
બ્રહ્માદિક સનકાદિક સરખા, પ્રેમે કરતા ગુરૂની સેવા(૨)
મુક્તિના દાતાર ગુરૂજી, વંદન કરીયે... ૐ ગુરૂ...
સકલતિર્થ છે સદ્ગુરૂ શરણે, વેદો આપે શાખો અમને(૨)
દેવોના દેવ ગુરૂજી, વંદન કરીયે... ૐ ગુરૂ...
અધમ ઉધારણ પતિતપાવન, ભક્તજનોને ભવજળ તારણ;
દિન દયાળું ગુરૂજી, વંદન કરીયે...ૐ ગુરૂ...
સદ્ગુરૂ શરણું જે જન સેવે, જન્મ-મરણનું દુઃખ નહિ તેને(૨)
મોહવિનાશક ગુરૂજી, વંદન કરીયે...ૐ ગુરૂ...
નરસિંહ ગુરૂના ગુંણલા ગાતાં, શ્રુતિ સ્મૃતિ શરમાતાં(૨)
ગુંણાતિત ગુરૂજી, વંદન કરીયે...ૐ ગુરૂ...

## ૫. શ્રી સદ્‌ગુરુ સ્તવન

રાગ : હવે કૃપા કરી.

કોટિ-કોટિ પ્રણામ, મારા પ્રકટ ભગવાન
દયા રે કરીને આપ્યાં દેદાર દાન, હે જી દયા રે....

પાયી ગુરુ ગમ પ્રેમ પિયાલી
ભવ બંધન નાખ્યાં તોડી
આપ્યાં આતમ્ જ્ઞાન, નિજ સ્વરૂપનું ભાન
મારા પ્રગટ ભગવાન, દયા કરી આપ્યાં દેદાર દાન..હે જી..

ચર્મ ચક્ષુનાં પડળ ઉતારી
દિવ્ય સ્વરૂપ જ્યોત જગાવી
આપ્યાં પ્રગટ દેદાર, નિર્ગૂણ નિર્વિકાર
મારા પ્રગટ ભગવાન, દયા કરી આપ્યાં દેદાર દાન..હે જી..

અગમ અગોચર પદ છે નિરાલું
નામ રૂપને ગુણથી ન્યાળું
મોટા મુનિ ધરે ધ્યાન, વેદો ગાવે ગુણવાન
મારા પ્રગટ ભગવાન, દયા કરી આપ્યાં દેદાર દાન..હે જી..

દાસ નરસિંહ પર દયા ખૂબ કીધિ
સત્ સ્વરૂપની શાહીબી દીધિ
ખેલે ખાંડાની ધાર, બેસી પરાની પાર
મારા પ્રગટ ભગવાન, દયા કરી આપ્યાં દેદાર દાન..હે જી..



## ૬. પ્રગટ પુરૂષનાં પૂજન

રાગ : જેના મુખમાં રામનું નામ નથી.

જે સ્વયં સ્વરૂપે પ્રગટ છે એવા પ્રગટ પુરૂષનાં પૂજન છે.
જે દેહ છતાં વિદેહી છે એવા સદ્‌ગુરૂ સંતનાં પૂજન છે.

જે અજર અમર અનાદિ છે,
જે અખિલ બ્રહ્માંડમાં વ્યાપક છે,
જે નિજ સ્વરૂપે નિત્ય છે એવા પ્રગટ પુરૂષનાં પૂજન છે.
જે સ્વયં સ્વરૂપે પ્રગટ....

જે સચ્ચિદાનંદ સ્વરૂપ છે,
જે પૂર્ણ સદા પુરાતન છે,
જે ઘટ-ઘટ ભીતર વ્યાપક છે એવા પ્રગટ પુરૂષનાં પૂજન છે.
જે સ્વયં સ્વરૂપે પ્રગટ....

જે સર્વજ્ઞ સચરા ચર છે,
જે દ્રષ્ટિ પરનો દ્રષ્ટા છે,
જે આદિ અંતથી પર છે એવા પ્રગટ પુરૂષનાં પૂજન છે.
જે સ્વયં સ્વરૂપે પ્રગટ....

દાસ નરસિંહ સ્વરૂપે મસ્ત છે,
જે અકાળ સદા અનાદિ છે,
જે પુરણ બ્રહ્મ પરમાત્મા છે એવા પ્રગટ પુરૂષનાં પૂજન છે.
જે સ્વયં સ્વરૂપે પ્રગટ....



## ૭. તારા સ્વરૂપને તું જાણ

રાગ : તેરે ધ્વારા ખડા ભગવાન.

તારા સ્વરૂપને તું જાણ, હે જીવ કોણ ને ક્યાંથી (૨)
તું જાગીને વિચાર, તારા ઉગડે મોક્ષ દ્વાર;
હે જીવ કોણને ક્યાંથી (૨)... તારા.
પાંચ તત્ત્વનો દેહજ તારો, જુંઠો ને જડ જાણો
મન,બુધ્ધિ,ઈન્દ્રિય પ્રાણો; તેથી તું છે ન્યારો રે (૨)
તું ભૂલી ગયો નિજ ભાન, બનીયો માયામાં મસ્તાન;
હે જીવ કોણને ક્યાંથી (૨)... તારા.
સચ્ચિદાનંદ સ્વરૂપને ભૂલી, ભૂત થઇ કયાં ભમતો
દેહ તણા અધ્યાસો બાંધી, દુઃખમાં ગયો ડૂબી રે... (૨)
તું મૂકી દે દેહના કોડ, તો તું પામે પદ અજોડ
હે જીવ કોણને ક્યાંથી (૨)... તારા.
ભેદ જ્ઞાનની ભક્તિ કરતાં, કંઇક જનમ વિતાવ્યા
દેહાધ્યાસની ભક્તિ એતો, એકડા વિનાના મીંડારે..(૨)
તું લે જે સદ્‌ગુરૂ શાન, તુંજને થાયે તારુ ભાન;
હે જીવ કોણને ક્યાંથી (૨)... તારા.
અજર અમર તું અવિનાશી શુદ્ધ સ્વયં પ્રકાશી
નરસિંહ નિજ સ્વરૂપને જાણી, જન્મ મરણ દે ટાળી રે (૨)
તું નિર્ભય નિર્વીકાર, વ્યાપક સઘળે બ્રહ્મ અપાર
હે જીવ કોણને ક્યાંથી (૨)... તારા.



## ૮. બહાર ભટકવા જઈશ મા

રાગ : જેવો તેવો પણ તારો.

શોધી લે નિજ આત્મા, બીજું કાંઇ શોધમાં;
કાયા કેરા કોટમાં, બીજું કોઇ શોધમાં;

જુંઠા જગના જુંઠા દાવા, છોડી બેસો અંતર ઝીલવા;
ઘટમાં વહેતી ગંગા, બહાર ભટકવા જઈશ મા.
શોધી લે નિજ આત્મા....

મૃગ નાભિમાં ભરી કસ્તુરી, શોધે જગમાં ઘાસ જ ગંદી
કરીલે શુદ્ધજ્ઞાન ચેતના, બહાર ભટકવા જઈશ મા
શોધી લે નિજ આત્મા....

કાષ્ટમાં જેમ અગ્નિ છૂપો,
પુષ્પમાં જેમ સુંવાસ સૂંઘો;
તેમ આતમ જાણજે તુંજમાં, બહાર ભટકવા જઈશ મા
શોધી લે નિજ આત્મા....

નરસિંહ સદ્‌ગુરૂ શાને સમજી
સચ્ચિદાનંદ સ્વારૂપને પરખી;
રહેજે નિજ સ્વરૂપમાં, બહાર ભટકવા જઈશ મા.
શોધી લે નિજ આત્મા....

## ૯. આપણા અલખનાં છોરુ

રાગ : જોડે ના બેસીયે વીરા.

આપણ અલખનાં છોરુ, કાયા માયાનું છોરુ,
સંગેના રહીયે... આપણ....

સંગેના રહીયે વિરા, સ્વરૂપે રહીયે; આપણ....

કાયા જન્મેરે કાયા, આવેને જાવે,
તેના સંગાથે શીદને, ફરીયે ઓ વિરા મારા,
સંગેના રહીયે... આપણ....

અખંડ અવિનાશી નિજ, સ્વરૂપ ચૂકી ને,
અવિધ્યાના ચાકડે ના, ચડીયે ઓ વિરા મારા,
સંગેના રહીયે... આપણ....

અજર અમર બ્રહ્મ, સ્વરૂપે ઠરીને,
કાળનાં ઉતારીયે, પાણી ઓ વિરા મારા;
સંગેના રહીયે... આપણ....

દાસ નરસિંહ સદ્ ગુરૂજીના શરણે,
નિજ દેદારે ડૂંબી, રહીયે ઓ વિરા મારા;
સંગેના રહીયે... આપણ....



## ૧૦. આજ રે ગુરૂજી મૂંજને

રાગ : જય મહાકાળી પાવાવાળી.

આજરે ગુરૂજી મૂંજને શાને સમજાવ્યો
અવિધ્યાનો પાટો મારો
છોડ્યો ગુરૂજી મૂંજને, શાને સમજાવ્યો;.. આજરે...

અમૃત રસ કેરો પ્યાલો રે પાયો
ત્રિવિધી તાપ મારો
ટાળ્યોં ગુરૂજી મૂંજને, શાને સમજાવ્યો;.. આજરે...

દેહ નહિ રે મૂંજને દેહાતિત કિધો
મ્યાન તલવાર જેમ
ન્યાળો ગુરૂજી મૂંજને, શાને સમજાવ્યો;.. આજરે...

અજર અમર બ્રહ્મ સ્વરૂપ સમજાવ્યું
દૃષ્ટિનો દૃષ્ટા
દરશાયો ગુરૂજી મૂંજને, શાને સમજાવ્યો;.. આજરે...

દાસ નરસિંહ સદ્‌ગુરૂજીના શરણે
નિજ દેદાર દર્શન
પાયો ગુરૂજી મૂંજને, શાને સમજાવ્યો;.. આજરે...



## ૧૧. સદ્‌ગુરૂ એ આપ્યાં રૂડાં જ્ઞાન

રાગ : ઉંચી નીચી સરોવરીયાની પાળ.

સદ્ ગુરૂ એ આપ્યાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઇ
સદ્ ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન...
જ્ઞાને રે નિહાળ્યાં નિજ રૂપ ને હોજી....
કાયાગઢનાં ખૂલ્યાં રે કમાડ, સંતો રે ભાઇ (૨)
ઓળખાણો કરાવી અમર લોકની હો જી,
સદ્‌ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ
ગુરૂગમના ઉડયારે ગુલાલ, સંતો રે ભાઇ (૨)
મનવો રંગાયો બ્રહ્મ રંગમાં હો જી,
સદ્‌ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ
જડ દેહના છૂંટયારે ગુમાન, સંતો રે ભાઇ (૨)
ચેતન સ્વરૂપમાં શુરતી મલી હો જી,
સદ્‌ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ
પીયુ સંઘે પરણે માણે માંજ, સંતો રે ભાઇ (૨)
કુંવારી બાળે કૂણાં કાળજાં હો જી
સદ્‌ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ
દુંબળા દિલના દુબળા જન હોય, સંતો રે ભાઇ (૨)
દેદાર દરિયા ઝીલે નહિ હોજી
સદ્‌ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ
શુંરા પુરાને ચડે સાચો રંગ, સંતો રે ભાઇ (૨)
માથારે મૂકીને માંજો કરે હો જી
સદ્‌ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ
દાસ નરસિંહ ગુરૂ ગમે ગાય, સંતો રે ભાઇ (૨)
દેહોની દલાલી દેહોમાં મલ્યા હો જી
સદ્‌ગુરૂ એ આપેલાં રૂડાં જ્ઞાન; સંતો રે ભાઈ



## ૧૨. આજ મારાં દેદાર દરસ્યાં રે હો

રાગ : ભાગ્ય મારાં ભલાં જાગ્યાં રે હો.

આજ મારાં દેદાર દરસ્યાં રે હા.... હો....
હેજી મારા સદ્‌ગુરૂના પ્રતાપ મારા વિરારે
પુરારે પદ પાયા.... આજ....
હે જી મારા પુરા ગુરૂ પ્રતાપ મારા વિરારે
પુરારે પદ પાયા.... આજ....
ગુરૂ દેવે દયા કિધી રે હા... હો....
હે જી બતાવ્યો મૂળ મુકામ મારા વિરા રે
પુરારે પદ પાયા.... આજ....
કાયા માયાની પાર બ્રહ્મ રે હા... હો...
હે જી પદએ બાવન બ્હાર મારા વિરા રે
પુરારે પદ પાયા.... આજ....
જન્મ-મરણ ત્યાં વ્યાપે નહિ રે હા.... હો....
નહિ કાળનો માર માર વિરા રે
પુરારે પદ પાયા.... આજ....
દાસ નરસિંહ દેદાર ડૂંબે રે હા.... હો....
પાવે પદએ નિરવાણ મારા વિરારે
પુરારે પદ પાયા.... આજ....

## ૧૩. હે જી ભેટયા દેવોના દેવ

રાગ : ભાગ્ય મારાં ભલાં જાગ્યાં રે હો.

આજ મૂંજને અલખ ભેટયા રે હા... હો....
હે જી ભેટયા દેવોના દેવ મારા વિરા રે
અલખ જોગી.... આજ મૂંજને...

ગુરૂ દેવે ગમ આપી રે હા... હો....
હે જી ઓળખ્યો આત્મા અભંગ મારા વિરા રે
અલખ જોગી.... આજ મૂંજને...

અજર અમર જુંના જોગી રે હા... હો....
હે જી પરખે પુંરા ગુરૂનાં બાળ મારા વિરા રે
અલખ જોગી.... આજ મૂંજને...

નથી જનમ્યોં કે નથી મરતો રે હા... હો....
હે જી નથી આવ્યો કે જનાર મારા વિરારે
અલખ જોગી.... આજ મૂંજને...

સચરાચરમાં સભર ખેલે રે હા... હો....
હે જી નરસિંહ નિરખી થઇ ગયો ન્યાલ મારા વિરારે
અલખ જોગી.... આજ મૂંજને...



## ૧૪. તું ભરી જાને બ્રહ્મમાં

રાગ : રંગાઇ જાને રંગમાં.

તું ભરી જાને બ્રહ્મમાં, તું ભરી જાને બ્રહ્મમાં
ગુરૂ દેવતણા સત્‌સંગમાં, તું નિરખને ઘટઘટમાં
તું ભરી જાને બ્રહ્મમાં...

જીવ થઇ તું જગમાં ભટકે, સુખ શોધે છે પરમાં
નથી સુખ પરમાં, સુખ સ્વરૂપમાં(૨)
શીદને ભટકે ભવમાં... તું ભરી જાને...

નથી તું દેહ, નથી તું દેહી, તું છે દેવ આ દેહમાં
નથી તું જીવ, તું છે શિવ (૨)
સર્વજ્ઞ રમતો સૌ માં... તું ભરી જાને...

અજર અમર તું છે આતમ, ઠરી જાને નિજરૂપમાં
સચ્ચિદાનંદ સ્વરૂપ તારૂ (૨)
વ્યાપક ચૌદે ભુવનમાં... તું ભરી જાને...

નરસિંહ નિજ સ્વરૂપે રહીને, નિર્ભય માંજો માણો
પ્રકટ પદને પરખી લઇને (૨)
માલો સદા મહા પદમાં.. તું ભરી જાને...



## ૧૫. હંસા પ્રગટ દશા પુરાં સંતની

રાગ : હંસા નયન ઠરે ને નાભી હસે.

હંસા પ્રગટ દશા રે પુરા સંતની,
શુદ્ધાત્મા સ્વયં ભગવાન, પ્રગટ દશા સંતની... હંસા.

હંસા દેહ રે વિનાની દેદાર દશા,
પામે લાખ કરોડે કોક, પ્રગટ દશા સંતની... હંસા.

હંસા અદ્વૈત સ્વરૂપે અંખડ રહે,
જેના હૈયે હરિ પ્રક્ટયા હજુર, પ્રગટ દશા સંતની... હંસા.

હંસા પરોક્ષના પારિયા પૂંજે નહિ,
દૈતના ડુંગરે કરે નહિ વાસ, પ્રગટ દશા સંતની... હંસા.

હંસા હોમ હવન હજ કોનાં કરે,
જેના સ્વયં સ્વરૂપે વાસ, પ્રગટ દશા સંતની... હંસા.

હંસા ભૂપ રે હોય તો ભીખ માગે નહિ,
ભીખ માગે તો જાણીયે ભાંડ, પ્રગટ દશા સંતની... હંસા.

હંસા દાસ નરસિંહ દેહાતિત રહે,
જેવી મ્યાન વિનાની તલવાર, પ્રગટ દશા સંતની... હંસા.
હંસા પ્રગટ દશા પુંરા સંતની.



## ૧૬. હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું

રાગ : જેના મુખમાં રામનું નામ નથી.

હું શુદ્ધાત્મા સનાતન છું, હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું,
હું અજર અમર અનાદિ છું;
હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું... હું શુદ્ધાત્મા...

હું પૂર્ણ મિદમ્ સદા પૂર્ણ છું, હું સ્વયંપ્રકાશી સર્વાત્મા છું.
હું પૂર્ણ બ્રહ્મ પરમાત્મા છું;
હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું... હું શુદ્ધાત્મા...

હું મુક્તાત્મા સદા મુક્ત છું, હું નિગૂર્ણ નિર્વીકાર જ છું.
હું અકાળ અવિચળ આત્મા છું;
હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું... હું શુદ્ધાત્મા...

હું અખિલ બ્રહ્માંડનો પ્રકાશક છું, હું પ્રકટ સદા પુરાતન છું
હું વિશ્વંભર વિશ્વાત્મા છું;
હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું... હું શુદ્ધાત્મા...

'દાસ નરસિંહ' સ્વરૂપ મસ્ત છું હું અલખ નિરંજન આત્મા છું
હું સર્વજ્ઞ સચરા ચર છું;
હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું... હું શુદ્ધાત્મા...

## ૧૭. પ્રકટ સ્વરૂપમાં હો

રાગ : હરિના નામનો હો.

પ્રગટ સ્વરૂપમાં હો, પુરા સંત માલતાં;
સ્વયં સ્વરૂપમાં હો, શુરા સંત માલતા.

હું ને મારૂ હોમતા, તુંનાં તિમિર ટાળતા;
ભીતર ભાણ ઉગે, ચૌદ લોકે ભારતા.

પૂર્ણ પ્રકાશમાં હો, પુરા સંત માલતા;...પ્રકટ...

વધે કે ઘટે નહિં. ખર્ચ્યું કદિ ખૂટે નહિ;
પૂર્ણમિદમ્ પૂર્ણ સદા, અલ્પ કદિ થાય નહિ.

અખંડ સ્વરૂપમાં હો, પુરા સંત માલતા;.... પ્રકટ....

નરસિંહ નિજાનંદે રહે ધારાના ધોધ વહે
દ્વૈતનો દાટ વાળી અદ્વૈત સ્વરૂપે રહે

નિજ દેદારમાં હો, પુરા સંત માલતાં;... પ્રકટ



## ૧૮. હેલી પ્રગટની વાતો

રાગ : હેલી આરે ચોગડીયા લાભનાં.

હેલી પ્રગટની વાતો દુનિયા શું જાણે
નેતિ નેતિ ગાવે વેદ વાણી રે, પુંરાણ ભરે પાણી રે
દુનિયા શું જાણે. હેલી...

હેલી સ્વયં સ્વરૂપની સ્વયં ધારા
સ્વયં શિવ સ્વરૂપે ઉભરાણી રે, પરાપાળની લ્હાણી રે
દુનિયા શું જાણે. હેલી...

હેલી અદ્ભૂત દશા રે અદ્ભૂત ધારા
હિમાલય જેવા જાય ડોલી રે, બ્રહ્માંડ નાખ્યાં ફોડી રે
દુનિયા શું જાણે. હેલી...

હેલી દેહ રે વિનાની દુર્લભ દૌલત
આતો માંથા વિનાની કમાણી રે, મરજીવે માંજે માંણી રે
દુનિયા શું જાણે. હેલી...

હેલી વિનારે ઇંધણ ભાવ ભભૂંકી રહ્યો
વિના તેલની અખંડ જયોતિ રે, નરસિંહ લાવ્યો ગોતી રે
દુનિયા શું જાણે. હેલી...



## ૧૯. ગુરૂજીના જ્ઞાન હૈયે ધરીયે રે

રાગ : તારી રે આશાએ અમે રહીએ રે જગમાં.

ગુરૂજીના જ્ઞાન હૈયે ધરીયે રે, બ્રહ્મ ખેલે બ્રહ્માંડે;
દેહ મૂકીને દેદારે રહીયે રે, બ્રહ્મ ખેલે બ્રહ્માંડે.

સદ્ગુરૂ અંતર જયોતિ જગાવી
અવિદયા પડળ દીધાં હટાવી

નિજ સ્વરૂપે ઠરીયે રે, બ્રહ્મ ખેલે બ્રહ્માંડે; ગુરૂજીનાં...

દ્રષ્ટિની પાછળ દ્રષ્ટા છે ઉભો
દેહની પાછળ દેવ મેં દીઠો

નયનાં ખોલીને ન્યાલ થઇયે રે બ્રહ્મ ખેલે બ્રહ્માંડે; ગુરૂજીનાં...

ઘાટની પાછળ અઘાટી છે ઉભો
કનક કુંડલ ના ભાગ્ય છે ભેદો

અવઘટ ઘાટે રહીયે રે, બ્રહ્મ ખેલે બ્રહ્માંડે; ગુરૂજીનાં...

દાસ નરસિંહ સદ્ગુરૂજીના જ્ઞાને
બ્રહ્મ વિના બીજાું કોઇના ભાળે

પ્રકટ પદમાં રહીયે રે, બ્રહ્મ ખેલે બ્રહ્માંડે; ગુરૂજીનાં...



## ૨૦. પ્રગટ ખેલે નર બંકા

રાગ : કહ્યું માનીને હવે જાગો રે સંતો.

પ્રગટ ખેલે નર બંકા રે સાધુભાઇ, પ્રગટ ખેલે નર બંકા,
ચૌદે ભુવનમાં નિર્ભય ખેલે(૨)
નિર્ભય વાગે જેના ડંકારે, સાધુભાઇ.
પ્રગટ ખેલે નર બંકા....

કાયામાયાથી પર થઇ ખેલે, અધ્વૈત અખંડ ધારા,
સ્વયં પદમાં હરદમ માલે (૨)
નિર્ગુણ નિર્વીકારા રે, સાધુભાઇ
પ્રગટ ખેલે નર બંકા....

ચંદા સૂરજ આરતિ ઉતારે, ઉતારે નવલખ તારા
દેવી દેવતા દર્શને આવે(૨)
નિર્લેપ નિરાધાર રે સાધુભાઇ
પ્રગટ ખેલે નર બંકા....

મૃત્યુને મારી અભય પદ પાયા, જખ મારે જમ કાળા
દાસ નરસિંહ નિજ દેદારે (૨)
સભર સ્વરૂપ હમારા રે સાધુભાઇ
પ્રગટ ખેલે નર બંકા....

## ૨૧. આતમનું અજવાળું

રાગ : દિવડા વિનાનું અંધારું.

આતમનું અજવાળુ મંદેરિયામાં, આતમનું અજવાળુ
તમે જુવોને સ્વરૂપ તમારું, મંદેરિયામાં આતમનું અજવાળુ
સ્થૂલ સૂક્ષ્મને કારણ માંહી આતમનું અજવાળું... આતમનું.

પરા પશ્યન્તિ મધ્ય વૈખરીમાં વરસે(૨)
તાંય બાવનથી બારૂ, મંદિરયામાં આતમનું અજવાળું... આતમનું.

શિવ સનકાદિક ધ્યાન ધરે છે બ્રહ્મા એ વેદમાં વખાણું
વિષ્ણું વ્યાપક પદમાં રહીને (૨)
સ્વયં પદ શોભાયુ, મંદિરયામાં આતમનું અજવાળુ... આતમનું.

વૃક્ષમાં બીજ, બીજમાં વૃક્ષ, છતાંય તત્ત્વ નિરાલું
પરમતત્ત્વ કોઇ વિરલા પરખે (૨)
જેનું ખુલ્યું અંતરનું તારું, મંદિરયામાં આતમનું અજવાળુ... આતમનું.

શુરાને શુરાતન ચડે, સતિને સત્ય ચડવાનું
નુંગરા નરને બોધના લાગે (૨)
શઠને શું કહેવાનું, મંદિરયામાં આતમનું અજવાળુ... આતમનું.

બ્રહ્માંડ આખું બ્રહ્મથી ગાજે, ઠામ નહિ કોઇ ઠાલું
ગુરૂ ગમી કોઇ પ્રકટ પરખે (૨)
દાસ નરસિંહનું નજરાણું મંદિરયામા... આતમનું.



## ૨૨. કોઇ ઘેલી રે દુનિયાને

રાગ : અમે નિસરણી થઇને જગમાં ઉભારે.

કોઇ ઘેલી રે દુનિયાને ઘરે લાવા રે,
ઓળખાવો એને આત્મા હો જી,
પેલા ભૂલ્યા ને મારગડા બતલાવો રે... ઓળખાવો.
કાયા ગઢને દેવ ભૂલીજી,
દુનિયા રહી પથરાને પૂંજે,
પોને ડૂબે તે કેમ કરીને તારે રે... ઓળખાવો.
ભૂખ્યાને નહિ ભોજન આપે,
પથ્થર આગળ પકવાન ધરે,
કહો પથરા પકવાન કેમ ખાશે રે... ઓળખાવો.
જડ ચરણે માથું મૂકે,
ચેતનથી વેર બાંધે,
કહો કયારે જુગોનાં ભાગ્ય એનાં જાગે રે... ઓળખાવો.
મા-બાપની સેવા ન કરતો,
ન બોલવાના બોલ,
મુવે હાડ ગંગામાં પધરાવે રે... ઓળખાવો.
શ્રાધ્ધ કરેને કાગ બોલાવે રે,
મુંવા મા-બાપની કરણી માટે,
હેજી પિતા કાગડોને પુત્ર પંથે જાપ... ઓળખાવો.
સકલ જગ એક બ્રહ્મ રમતોજી,
ભેદિ લોકો ભૂલ્યા ભમતા,
''નરસિંહ'' સત્તના મારગડા બતલાવો રે... ઓળખાવો.



## ૨૩. જેન ગુરૂજી મલ્યા બ્રહ્મ જ્ઞાની રે

રાગ : અમે નિસરણી થઇને જગમાં ઉભારે.

જેને ગુરૂજી મલ્યા બ્રહ્મ જ્ઞાની રે,
પુરાંરે તકદીર જાણીયે હો જી,
જેની વૃત્તિ અખંડ સ્વરૂપે ધ્યાની રે,
છેલ્લારે ફેરા જાણીયે હો જી... જેને.

દેહભાવ છૂંટયો જેનો ભવ રોગ મટયો એનો,
જેના જીવ-શિવના ભેદ ભાગ્યારે,
પુરારે તકદીર જાણીયે હો જી... જેને.

જગથી ઉપરામ વૃત્તિ, હરદમ તૂર્યામાં શુંરતી,
જે દેહ છતાંય વિદેહી રે,
પુંરારે તકદીર જાણીયે હો જી... જેને.

સચ્ચિદાનંદ સ્વરૂપ પાતાં, જન્મ મરણ ટળી જતાં,
નરસિંહ નિર્ભય પદને પાતાં રે,
પુંરારે તકદીર જાણીયે હો જી... જેને.



## ૨૪. મારા ગુરૂએ ઓળખાવી મને

રાગ : મેં તો પહેરી લીધો ચૂડલો તારો રે હરિ.

મારા ગુરૂએ ઓળખાવી મને, આતમ મણી (૨)
નથી રે નજર મારી, કાયા રે ભણી (૨)

સદ્દગુરૂ દેવે પાઇ પ્રેમ પિયાલી, અમર પિયાલી
મારા હૈયામાં ખુમારી, એની રે ચડી (૨)
નથી રે નજર મારી, કાયા રે ભણી. મારા....

અજરા અમર જાણી, આતમ મણી, ચેતન મણી,
જુઠી કાયા માયાની મેં તો, હોળીયો કરી (૨)
નથી રે નજર મારી, કાયા રે ભણી. મારા....

શસ્ત્રોના છેદ એને અગ્નિના બાળે, અગ્નિના બાળે,
એને જળના ભીંઝાવે, વાયુ સૂકવેના કદિ (૨)
નથી રે નજર મારી, કાયા રે ભણી. મારા....

ઘટો ઘટમાં જોઇ, આતમ મણી, અખંડ મણી
હું તો હરદમ મસ્તાનો, નથી જગની પડી (૨)
નથી રે નજર મારી, કાયા રે ભણી. મારા....

ધન્ય ધન્ય ભાગ્ય મલ્યા ગુરૂ બ્રહ્મ જ્ઞાની, પૂરા બ્રહ્મ જ્ઞાની
દાસ નરસિંહને શાયબી, સાચી રે મળી (૨)
નથી રે નજર મારી, કાયા રે ભણી. મારા....

## ૨૫. આજુંનો દિન મારે

રાગ : મેં તો પહેરી લીધો ચૂડલો તારો રે હરિ.

આજુંનો દિન મારે, ઉગ્યોરે અજોડ (૨)
ભેટચારે અલખ એ, ઘડીયો અણમોલ (૨)

જગતનું સ્વપ્નું, ગયું રે સમાઇ, ગયું રે સમાઇ
જાગી જીવન જ્યોત, એતો, અખંડને અડોલ (૨)
ભેટયા રે.... આજું નો......

દેહથી ન્યાળાં મેં, નિરખ્યાં દેદારને (૨)
મારી વૃત્તિ સ્વરૂપમાં, કરે રે કિલોલ (૨)
ભેટયા રે.... આજું નો......

ધારાના ધોધ મારે, હૈયે રે ઉભરાણા (૨)
તેનું સુખ છે અણતોલ, બની વાણીરે અબોલ (૨)
ભેટયા રે.... આજું નો......

રોગ ગયો, ભોગ ગયો, કાળ ગયો ભાગી (૨)
નરસિંહ થયું નિજ ભાન, હવે ચૂકું નહિ દોર (૨)
ભેટયા રે અલખ એ ઘડીયો અણમોલ
ભેટયા રે.... આજું નો......



## ૨૬. મન મત બનો મારી હેલી

રાગ : આતમ મણી ઓળખાણી.

મન મત બનો મારી હેલી સવાગણ,
મન મત બનો મારી હેલી....

જાઓ મૂળ સ્વરૂપમાં મળી સવાગણ,
મન મત બનો મારી હેલી... મન મત...

મન રહિત થઇ મહાપદે માલો, જમડા ભરે જ્યાં પાણી,
અવિચળ પદ હૈ આપણાં હેલી (૨)

કયાં ભૂલે મત વાલી સવાગણ,
મન મત બનો મારી હેલી... મન મત...

કાયા કર્મ વ્યાપે નહિ, નહિ રોગ ભોગની કહાણી,
હર્ષ શોક કયાં કરે હેલી (૨)

નહિ લાભ નહિ હાની સવાગણ,
મન મત બનો મારી હેલી... મન મત...

દેવિ દેવતા દુભાવે નહિ, કાળ શકે નહિ ઘેરી,
નરસિંહ મસ્ત બની ગયો હેલી (૨)

ગુરૂ મલ્યા બ્રહ્મજ્ઞાની સવાગણ,
મન મત બનો મારી હેલી... મન મત...



## ૨૭. દેહ છતાં વિદેહી મારા

રાગ : હવે ફરી નહિ આવું મારા હરિજનો.

દેહ છતાં વિદેહી મારા હરિજનો, દેહ છતાં વિદેહી રે હે હેજી.
મરણ પહેલાં મૃત્યુને મારી (૨)
કાળનાં ઉતાર્યાં પાણી મારા હરિજનો... દેહ છતાં વિદેહી...

અજરા અમર આતમ જાણી, જીવતા મુક્તિ માણીરે હે હેજી
અટલ પદમાં સ્થિર થઇ ને (૨)
અંતર જયોત જગાવી મારા હરિજનો... દેહ છતાં વિદેહી...

દેહ અધ્યાસની બેડીયો તોડી, ભેદ મેલ્યા ભભૂંકાવી રે હે હેજી
નામ રૂપને ફૂંકી દઇને (૨)
બેઠા અગમ ગઢ ઘેરી મારા હરિજનો... દેહ છતાં વિદેહી...

નહિ એ કર્તા નહિ એ ભોક્તા, નહિ એ ભોગી કે રોગી રે હે હે હેજી
જલ કમલ વૃત્ત જગમાં રહેતા (૨)
નિસ્પૃહ નિર્વીકારી મારા હરિજનો... દેહ છતાં વિદેહી...

નરસિંહ નિજ પદ વિરલા પાવે, પાવે તે ફરે નહિ આવે રે હે હેજી
શુંરા પુંરા કોઇ પદ એ પાવે (૨)
જેને ગુરૂ મલ્યા બ્રહ્મ જ્ઞાની મારા હરિજનો... દેહ છતાં વિદેહી...



## ૨૮. મંગલ દ્વારશી મહામંત્ર

રાગ : માનસી થાળ.

ૐ નમો ભગવતે વાસુદેવાય ૐ
**ન**ર દેહધરી કરો, હરિનું ભજ**ન**
**મો**હ અને માયા મૂકો ક્રોધ મૂકો કાર**મો**
**ભ**ક્તિના ભંડાર ભરતાં, મુક્તિનો થાયે લા**ભ**
**ગ**રજું થઇ સદ્‌ગુરૂને સેવો, હૈયે ભરો વૈરા**ગ**
**વ**શ કરજો વૃત્તિ, સુધારજો સ્વભા**વ**
**તે**જના ભંડાર હરિ, સચરાચર વ્યાપક **તે**
**વા**ણી વેદની વિચારો, હરિને પામ**વા**
**સુ**ખ આપે સદ્‌ગુરૂ લૂંસે ભવનાં આં**સુ**
**દે**દાર દરશાવે ગુરૂ, નામ રૂપને ફૂંક **દે**
**વા**ણી પરની ૐ, જપો ભવ છેદ**વા**
**ય**જ્ઞ પુરૂષ હરિ, વરસે ઘટોઘટ માં**ય**
ૐ નમો ભગવતે વાસુદેવાય ૐ

## ૨૯. અલખ ફકીરી મેં તો ગુરૂ ગમે લીધી

રાગ : રામ સભામાં અમે રમવાને ગ્યાંતા.

અલખ ફકીરી મેં તો ગુરૂ ગમે લીધી
ફીકરીની ભરી મેં તો ફાકી, ફકીરી મેં તો ગુરૂ ગમે લીધી
અલખ ફકીરી મેં તો....

તૃષ્ણા તરીયાને મેં તો પીયર વળાવી
માયાને પરિવાર મૂંક્યો વારી, ફકીરી મેં તો ગુરૂ ગમે લીધી
અલખ ફકીરી મેં તો....

સત્યની સાદર ગુરૂગમ, ધેરૂથી રંગી
અદ્વૈત દંડો કરમાં ઝાલી, ફકીરી મેં તો ગુરૂગમે લીધી
અલખ ફકીરી મેં તો....

નિજ લક્ષ્યની મેં તો, લંગોટી પહેરી
કેવલ કમંડળે વૃત્તિ ધારી, ફકીરી મેં તો ગુરૂગમે લીધી
અલખ ફકીરી મેં તો....

સ્વરૂપ દૂંશાલે નરસિંહ સુખીયો સદાનો
મહાપદમાં મઢિયો હમારી ફકીરી મેં તો ગુરૂ ગમે લીધી
અલખ ફકીરી મેં તો....



## ૩૦. જ્ઞાન ગુલાલો ગુરૂ ગમના

રાગ : રામ સભામાં અમે રમવાને ગ્યાંતા.

આજ ઉડચારે સખી જ્ઞાન ગુલાલો
જ્ઞાન ગુલાલો ગુરૂગમના ગુલાલો
ઉડ્યારે સખી જ્ઞાન ગુલાલો. આજ....

સદ્‌ગુરૂ મલીયા મારા સંશય ટરીયા
ભ્રાન્તીના ખૂલ્યા મારાં તારાં
ઉડ્યારે સખી જ્ઞાન ગુલાલો. આજ....

અંતર રંગાણું મારૂ બ્રહ્મ સ્વરૂપમાં
આનંદની ઉડે મારે છાંળો
ઉડ્યારે સખી જ્ઞાન ગુલાલો. આજ....

અનેક ટળ્યાને મારે એક ઓળખાંણા
એકમાં અનેક સમાયા
ઉડ્યારે સખી જ્ઞાન ગુલાલો. આજ....

દાસ નરસિંહ બેઠા સદ્‌ગુરૂ શરણે
મુક્તિના મારગ અમને મલીયા
ઉડ્યારે સખી જ્ઞાન ગુલાલો. આજ....



## ૩૧. સ્વરૂપ સમજાણું મૂજને

રાગ : રામ સભામાં અમે રમવાને ગ્યાંતા.

સ્વરૂપ સમજાણું મૂજને સદ્‌ગુરૂ શરણે
સુખના સાગર મારે હૈયે સોહાગી શૂબો
ગુરૂએ ઓળખાયા. સ્વરૂપ....

તપરે કરતાં મારાં તનડાં સુંકાણાં
વૃત્તોમાં વર્ષો ગૂમાવ્યાં સોહાગી શૂબો
ગુરૂએ ઓળખાયા. સ્વરૂપ....

તિર્થે ફરવાની મારે ટેકોરે ઝાઝી
તાંય ત્રિકમ નયને ના આવ્યા સોહગી સૂબો
ગુરૂએ ઓળખાયા. સ્વરૂપ....

દયાના સાગર જ્યારે સદ્‌ગુરૂ મલીયા
તિમિર ટળ્યાને વાયાં વાહણાં સોહગી સૂબો
ગુરૂએ ઓળખાયા. સ્વરૂપ....

ભ્રાન્તી ભાગીને બ્રહ્મ સ્વરૂપ સમજાવ્યું
નિજ સ્વરૂપ ઓળખાયાં સોહગી સૂબો
ગુરૂએ ઓળખાયા. સ્વરૂપ....

નરસિંહ વગાડે આજે નિર્ભય નગારાં
અલખ પુરૂષના અખારે સોહાગી સૂબો
ગુરૂએ ઓળખાયા. સ્વરૂપ....



## ૩૨. ઓ જીવલડા જાગી જો

રાગ : ઓ જીવલડા જીવનમાં શું લઇ જશો.

ઓ જીવલડા જાગી જો તું કોણ છે;
કોણ છે કયાંથી અહીં આવેલ છે.
ઓ જીવલડા....

પાંચ તત્ત્વનો દેહ તારો અંતે નાશ જ થાય છે;
તેને જાતે માનીને તું જન્મોથી અથડાય છે.
ઓ જીવલડા....

દેહ જન્મે દેહ મરે તું દેવાધિ દેવ છે;
સ્થૂલ સક્ષ્મને કારણ માંહી તારો જ પ્રકાશ છે.
ઓ જીવલડા....

અજર અમરને અનાદિ આત્મા તું અખંડ છે;
ભૂલીને નિજરૂપને શીદ જડમાં પુરાય છે.
ઓ જીવલડા....

સદ્‌ગુરૂ શરણે નરસિંહ ભણે, જાગે તો તું ધન્ય છે;
નહિતો અંતે અમૂલ્ય હિરલો, હાથથી ખોવાય છે.
ઓ જીવલડા....

## ૩૩. દેહ અધ્યાસની બેડી

રાગ : સદ્દગુરૂ આદિ અનાદિ.

દેહ અધ્યાસની બેડી મરજીવા એ તોડી
માયા તણીએ યારી મરજીવાએ તોડી

તન મન ધન સદ્ગુરૂને સાંપી
સદ્ગુરૂ વચને શુરતાને સાંધી
અવિદ્યાની હાંડી ફોડી, મરજીવાએ તોડી. દેહ...

સ્થુલ સુક્ષ્મને કારણ છોડી
દેહ મૂકી નિજ દેદારે માલી
અગમ ઘર નાખ્યાં ખોલી મરજીવાએ તોડી. દેહ...

દાસ નરસિંહ કહે સંત કોઇ શુરા
આપે આપમાં ભરે કોઇ પુરા
જન્મ મરણની ફેરી મરજીવાએ તોડી. દેહ...



## ૩૪. નિશ્ચય થયૂં નિજરૂપ

રાગ : ભક્તોના હૈયાનો હાર.

નિશ્ચય થયું નિજરૂપ મૃત્યું ફેરા ફરે છે,
સચ્ચિદાનંદ સ્વરૂપ મૃત્યું ફેરા ફરે છે.

દેહ દુનિયાને દૂર કરીને,
સ્વરૂપમાં થઇયે તદ્રૂપ, મૃત્યું ફેરા ફરે છે.
નિશ્ચય થયું નિજરૂપ...

અખંડને અવિનાશી જયાં આત્મા,
ત્યાં કાળ બીચારો કોણ, મૃત્યું ફેરા ફરે છે
નિશ્ચય થયું નિજરૂપ...

બાળ યોવન વૃધ્ધ પણ નહિ,
ત્રિકાળ એકનો એક, મૃત્યું ફેરા ફરે છે.
નિશ્ચય થયું નિજરૂપ...

નામ રૂપ ગૂણની ગ્રંથીયોદ છેદતાં,
નરસિંહ ચમકયું સ્વરૂપ, મૃત્યું ફેરા ફરે છે.
નિશ્ચય થયું નિજરૂપ...



## ૩૫. હું તો મસ્ત રહું અલખમાં

રાગ : કાયા નગરીના દરવાજે.

હું તો મસ્ત રહું અલખમાં, દુનિયા શું જાણે એ રમતમાં
ખેલું ન્યાળો થઇને ખલકમાં, દુનિયા શું જાણે એ રમતમાં

વ્યાપી બ્રહ્મ તણી ખુમારી
હરદર ઉરમાં લાગી તાલી
નાચું નિજ પદની ઝલકમાં, દુનિયા શું જાણે એ રમતમાં
હું તો મસ્ત રહું....

લોકાલોકના પડદા તૂંટયા
અદ્વૈત આનંદ ઉભરા છૂંટયા
એવી અવધૂતની ગમ્મતમાં, દુનિયા શું જાણેએ રમતમાં
હું તો મસ્ત રહું....

નરસિંહ ગુરૂ ગમ કેરી વાતો
આજે નિર્ભય થઇને ગાતો
રહું છું અણતોલ્યા આનંદમાં, દુનિયા શું જાણે એ રમતમાં
હું તો મસ્ત રહું....



## ૩૬. શુરતી સ્વરૂપમાં રાખાં

રાગ : દેહ અધ્યાસની બેડી.

દેહ અધ્યાસને ત્યાગાં, શુરતી સ્વરૂપે રાખાં
મિથ્યા દ્રષ્ટિને ત્યાગાં, શુરતી સ્વરૂપે રાખાં

દેહ અધ્યાસે મહાદુઃખ વ્યાપે
જન્મ મરણનો ત્રાસ એ આપે
એવા જડના જુંના જાંમા ત્યાગાં, શુરતી સ્વરૂપે રાખાં
દેહ અધ્યાસને ત્યાગાં...

દેહ દ્રષ્ટિથી પાપજ થાશે,
ઘાટ જોતાં અઘાટી ખોવશે.
એવી ભવોભવની ભૂલ ભાગો, શુરતી સ્વરૂપે રાખાં
દેહ અધ્યાસને ત્યાગાં...

સદ્ગુરૂ કેરૂ શરણું ઝાલાં
દેહ મૂકી નિજ દેદારે માલાં
કહે નરસિંહ નિજાનંદ ચાખાં, શુરતી સ્વરૂપે રાખાં
દેહ અધ્યાસને ત્યાગાં...

## ૩૭. હેતની હેલી

રાગ : પેલા સુદામા તે દ્વારકામાં આવ્યા રે.

મારા ગુરૂજીના હેતની હેલી રે, વર્ષેલી કાયા વાડીયે હોજી,
પાયાં અમી ભર્યાં પ્રેમનાં ખૂબ પાણી રે,
ખીલાવી મારી વાડીયો હોજી... મારા...

હૃદયરૂપી પૃથ્વીમાંથી, કામ ક્રોધનાં મૂળ કાઢી,
સદ્‌ગુણોની ખેડ કરાવી રે,
ખીલાવી મારી વાડીયો હોજી... મારા...

વૈરાગ રૂપી ખાતર નાખી, શ્રધા ભક્તિનાં બીજ વાવી,
વિવેક વિચારની વાડ કરાવી રે,
ખીલાવી મારી વાડીયો હોજી... મારા...

જ્ઞાનરૂપી છોડ ખિલ્યા, મૂક્તિ રૂપી ફળ આવ્યા,
નરસિંહ મુક્તિના મહાફળ ચાખ્યાં રે,
ખીલાવી મારી વાડીયો હોજી... મારા...



## ૩૮. હરિને ભજીલે પ્રાણીયા હો જી

રાગ : પેલા સુદામા તે દ્વારકામાં આવ્યા રે.

ઉડે પંખીરૂને, કાયા જાશે પડી રે,
હરિને ભજીલે પ્રાણીયા હો જી.

કરે હોળીને, બાળે ખોળ ખોળી રે,
હરિને ભજીલે પ્રાણીયા હો જી.

ઘણા દિન તે માંજો માણી ભક્તિ હરિની નવકરી,
ધન કુટુંબને માયામાં રહ્યો મોહી રે,
હરિને ભજીલે પ્રાણીયા હો જી.

ગર્ભવાસના કાંલ ભૂલ્યો, અભિમાનમાં ફાલ્યો,
માનવ દેહને એળે ગૂંમાવ્યો રે,
હરિને ભજીલે પ્રાણીયા હો જી.

હજું સમય છે સામો, નરસિંહ કહે ભજનમાં માલો,
તારો સફળ થાય જન્મારો,
હરિને ભજીલે પ્રાણીયા હો જી.



## ૩૯. મને આજ થઇ ઓળખાણ

રાગ : ઘટઘટમાં મારો વાસ.

મને આજ થઇ ઓળખાણ,
અહિં કોઇ પરાયું છે જ નહિ.

મને મારી થઇ ઓળખાણ,
અહિં કોઇ પરાયું છે જ નહિ.

સત્-ચિત્ત, આનંદ સ્વરૂપે, સઘળે એક જ આતમ રામ
અજર અમર ને શુદ્ધ સનાતન (૨)
ઘટ ઘટમાં વસનાર.... અહિં કોઇ....

દ્રશ્યો અનેક પણ દ્રષ્ટા એક જ, સદ્‌ગુરૂ આપી સાન
દેહ વિનાશી હું અવિનાસી (૨)
દરસ્યાં નિજ દેદાર..... અહિં કોઇ....

નરસિંહ હરિગુરૂ સંત કૃપાથી, ખૂલ્યાં અગમ દ્વારા
અભેદ આત્મ દર્શન કરતાં (૨)
સઘળે એક જણાય.... -અહિં કોઇ....



## ૪૦. કાયા પીંજર માંહી રે

રાગ : શામળિયાની સાથ રે.

કાયા પીંજર માંહી રે.. પંખી વિના કોણ બોલે;
દેહ દેવળ માંહી રે.., દેવ વિના કોણ બોલે;

પંખીરૂ ઉડીરે ચાલું.. પીંજરીયું ને પડતું રે મેલ્યું,
આંચિન્તાનું હાલ્યું રે.., પંખી વિના કોણ બોલે. કાયા...

કુટુંબ સૌ દોડી આવે.. કાકા બાપા કહી બોલાવે,
બોલાવ્યું ના બોલે રે.., પંખી વિના કોણ બોલે. કાયા...

જમડે આવીને ઝાલ્યુ.. જોર કોઇનું નવ ચાલ્યું,
રંક હોય કે રાંણા રે.., પંખી વિના કોણ બોલે. કાયા...

શેઠીયો ગયો રે ચાલી.. પેઢીઓને પડતી મેલી,
ઉત્તર કોણ આપે રે.., પંખી વિના કોણ બોલે. કાયા...

કહે નરસિંહ નયને જોઇ.. પ્રભું ભજો હું પદ ખોઇ,
સફળ થાય જન્મારો રે.., પંખી વિના કોણ બોલે. કાયા...

## ૪૧. ગુરૂજીના જ્ઞાન રે

રાગ : શામળિયાની સાથ રે.

ગુરૂજીના જ્ઞાને રે... સ્વરૂપની લ્હેરો લાગી,
નિજ પદના ભાને રે... સ્વરૂપની લ્હેરો લાગી,

તન મૂક્યું મન મુક્યું... દુનિયાથી દિલ તૂંટ્યું,
નિર્ભય નાદે રે... સ્વરૂપની લ્હેરો લાગી...
ગુરૂજીના જ્ઞાને રે....

સચ્ચિદાનંદ સ્વરૂપ પામી... વૃત્તિ મારી ગઇ વિરમી,
મહાપદની માંજે રે... સ્વરૂપની લ્હેરો લાગી...
ગુરૂજીના જ્ઞાને રે....

સ્હેજે સમાધી થાતાં... નરસિંહ નિજાનંદ પાતાં,
દેહાતિત દેશ રે... સ્વરૂપથી લ્હેરો લાગી...
ગુરૂજીના જ્ઞાને રે....



## ૪૨. કાયા મંદિર માંહી રે

રાગ : ચાલુ.

કાયા મંદિર માંહી રે... ઝળહળ જ્યોતો જાગી,
દેહ દેવળ માંહી રે... જળહળ જ્યોતો જાગી,

સદ્‌ગુરૂની શાને જાગી, સોહમની ધૂન લાગી;
ગગન ના ગોખે રે... ઝળહળ જયોતો જાગી...
કાયા મંદિર માંહી રે...

નાભીથી નામ ઉઠે, હૃદય કમળ ખીલી ઉઠે;
શૂન્ય શીખર ગાજે રે... ઝળહળ જયોતો જાગી...
કાયા મંદિર માંહી રે...

દેહભાવ ગયો છૂટી, સ્વરૂપથી શુરતી લાગી;
અવધૂતના આરે રે... ઝળહળ જયોતો જાગી...
કાયા મંદિર માંહી રે...

નરસિંહ મસ્તબની બોલે, અગમનાં દ્વાર ખોલે;
ભમ્મર ગૂંફા માંહી રે... ઝળહળ જયોતો જાગી...
કાયા મંદિર માંહી રે...



## ૪૩. અમને આતમ હિરલો

રાગ : તમને સ્મરૂ હું સોઇન અલખ રે.

અમને આતમહિરલો ઓળખાયો રે,
ગુરૂજીના જ્ઞાનથી હો જી.
ખોલી મારા હૈયામાં હિરલાની ખાંણ રે,
અણમોલ મોતી અમને મલ્યાં હો જી.
હેજી વિરા મારા ગુરૂએ આપેલાં રૂડાં જ્ઞાન રે...
નિર્ભય પદનાં ભાન થયાં હોજી,
પામ્યો સચ્ચિદાનંદ સ્વરૂપ રે.
ભ્રમણાઓ સઘળી દૂર થઇ હોજી... અમને....
હેજી વિરામારા ભભુક્યો બ્રહ્મ અગ્ની ભરપૂર રે.
ખોટું તો બળીને ખાખ થયું હો જી,
મૂક્યા કાયા માયા વાળા કોડ રે.
અભય પદમાં અમે ઠર્યા હોજી... અમને....
હેજી વિરામારા ખોલ્યા દેવોના દેવનાં કમાડ રે.
ગુરૂજી આપી કૂંચીયો હોજી,
નરસિંહ બેઠાં મુક્તિની મઢિ માંય રે.
કાળનું જોર જયાં નહિ હોજી... અમને....



## ૪૪. પરના દોષો નવ જોશો

રાગ : સદ્‌ગુરૂ આદિ અનાદિ.

પરના દોષો નવ જોશો... તમે નિર્દોષ રહેશો
સત્‌સંગમાં દિલ ધોશો... તમે નિર્દોષ રહેશો

સત્‌સંગ કરી સત્ય સ્વરૂપે ઠરશો
અવિધ્યાનું દુઃખ ખોશો... તમે નિર્દોષ રહેશો.. પરના....

ઘટો ઘટ બ્રહ્મ જયોતિ ને જોશો
દ્વૈતભાવને ખોશો.. તમે નિર્દોષ રહેશો.. પરના...

દાસ નરસિંહ નિજ સ્વરૂપે સુખી
તેમાં ના સંશય લેશો... તમે નિર્દોષ રહેશો.. પરના....

## ૪૫. હેલી આરે ચાંધડીયાં લાભનાં

રાગ : (લગ્ન ગીત) બહેની તમોને વળાવી પાછાં વરીયાં.

હેલી આરે ચાંધડીયાં લાભનાં
તમે ફરીલ્યાં અમર વરથી ફેરારે
ઉઠી જાય જમના ડેરા રે... ચાંધડીયાં...
હેલી મશાણીયા વરની પ્રીત છોડી
તમે અખંડ વરથી પ્રીતો બાંધોરે
જુનાં સગપણ શોધો રે... ચાંધડીયાં...
હેલી મનના તે માંઢળ બાંધજો
શુરતા દોરીયે સોહંમ પરોવાં રે
ઘટોઘટ જુઆં રે... ચાંધડીયાં...
હેલી પ્રેમનાં પટોળાં પહેર જો
સર્મ્યક દર્શન નો ચૂડિયો સારો રે
કોડિલા વરને પ્યારો રે... ચાંધડીયાં...
હેલી હેતના હાર હૈયે ધરજો
કેવલ કુંકુનો ચાંલ્લો સોહાવાં રે
મુક્તિના પંથે આંવા રે... ચાંધડીયાં...
હેલી દાસ રે નરસિંહની આ વિનંતી
તમે હું ને મારૂ હેઠુ મેલાં રે
સ્વરૂપમાં માલાં રે... ચાંધડીયાં...



## ૪૬. હેલી જાગી રે જુવાં નિજ રૂપને

રાગ : (લગ્ન ગીત) બહેની તમોને વળાવી પાછાં વરીયાં.

હેલી જાગીરે જુવાં નિજ રૂપને,
તમે કોણ અને અહીંયા કયાંથી રે,
મિથ્યામાં રહ્યા મથીરે જુવાં નિજ રૂપને.. હેલી...
હેલી કાયા રે પડે કયાં ઠરશાં,
તમે કયાંરે કરશો મુકામ રે,
શોધાં નિજ ધામરે જુવાં નિજ રૂપને. હેલી....
હેલી પાંચરે તત્વની કાયા બની,
ત્રણ ગૂણે રચાવી માયા રે,
માયા પતિ ન્યાળા રે જુવાં નિજ રૂપને. હેલી....
હેલી સચ્ચિદાનંદ સ્વરૂપ આપણું,
જાગી જોતાં જગત ઉડી જાય રે,
નિજ સ્વરૂપ ઓળખાય રે જુવાં નિજ રૂપને. હેલી....
હેલી સદ્‌ગુરૂ શરણે નરસિંહ ભણે,
મારા સદ્‌ગુરૂ કીધી મ્હેર રે,
પહોંચાડયો નિજ ઘેર રે જુવાં નિજ રૂપને. હેલી....



## ૪૭. વાતો કોને કહીયે હેલી

રાગ : હેલી આરે ચાંધડીયાં લાભનાં.

હેલી સત્યની વાતો કોને કહીયે
રહેવુ જુઠા જગતની માંહી રે નુગરાં ના સંગ માંહી રે
વાતો કોને કહીયે, હેલી...
હેલી આંધળાં શુ જુવે આયનો
ધુવડ શું રે જાણે સૂરજ રે મતી નો હોય મૂંઢ રે
વાતો કોને કહીયે, હેલી...
હેલી કાચારે ધડુલે નિર ના ભરીયે
ફૂટે ઘડુલોને વહી જાય નિર રે પીવેના કોઇ વીર રે
વાતો કોને કહીયે, હેલી...
હેલી ખારીરે ધરતી નવ ખેડીયે
ફોગટ જાવે મહેનત ને બીજરે પાકેના કોઇચીજ રે
વાતો કોને કહીયે, હેલી...
હેલી કંચન પાત્ર જો હોય તો
ઠરે સિંહણ કેરાં દૂધ રે શઠને ના હોય સુધરે
વાતો કોને કહીયે, હેલી...
હેલી દાસ નરસિંહ નિજાનંદમાં
કોઇ પુંરારે મલેતો દિલડાં ખોલેરે મહાપદમાં ડોલેરે
વાતો કોને કહીયે, હેલી...



## ૪૮. અવસર માંધા મૂલનો હેલી

રાગ : હેલી આરે ચાંધડીયાં લાભનાં.

હેલી આરે અવસર માંધા મૂલનો,
તમે સદ્‌ગુરૂનાં વચન વિચારાં રે, જન્મ મરણ ટાળાં રે,
અવસર માંધા મૂલનો... હેલી....
હેલી કોટિ રે જનમના પૂન્યથી,
મલ્યો સંત સગાનો સાથરે, ઓળખો નિજ નાથ રે,
અવસર માંધા મૂલનો... હેલી....
હેલી ગુરૂને ગોવિંદરૂપ જાણજો,
તમે દ્વૈત ભાવને ટાળાં રે, અદ્વૈતમાં માલાં રે,
અવસર માંધા મૂલનો... હેલી....
હેલી કર્મના કાંયલા બાળજો,
જ્ઞાના અગ્નિમાં હું ને ગાળાં રે, શુધ્ધ સ્વરૂપ વિચારાં રે,
અવસર માંધા મૂલનો... હેલી....
હેલી નરસિંહ વાણી વિચારજો,
ફરી અવસર ના મલે આવો રે, લૂંટી લેજો લ્હાવો રે,
અવસર માંધા મૂલનો... હેલી....

## ૪૯. હેલી ચાલાં રે જઇયે નિજ દેશમાં

રાગ : હેલી આરે ચાંઘડીયાં લાભનાં.

હેલી ચાલાં રે જઇએ નિજ દેશમાં,
છોડી પરદેશીયાના વાડા રે ખોલાં બ્રહ્મ ધ્વારા રે,
જઇએ નિજ દેશમાં, હેલી....
હેલી વિષય વાડી પડતી મેલી,
ખાલી કરીલ્યાં મનડાવાળા માળારે ઉગાડાં ઘર તમારા રે,
જઇએ નિજ દેશમાં, હેલી....
હેલી અગમ અગોચર પદ આપણા,
મનવાણીથી પર રે અસલ આપણાં ઘર રે,
જઇએ નિજ દેશમાં, હેલી....
હેલી ચંદારે સૂરજ ઝાંખા પડે,
ઝાંખા પડી જાય નવલખ તારા રે સ્વયં પદ તમારા રે,
જઇએ નિજ દેશમાં, હેલી....
હેલી નૂગરા બેઠા નયનાં ઢાળીને,
જેના હૈયે સવામણનાં તારાં રે, કાળજાં જેનો કાળાં રે,
જઇએ નિજ દેશમાં, હેલી....
હેલી શુંરારે હોય તો સોદા કરીએ,
નરસિંહ પ્રકટ ખેલે આપ રે દ્વૈતનો વાળી દાટ રે,
જઇએ નિજ દેશમાં, હેલી....



## ૫૦. હેલી આરે સંદેશા ગુરૂ દેવના

રાગ : હેલી આરે ચાંઘડીયાં લાભનાં.

હેલી આરે સંદેશા ગુરૂ દેવના,
દેહ મૂકીને દેદારે માલાંરે અગમ ઘર ઉગાડાં રે,
સંદેશા ગુરૂ દેવના.. હેલી....

હેલી સદ્ગુરૂ શબ્દે શુંરતા સાંધી,
તમે સોહંમ શેરીયે ચાલાંરે નિજાનંદ માણાં રે,
સંદેશા ગુરૂ દેવના.. હેલી....

હેલી મન રે બુધ્ધિ પર ખેલજો,
તમે ગગનનાં હાટ ઉગાડાં રે માંઘા મોતી આંરાં રે,
સંદેશા ગુરૂ દેવના.. હેલી....

હેલી દાસરે નરસિંહ ગુરૂ ગમથી,
ગાવે સદ્ગુરૂના સંદેશારે જીવતાં ઘર દીઠા રે,
સંદેશા ગુરૂ દેવના.. હેલી....



## ૫૧. હેલી સંગત કરીયે રે સાચા સંતની

રાગ : હેલી આરે ચાંઘડીયાં લાભનાં.

હેલી સંગત કરીયેરે સાચા સંતની,
પેલા નૂગરાંથી દૂર દૂર રહીયરે હરિના ગુણ ગયે રે,
સંગત કરીયે સંતની.. હેલી...

હેલી બાટક બોલીનાં બજાણીયાં,
હલકું બોલે હલકા ફળનાં, લોકરે કરીયેના એનો શોક રે,
સંગત કરીયે સંતની.. હેલી...

હેલી સો વર્ષ રહે ગંગાજળમાં,
પેલા પથરા કોરાને કોરા રે, ટાંકે ગળે અંગારા રે,
સંગત કરીયે સંતની.. હેલી...

હેલી હરિગુરૂ સંતને સેવતાં,
તારૂ જન્મ મરણટળી જાય રે, નરસિંહ નિર્ભય ગાએ રે,
સંગત કરીયે સંતની.. હેલી...



## ૫૨. નિષ્ટાની દોરી બાંધાંરે

રાગ : તમે જમવાને પધારો રે પ્રીત પરૂણા.

નિષ્ઠા દોરી બાંધાંરે નિશ્ચય થઇને,
મુક્તિના પંથે માલાંરે નિશ્ચય થઇને,

આ કાયા માયા મૂંકી,
અધ્યાસો સઘળા ચૂંકી,
સ્વરૂપની માંજો માણાં રે નિશ્ચય થઇને., નિષ્ઠાની...

હું આત્મા છું અવિનાશી,
હું શુધ્ધ સ્વયં પ્રકાશી,
અમે ધ્રુવ પણાને પામાંરે નિશ્ચય થઇને., નિષ્ઠાની...

નહિ નાતો કે નહિ જાતો,
નહિ વરણાશ્રમની ભાતો,
એવા અભેદ પંથે માલાંરે નિશ્ચય થઇને., નિષ્ઠાની...

દાસ નરસિંહ નામ રૂપ ત્યાગી,
બનો બ્રહ્મ નંદના ભાગી,
રહો અભય પદમાં લાગીરે નિશ્ચય થઇને., નિષ્ઠાની...

## ૫૩. ધન્ય ધન્યએ ભૂમિને રે

રાગ : તમે જમવાને પધારો રે પ્રીત પરૂણા.

ધન્ય ધન્ય એ ભૂમિને રે જયાં સંતો બીરાજે,
વંદન કરતા જઈયે રે જયાં સંતો બીરાજે,
જયાં સંત સભાઓ થાવે,
જયાં હરિજન હરિગુણ ગાવે,
ત્યાં જમડા કદિ નહિ આવે રે, જયાં સંતો બીરાજે;
ધન્ય ધન્ય એ...
જયાં શાસ્ત્રપુરાણ વંચાયે,
જયાં મહા વાકય ચર્ચાયે,
ત્યાં દેવો દાંડી આવે રે, જયાં સંતો બીરાજે;
ધન્ય ધન્ય એ...
જયાં હરદમ સતસંગ થાવે,
જ્ઞાન ગંગા ધોધ વરસાવે,
મુક્તિ ત્યાં દાંડી આવે રે, જયાં સંતો બીરાજે;
ધન્ય ધન્ય એ...
જેના પૂન્ય અનેરાં જાગે,
તેના દ્વારે હરિજન આવે,
દાસ નરસિંહ ભાગ્ય અજવાળે રે, જયાં સંતો બીરાજે;
ધન્ય ધન્ય એ...



## ૫૪. સદ્‌ગુરૂના ચરણ પખાળાં રે

રાગ : તમે જમવાને પધારો રે પ્રીત પરૂણા.

સદ્‌ગુરૂના ચરણ પખાળાં રે અવસર આવ્યો મજાનો,
આજે ગુરૂ પૂનમનો દહાડો રે અવસર આવ્યો મજાનો,

આવો પ્રેમ ભરી હૃદયમાં પડી સદ્‌ગુરૂના શરણમાં,
માગો દાન જ્ઞાન ભક્તિનારે અવસર આવ્યો મજાનો,
સદ્‌ગુરૂ ચરણ પખાળાં રે....

ગુરૂજ્ઞાનમૃત ખૂબગોળી ભવ બંધન નાખો તોડી,
જાય ઘડી આ અણમોલ રે અવસર આવ્યો મજાનો,
સદ્‌ગુરૂ ચરણ પખાળાં રે....

ગુરૂગોવિંદ એક જ જાણી દ્વૈત ભાવ ને નાખો તોડી,
નરસિંહ નિજસ્વરૂપ નિહાળો રે અવસર આવ્યો મજાનો,
સદ્‌ગુરૂ ચરણ પખાળાં રે....



## ૫૫. ઘટઘટમાં સદ્‌ગુરૂ ગાજેરે...

રાગ : તમે જમવાને પધારો રે પ્રીત પરૂણા.

ઘટઘટમાં સદ્‌ગુરૂ ગાજેરે આંખ ખોલીને જોજે...
કાયાના કોડને ખોજેરે આંખ ખોલીને જોજે...

સચરાચર સદ્‌ગુરૂ સ્વામી રહી મેંદીમાં જેમ લાલી,
તમે સદ્‌ગુરૂ સઘળે બીરાજે રે આંખ ખોલીને જોજે...
ઘટઘટમાં સદ્‌ગુરૂ ગાજે રે....

દ્વૈતભાવ દિલથી કાઢી તું દર્શન કરીલે દહાડી,
તારી ખૂલે મોક્ષની બારી રે આંખ ખોલીને જોજે...
ઘટઘટમાં સદ્‌ગુરૂ ગાજે રે....

કોઇ હોય જો શૂરાપુરા પીવે ગુરૂગમ પ્રેમ પીયાલા,
નરસિંહ નયને બ્રહ્મ ચમકારા રે આંખ ખોલીને જોજે...
ઘટઘટમાં સદ્‌ગુરૂ ગાજે રે....



## ૫૬. જેની અખંડ વૃત્તિ વિભુંમાં રે...

રાગ : તમે જમવાને પધારો રે પ્રીત પરૂણા.

જેની અખંડ વૃત્તિ વિભું માં રે... વંદન તેને કરજો
જેની શુરતી સદા સ્વરૂપમાં રે... વંદન તેને કરજો

જેનો દેહ ભાવ ગયો છૂટી, જેને અમૃત પીધું ઘૂંટી,
જેના રાગ-દ્વેષ ગાય છૂટી રે... વંદન તેને કરજો.
જેની અખંડ વૃત્તિ...

જેના ઘટઘટ સ્વરૂપ ભાસે, અણું અણુંમાં આતમ દીસે
જેના નયને બ્રહ્મ નૂર વરસે રે... વંદન તેને કરજો.
જેની અખંડ વૃત્તિ...

જેનાં દિલ છે દરિયા સરખાં, જેના દર્શને દિલડાં ઠરતાં
તેના શરણે નરસિંહ ઢળજો રે... વંદન તેને કરજો.
જેની અખંડ વૃત્તિ...

## ૫૭. માનવ થોડા હું પદ રાખો...

રાગ : કરજો કરજો નૈયા પાળ.

માનવ થોડા હું પદ રાખો, તારો ઉતરી જાશે ફાંકો,
લાગે કાળતણો તમાચો, તારો ઉતરી જાશે ફાંકો,

વાગે મરણ તણો જયાં ડંકો, ભાગી જાશે તારા ઢંગો,
ભૂલી જશાં મરડવી મૂંછો, તારો ઉતરી જાશે ફાંકો.
માનવ થોડા હું પદ....

કાયા પાણીનો પરપોટો, ફૂટી જાશે તારો ફોટો,
જરા સમજી છાતી કુટો, તારો ઉતરી જાશે ફાંકો.
માનવ થોડા હું પદ....

માયા વાદળ કેરી છાયા, શાને ફોગટના ફ્લાયા,
ખાશો ચાંરાસીનો ધોકો, તારો ઉતરી જાશે ફાંકો.
માનવ થોડા હું પદ....

કુટુંબ દેખીને ફ્લાતો, જાણે બળિયા છે મૂજ ભ્રાતો,
જોજે રાવણ ખાધી લાતો, તારો ઉતરી જાશે ફાંકો.
માનવ થોડા હું પદ....

માટે સમજી સમય સાધો, ગુરૂગમથી નિજ આતમ ઢુંઢો,
નરસિંહ નિર્ભય પદને તાકો, તારો ઉતરી જાશે ફાંકો.
માનવ થોડા હું પદ....



## ૫૮. યઠવાળો યઠવાળો સકલ જગ...

રાગ : વહેપારી વહેપારી અમે તો મોટા વહેપારી.

યઠવાળો યઠવાળો સકલ જગ યઠવાળો રે,
તેમાં શાને ભૂલો નિજ પ્યારો, સકલ જગ યઠવાળો રે,

ચિત્ત ભમણાથી ભાસે જગત આ,
સાચું માને અક્કલના ઓથમીરો... સકલ જગ...

અવિદ્યાના ઘેનમાં ઉંઘેલા માનવી,
માલે સ્વપ્ન સુષ્ટીના મ્હેલો... સકલ જગ...

હંસલા ચૂંગે સત્ય સ્વરૂપ ના મોતી,
પેલા કાગ બગાંનો ચારો... સકલ જગ...

દાસ નરસિંહ કહે જગત કલ્પના,
ચિત્ત ચટકેલાનો એ વાડો... સકલ જગ...



## ૫૯. ઘટ ઘટ માંહી બોલે રે....

રાગ : મસ્ત બનીને બોલું રે.

ઘટઘટ માંહી બોલે રે દિલ દેવળમાં ડોલે રે.
સજની મારો સાયબો હો જી.
સજની હું તો નિરખીને થઇ છું રે ન્યાલ (૨) ...
ઘટઘટ માંહી...

કાયાની ગાગર ફોડી રે તોડી માયા ઉઢણી હોજી.
નવરી થઇને નિરખ્યા મેં મારો નાથ (૨) ...
ઘટઘટ માંહી...

હું ને મારૂ મૂકી રે હળવાં થઇને હાલતાં હો જી.
સજની મારા પીયુંજી એ ઝાલેલો હાથ (૨) ...
ઘટઘટ માંહી...

પલ પલ દર્શન પામી રે પુર્યા દિલના દરિયા હો જી.
સજની મારી હૈયામાં થઇ હવે હાશ (૨) ...
ઘટઘટ માંહી...

નરસિંહ ઠલવે દિલડાં રે આવો હરિજન ઝીલવા હો જી.
ઝીલતાં જાશે જન્મ મરણનો રોગ (૨) ...
ઘટઘટ માંહી...



## ૬૦. પીધી છે પીયાલી રે

રાગ : મસ્ત બનીને બોલું રે.

પીધી છે, પાયાલી રે, ચડી છે, ખુમારી રે,
ગુરૂજીના, જ્ઞાનની હો જી
ચકચૂર થઇને, ગાઉ અલખનાં ગીત (૨)... પીધી છે.

સતચિત્ત આનંદે રે, શુરતી મારી રમણ કરે હો જી
જ્યાં નહિ વ્યાપે, કાયા માયા વાળાં ઝેર (૨)... પીધી છે.

પરનાં પડળ રે ઉતર્યા મારી આંખથી રે જી
ભાસે અમને સભર એક સ્વરૂપ (૨) ... પીધી છે.

તું ને હું માં હોમી રે, અદ્વૈત પદમાં, માલીએ હો જી
જાણે કોઇ, ગુરૂ મૂખી આ ભેદ (૨) ... પીધી છે.

નરસિંહ નિજાનંદી રે, નિર્ભય માંજો માણતો હો જી
ખોલ્યાં મારે, સદ્ગુરૂ માંયલાં કમાડ (૨) ... પીધી છે.

## ૬૧. નિશ્ચય થઇને બેઠો રે...

રાગ : મસ્ત બનીને બોલું રે.

નિશ્ચય થઇને બેઠો રે નિજ સ્વરૂપમાં રહેતો રે,
હું તો મારી માંઝમાં હો જી
દુનિયા શું જાણે દેહ પાળનાં દેદાર (૨).. નિશ્ચય...

હસનાર ભલે હસે રે રોનારા ભલે રોઇ રહે હો જી
તોય મારાં દિલડાંના ડગે લગાર (૨).. નિશ્ચય...

હું અભય દેશનો શુબો રે, મારી સાયબી માંથી ગણી રો જી
મરજીવા કોઇ માણે હમારી માંજ (૨).. નિશ્ચય...

અલખ પુરૂષ ઓરડા રે સદ્ગુરૂ દેવે ખોલીયા હો જી
નરસિંહ બેઠો ભણે અલખના પાઠ (૨).. નિશ્ચય...



## ૬૨. કોઇ સંત માંજો માણે રે...

રાગ : મસ્ત બનીને બોલું રે.

કોઇ સંત માંજો માણેરે મૂરખાં ઘાંણી તાંણે રે
આંખે પાટા બાંધીને હો જી
ઘણું ફરે પણ આખર ત્યાંના ત્યાંજ (૨) ... કોઇ...

અવિદ્યાની ઘાંણી રે, અવળી જેની લાટ ફરે હો જી
અવળા મનના ફોગટ ફરે છે ફેર (૨) ...
કોઇ સંત માંજો...

અહંકાર તેલી રે મેંલોને વળી ઘેંલો ઘણો હોજી
મેંલા મનના માનવ ખાવે ત્યાં માર (૨) ...
કોઇ સંત માંજો...

તૃષ્ણના તલ રે પીલે પણ તેલ નહિ હોજી
કામના કૂંડી કદિયે નહિ ભરાય (૨) ...
કોઇ સંત માંજો...

દાસ નરસિંહ કહે છે રે ચતુર સમજે શાનમાં હોજી
નુંગરા નરતો દિલડાં બારે દિન રાત (૨) ...
કોઇ સંત માંજો...



## ૬૩. સદ્ગુરૂની શાને રે...

રાગ : મસ્ત બનીને બોલું રે.

સદ્ગુરૂની શાને રે નિજ સ્વરૂપના ભાને રે
સજની મારે સુખ ગણું હો જી
સજની મારા દિલડાંમાં દરસ્યાં દેદાર (૨).. સદ્ગુરૂ...

દેવોને દૂર્લભ રે એ પદ મારે સુર્લભ થયાં હો જી
પામ્યો હું તો સચ્ચિદાનંદ સ્વરૂપ (૨).. સદ્ગુરૂ...

જેના દર્શન માટે રે મોટા મુનિવર તપે ગણું હો જી
એતો મારે હરદમ થાય છે હજુર (૨).. સદ્ગુરૂ...

અનંત યુગોનાં રે પૂન્ય મારે પ્રકટ થયાં હો જી
થઇ ગઇ મારે મંદિરીયે લીલા લ્હેર (૨).. સદ્ગુરૂ...

દાસ નરસિંહ નિરખ્યાં રે નિજપદ ગુરૂગમથી હો જી
શુરતા મારી માલે સ્વરૂપની માંય (૨).. સદ્ગુરૂ...



## ૬૪. ભડકેને ભડકે લાગે રે તાંચે તુંના જાગે રે..

રાગ : મસ્ત બનીને બોલું રે.

ભડકેને ભડકે લાગે રે તાંચે તુંના જાગે રે
જીવલડા તૂજને શું કહું હો જી
જાગી જાને કાળજે લાગી તારે લાય (૨)... ભડકે ને...

તૃષ્ણાના તાપણે રે સળગ્યા તારા સાથળા હો જી
હું મારાની લાયે લેવાયો તારો લાલ (૨)... ભડકે ને...

અહંતાની હોળી રે ભભૂકીને ભડકો થયો હો જી
વિષય વાયું વાળે છે આડ વાંક (૨)... ભડકે ને...

જડતાની જવારે રે હીરો તારો હોમાઇ રહ્યો હો જી
કબુધ્ધિ કાંયેલ વર્તાયો કાળો કેર (૨)... ભડકે ને...

દાસ નરસિંહ કહે છે રે ચેતો કોઇ સંતજનો હો જી
નૂગરા જનને નડે છે ઝાઝાં પાપ (૨)... ભડકે ને...

## ૬૫. પ્રીયું વિના પલના રહેવાય રે...

રાગ : તારા વિયોગે ઝુરી મરીયે રે.

પીયુ વિના પલના રહેવાય રે હું શું કરુ સજની
મહીયરીયે ઘડીના રહેવાય રે હું શું કરુ સજની

પીયુ વિયોગ મૂંઝથી સહ્યો ન જાયે
દેહભાન ભૂલાય રે હું શું કરુ સજની...
પીયુ વિના પલના ....

બાવરી બનીને હું તો ફરુ જગ માંહી
મારી વેદના કહી નવ જાય રે હું શું કરુ સજની...
પીયુ વિના પલના ....

દુઃખ ભર્યો દહાડો હું જેમ તેમ વિતાવું
રાતલડી કાળજાને કોળે રે હું શું કરુ સજની...
પીયુ વિના પલના ....

નરસિંહ તલપે સદા હરિના વિયોગ
વિરહ જવાળા રગે રગમાં રે હું શું કરુ સજની...
પીયુ વિના પલના ....



## ૬૬. આજના અવસરેયે....

રાગ : દાંયલી વેરાના મને શાયબો સાંભરીયાજી.

આજના અવસરીયે પંખીડા ઘેર આવાં રે.. હે.. હે.. જી
હે જી છોડી પરદેશીયાંની પ્રીતો રે.. પંખીડા...
દેશીડાંના દ્વારે જઇને દિલડાં ખોલાં રે.. હે.. હે.. જી..
આજના અવસરીયે....

માયાના માંડવે વિરા બહુ દિન માલ્યા રે.. હે.. હે.. જી
હેજી હવે સત્યના મારગડે આવાં રે... પંખીડા...
દયાના દરિયા સમા સદ્‌ગુરૂને સેવાં રે.. હે.. હે.. જી..
આજના અવસરીયે....

સદ્‌ગુરૂના વચને માંઘેરાં મોતી ઓરાં રે હે.. હે.. જી.
હેજી ચંદન ચાંકમાં મોતીડા વાળાં હાટ રે... પંખીડા...
હંસલાની હાળોલાગી બગલાંના ગજના વાગે રે..હે..હે..જી..
આજના અવસરીયે....

દાસ નરસિંહનો હેલો મરજીવા કોઇ ઝીલાં રે હે.. હે..
હે જી તમે અલખના ઓરડે આવાં રે... પંખીડા...
હું પદની હોળી કરી હરિ સાથે ખેલાં રે.. હે.. હે.. જી..
આજના અવસરીયે....



## ૬૭. હે જી મુજને હાજર...

રાગ : આજના અવસરીયે પંખીડા ઘેર આવાં રે.

આજના અવસરીયે મને મારા સદ્‌ગુરૂ મલીયાં રે. હે. હે. જી...
હે જી મુજને હાજર બતાયો મારો દેવ મારા વિરા...
ગુરૂજીનાં જ્ઞાન મારા રૂદિયામાં રમ્યાં રે હે.. હે..
આજના અવસરીયે...
અનંત યુગોથી હું તો ભ્રમણામાં ભમતો રે. હે. હે. જી...
હે જી મારા ગુરૂએ દરશાયાં દેદાર મારા વિરા...
પ્રકટ પરખ્યાંને મારાં ભવ દુઃખ ભાગ્યાં રે હે.. હે..
આજના અવસરીયે...
કાયરે માયાથી કાંઇ પર પદ પરખ્યાં રે. હે. હે. જી...
હે જી મુજને ઓળખાયો આતમ હિરો મારા વિરા...
અમર લોકની મારે થઇ ઓળખાંણો રે હે.. હે..
આજના અવસરીયે...
ઘટોઘટ બ્રહ્મ એક સભર જણાયો રે. હે. હે. જી...
હે જી ભાગ્યા જીવ ઇશ્વરના ભેદ મારા વિરા...
પરોક્ષની પીડા મારા સદ્‌ગુરૂએ ટાળી રે હે.. હે..
આજના અવસરીયે...
દાસ નરસિંહ માણે માંઘેરી માંજોરે રે. હે. હે. જી...
હે જી મારા ગુરૂજી એ કીધેલો ન્યાલ મારા વિરા...
સત્ લોકની શાયબી મારા સદ્‌ગુરૂએ સાંપી રે હે.. હે..
આજના અવસરીયે...



## ૬૮. આજરે અલખ મારી નજરોમાં આયા..

રાગ : ઘૂંઘટે ઢાંક્યું રે એક કોડીયું.

આજ રે અલખ મારી નજરોમાં આયા
હે જી મારા સદ્‌ગરૂના પ્રતાપજી... આજ રે અલખ...

ગુરૂગમ પાયાને મારે ભયારે ઉજાલા
મારે મટી ગઇ અંધારી રાત જી
હે જી ભ્રાંતિયો ભાગી સત્ય બ્રહ્મતો દરશાયા
દરશાયા દેહાતિત જી... આજ રે અલખ...

ગલીયે ગલીયે મારે ઉડે રે ગમ શાણા
મારે આનંદ અપરમ્ પારજી
હે જી કોને રે કહું સુખ મારૂ કહ્યામાં ન આવે
વાણી તો શરમાયજી... આજ રે અલખ...

રોમે રોમમાં મારે રણુંકાર એનો
ભાસેના બીજું કાંઇ જી
હે જી અલખ નિરંજન શુધ્ધ સનાતન
આતમનો પ્રકાશજી... આજ રે અલખ...

દાસ નરસિંહ નિજ સ્વરૂપ પામી
ફૂંકી મેલ્યાં નામ રૂપજી
હે જી સચ્ચિદાનંદ સ્વરૂપ માંહી
મીઠડી માંજો માણું જી... આજ રે અલખ...

## ૬૯. મેં તો ઓઢી રે અમર ઓઢણી

રાગ : ભણતર ભક્તિનાં ભણીયે રે.

મેં તો ઓઢી રે અમર ઓઢણી,
આઢી મારા સાવરીયા ગીરધારીના,

સત્યનું સુતર સતસંગ ચરખો,
વિવેકના વણાટે વણાવી રે.... મેં તો ઓઢી...

બ્રહ્મ રંગમાં ઝબોળીને,
સ્વરૂપની છાપેથી છપાવી રે.... મેં તો ઓઢી...

કેવલ્ય કસબની કિનાર છે,
છેડૂંલો સર્મ્યકથી ચમકે રે.... મેં તો ઓઢી...

પ્રેમનો પાલવ હેતનો હેઇડકો,
ખોસ્યો મારા કાળજાની કોળે રે.... મેં તો ઓઢી...

અવિધ્યાનો ખેંચતી ઘૂંઘટો,
પ્રીયુંજીથી પડદો તે શાના રે.... મેં તો ઓઢી...

નરસિંહ પહેર્યો ચૂંડીલો શ્યામનો,
મઢિયાં માંય મહા પદનાં મોતી રે... મેં તો ઓઢી...



## ૭૦. એવા કાયાના પિંજરીયે રે...

રાગ : પહેલા પએલા યુગમાં રે.

એવા કાયાના પિંજરીયે રે હંસા રાજા શીદને પડયા રે જી
એવા માયાના મારીયે રે હંસા રાજા શીદને ચડયા રે જી
હે જી ભૂંલી નિજ સ્વરૂપનું ભાન રે હો... હો...
એવા કાયાના.
એવી જાુંઠાંની જમાતે રે હંસા રાજા શીદને ભળ્યા રે જી
જાુંઠાં તમને લઇ જાશે જમને દ્વાર રે હો... હો...
એવા કાયાના.
એવી અવિધ્યાની વાટે રે હંસા રાજા શીદને ચડ્યા રે જી
ભૂંલી તમે અસલ ઘરની વાટ રે હો... હો...
એવા કાયાના.
એવી કાયાને માયા રે વાદળ કેરી છાંયડી રે જી
વિખરાઇ જાતાં લાગે નહિ એને વાર રે હો... હો...
એવા કાયાના.
એવા સંતોના ચેતાવ્યા રે હંસા રાજા ચેતજો રે જી
કરીલ્યાં તમે આતમની ઓળખાંણ રે હો... હો...
એવા કાયાના.
એવા નરસિંહના મનાવ્યા રે હંસારાજા માંનજો રે જી
આવો તમે અસલ ઘરની માંયરે હો... હો...
એવા કાયાના.



## ૭૧. સિધ્ધિયો કોઇ સંત પાવે....

રાગ : હેલી આરે આંગઢીયાં લાભનાં.

હેલી સ્વરૂપ સિધ્ધિયો કોઇ સંત પાવે,
જેને અન્ય સિધ્ધિયો તરણા તોલે રે, અગમ ઘર ખોલે રે,
સિધ્ધિયો કોઇ સંત પાવે....
હેલી દેહ રે મૂકીને દેદારે માલે,
જેની વૃત્તિ અખંડ સ્વરૂપમાંય રે, બ્રહ્માનંદ ઉભરાય રે,
સિધ્ધિયો કોઇ સંત પાવે....
હેલી ઇન્દ્ર સરીખો લાગે બાપડો,
બ્રહ્મા સરીખા લાગે જયાં ભીખારી રે, ચડી બ્રહ્મ ખુંમારી રે,
સિધ્ધિયો કોઇ સંત પાવે....
હેલી જગનાં દ્વંદો દુઃખ આપે નહિ,
જેનાં અસિપદમાં ચિત્તડાં ગળ્યા રે, મહાપદે ઠર્યા રે,
સિધ્ધિયો કોઇ સંત પાવે....
હેલી દાસ નરસિંહને સાચા સંત મલ્યા,
જેમની દયાથી ખૂલ્યાં દ્વાર રે, ખેલે ખાંડાધાર રે,
સિધ્ધિયો કોઇ સંત પાવે....



## ૭૨. રામ રહિમ તું એક જ છે....

રાગ : ઘટઘટમાં મારોવાસ.

મને આજ થઇ ઓળખાણ, રામ રહિમ તું એકજ છે.
મારા ખૂંલી ગયા ભીતર દ્વાર, રામ રહિમ તું એકજ છે.

તું છે અલ્લા તું છે ઇશ્વર, તું છે ઇસું ભગવાન,
તું છે કૃષ્ણ તું છે કરિમ (૨) તું છે બૌધ્ધ ભગવાન,
રામ રહિમ....

તું છે મહમંદ તું છે મહાવીર, તું છે શીવ મહાદેવ,
ઘટઘટ ભીતર સઘળે તું છે (૨) તું છે આતમ રામ,
રામ રહિમ....

તું છે આગળ તું છે પાછળ, તું છે ચારે કોર,
અખિલ બ્રહ્માંડે તારી લીલા (૨) જાણે જાણનહાર,
રામ રહિમ....

સત્ચિત્ત આનંદ સ્વરૂપ સઘળે, વ્યાપક બ્રહ્મ અપાર,
અણું અણુંમાં નરસિંહ નિરખે (૨) સદ્ગુરૂ મલ્યા દયાળ,
રામ રહિમ....

## ૭૩. મિથ્યા સંસારમાં હો.

રાગ : હરિના નામનો હો.

મિથ્યા સંસારમાં હો અમે ના માલીયે,
જુઠા જગતમાં હો અમે ના માલીયે.

અમેના માલીયે અવિદ્યાને ટાળીયે,
માયાના મેદાનમાં હો અમે ના માલીયે.
મિથ્યા સંસારમાં હો....

સ્વપ્નાની શાયબીમાં ભાન નવ ભૂલીયે,
ભ્રમણાની જાળમાં હો અમેના માલીયે.
મિથ્યા સંસારમાં હો....

નરસિંહ નિજાનંદમાં ખેલે ગગનમાં,
જુંઠાની જમાતમાં હો અમેના માલીયે.
મિથ્યા સંસારમાં હો....



## ૭૪. આજે અમારા મંદિરીયામાં

રાગ : આજે સૌને જયશ્રી કૃષ્ણ.

આજે અમારા મંદિરીયાંમાં, આનંદ મંગળ વર્તે રે...
સતસંગ દ્વારા સત્ય સમજાવી, જીવના શિવ બનાવે રે,

દ્વૈતના પડદા દૂર કરીને સૌમાં એક જણાવે રે...
આજે અમારા મંદિરીયાંમાં...

જ્ઞાન અંજન આંખે આંજી, બ્રહ્મ દર્શન કરાવે રે,
ગલીયે ગલીયે પોળે પોળે પ્રેમનાં પૂર ઉભરાવે રે...
આજે અમારા મંદિરીયાંમાં...

નરસિંહ હરિગુરૂ સંત કૃપાથી, બ્રહ્મ દ્વાર ખોલે રે,
દેહને દુનિયા દૂર કરીને નિજ દેદાર માલે રે...
આજે અમારા મંદિરીયાંમાં...



## ૭૫. આત્માને જાણતા હો...

રાગ : હરિના નામનો હો.

આત્માને જાણતા હો... અમર થવાય છે.
એકને જાણતાં હો... અનેક ઓળખાય છે...

સદ્ગુરૂને સેવતાંને જ્ઞાનમૃત ગોળતાં
દેહભાવ છોડતાં હો અમર થવાય છે.
આત્માને જાણતા હો...

હું ને મારૂ છોડતાં ને શુંરતી જગાડતાં
સ્વરૂપમાં માલતાં હો અમર થવાય છે.
આત્માને જાણતા હો...

સ્હેજ દશા પામતાંને દેદારમાં ડૂબતાં
નરસિંહ નિજાનંદમાં હો અમર થવાયા છે.
આત્માને જાણતા હો...



## ૭૬. હું ને ખોયા વિના રે...

રાગ : આત્માને. ઓળખ્યા વિના રે.

હું ને ખોયા વિનારે હરિ તમને નહિ મલે રે જી...
ખોટું ખોયા વિનારે ખરાની ખબર નહિ પડે રે જી...
અખંડ વસ્તું ગુરૂગમથી ઓળખાય (૨)
હું ને ખોયા વિના રે...

અહંના આંઠે રે આતમ હિરો ઢંકાઇ રહ્યો રે જી...
કુંડલ આંઠે જેમ કનક ઢંકાય (૨)
હું ને ખોયા વિના રે...

દેહના અધ્યાસે રે દેદાર તારાં દરસે નહિ રે જી...
ઘાટ આંઠે અઘાટ વસ્તું છુંપાય (૨)
હું ને ખોયા વિના રે...

મહા સાગર તરિયે રે, મોંઘા મૂલના મોતીડાં રે જી
માથાં મૂંકી મરજીવા લેવે હાથ (૨)
હું ને ખોયા વિના રે...

સદ્ગુરૂના શરણે રે નરસિંહ હું ની હોળી કરે રે જી..
બારી મેલી વણ મૂળીયાં વારી વેલ (૨)
હું ને ખોયા વિના રે...

## ૭૭. દેહભાવ છોડતાં હો...

રાગ : હરિના નામનો હો.

દેહભાવ છોડતાં હો... કેવળ હું આત્મા...
હું ને હું માં હોમતાં હો... કેવળ હું આત્મા...

કેવલ હું આત્મા શુધ્ધ સ્વયં મહાત્મા
દેહાતિત દેશમાં હો... કેવળ હું આત્મા... દેહભાવ...

મન બુધ્ધિ ઇન્દ્રીયો સૌ મૂજથી પ્રકાશતાં
વાસના મૂળીયું બાળતાં હો કેવળ હું આત્મા... દેહભાવ...

ભેદ ભ્રાન્તી ટાળતાં ને દેદારે માલતાં
પરનું પડળ ટાળતાં હો કેવળ હું આત્મા... દેહભાવ...

ગુરૂજ્ઞાન ગોળતાં ને દેદારે માલતાં
નરસિંહ નિજાનંદમાં હો કેવળ હું આત્મા... દેહભાવ...



## ૭૮. સુખનો સાગર સ્વરૂપ છે રે...

રાગ : વાણીના વનમાં ભૂલા પડ્યા રે.

સુખનો સાગર સ્વરૂપ છે રે...
પરમાં દુઃખો અપાર રે હો આત્મા
જાગીને જો નિજ રૂપને રે.. સુખના...

અજર અમર તું અખંડ છે રે...
ખંડીત સકલ બ્રહ્માંડ રે હો આત્મા
જાગીને જો નિજ રૂપને રે.. સુખના...

બ્રહ્માંડ રૂડું આખું બ્રહ્મથી રે...
બ્રહ્મ શાને કર્મે કૂટાય રે હો આત્મા
જાગીને જો નિજ રૂપને રે.. સુખના...

તું જ થી બીજું એ તારી કલ્પના રે...
લોકા લોકનો જ્ઞાયક રે હો આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સુખના...

નરસિંહ અભેદ પંથે આવતાં રે...
ઝીલે નિજ સુખનો સાગર રે હો આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સુખના...



## ૭૯. સચ્ચિદાનંદ સ્વરૂપ છે રે...

રાગ : વાણીના વનમાં ભૂલાં પડ્યા રે.

સચ્ચિદાનંદ સ્વરૂપ છે રે..
શાને ભૂલે નિજ ભાન રે હો આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સચ્ચિદાનંદ...

ચાર દેહો તે તો તું નહિ રે
તું છે દેહાતિતરે રે હો આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સચ્ચિદાનંદ...

ચાર વાણી તેતો તું નહિ રે
મન વાણીથી પાર રે હો આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સચ્ચિદાનંદ...

ચાર અવસ્થા ઓ તું નહિ રે
તું છે ત્રિકાળ એક રે આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સચ્ચિદાનંદ...

દાસ નરસિંહ ગુરૂગમથી રે
અનુભવીને ઓળખાય રે હો આત્મા
જાગીને જો નિજરૂપને રે.. સચ્ચિદાનંદ...



## ૮૦. હંસા જીવન મુક્ત થઇ...

રાગ : હંસા હદરે છોડ તો હરિ મલે રે જી.

હંસા જીવન મુક્ત થઇ જગમાં રહ્યા હો જી..
જેની વૃત્તિ અખંડ બ્રહ્માકાર મારા વિરા રે...
દુર્લભ દર્શન એવા સંતની રે જી.. હંસા...

હંસા દેહ રે છતાં વિદેહી રહ્યા હો.. જી..
ગાળ્યાં જ્ઞાન હિમાળે હાડ મારા વિરા રે
જીવતાં જીત્યો જેને કાળ ને રે જી
જેનાં બેસણાં બાવન બાર મારા વિરા રે..
દુર્લભ દર્શન એવા સંતની રે જી... હંસા...

હંસા પ્રત્યક્ષ પામ્યા જે પર બ્રહ્મ ને હો જી...
જેના હૈયે હરિ હજુર મારા વિરા રે
અમી રે ઝરે જેના અંગમાં રે જી
જેને દેખીને ઠરે આપણાં નયન મારા વિરા રે.
દુર્લભ દર્શન એવા સંતની રે જી.. હંસા...

હંસા હાટે રે હાટે હિરા ના મલે રે જી
ના હોય કંચન કેરા પહાડ મારા વિરા રે..
કેસરી સિંહોનાં ટોળાં ના ફરે રે જી
જેમ નરસિંહ સંસારે વિરલા સંત મારા વિરા રે..
દુર્લભ દર્શન એવા સંત ના રે જી.. હંસા...

## ૮૧. માંજો રે માણીયે...

રાગ : હંસા હદરે છોડ તો હરિ મલે રે જી.

હંસા ચાલાં રે જઇયે નિજ દેશમાં હો જી..
છોડી પરદેશી કેરી પ્રીત મારા વિરારે
માંજો રે માણીયે મહાપદની રે જી..

હંસા અજર અમર પદ આપણાં રે જી..
છોડી કાયા માયાના કોડ મારા વિરા રે
અલખ ના ઓરડા ઉગાડીયે હો જી..
ફાડી નાખીય પરનાં પોત મારા વિરા રે
માંજો રે માણીયે મહાપદની રે જી.. હંસા...

હંસા અલખના ઓરડે અખંડ દિવડા હો જી
જયાં થાવેના રાત કે પ્રભાત મારા વિરા રે
ત્રીકાળ જયોતિ જયાં જળ હળે રે જી..
જેનો તેજ છે અપરમ્ પાર મારા વિરા રે
માંજો રે માણીયે મહાપદની રે જી.. હંસા...

હંસા પાંખ રે વિના આપણ ઉડીયે હો જી
પગ વિના કાપીયે ઝાઝો પંથ મારા વિરા રે
આંખ રે વિના અલખ ઓળખીયે હો જી..
ઓળખાણ કરીને પામીયે અલખ મારા વિરા રે
માંજો રે માણીયે મહાપદની રે જી... હંસા...

હંસા ગુરૂની દયાથી નરસિંહ ગાય છે રે જી
ફૂલ પહેલાં આવેલાં મારે ફળ મારા વિરા રે
આ વાતો રે વિચારે કોઇ વિરલા રે જી..
જેને સદ્ગુરૂ મલીયા દ્યાળ મારા વિરા રે
માંજો રે માણીયે મહાપદની રે જી.. હંસા...



## ૮૨. જ્ઞાન મારા ગુરૂજીનું

રાગ : વાલા મારા હૈયામાં રહેજો.

જ્ઞાન મારા ગુરૂજીનું ન્યારૂ, ઘટોઘટ બ્રહ્મ ને ભારૂ
દેહાતિત દેદાર મારૂ, ઘટોઘટ બ્રહ્મને ભારૂ

સદ્ગુરૂ દેવે દયા કરીને સુતો દીયો રે જગાય (૨)
અનંત કાળનું સ્વપ્નું ઉડયું, ઉગ્યો અનુભવ ભાણ રે...
જ્ઞાન મારા ગુરૂજીનું...

અખિલ બ્રહ્માંડમાં એક જ આતમ, ખેલે નિરાધાર (૨)
સચ્ચિદાનંદ સ્વરૂપ સઘળે, ગુરૂગમથી દરશાય રે...
જ્ઞાન મારા ગુરૂજીનું...

આદિ અંતને મધ્ય માંહી, ચેતન સભર જણાય (૨)
દાસ નરસિંહ દેહથી ન્યાળાં, નિરખ્યાં નિજ દેદાર રે...
જ્ઞાન મારા ગુરૂજીનું...



## ૮૩. સત્ચિત્ત આનંદ રૂપ આપણાં રે લોલ..

રાગ : એક લાલ દરવાજે.

સત્ચિત્ત આનંદ રૂપ આપણાં રે લોલ;
તેને ભૂલી ના પડશો ભવ કૂપમાં રે લોલ.

આત્મા છે અવિનાશી, જે શુધ્ધ સ્વયં પ્રકાશી;
જેને કાળ કરેના ઉદાશી, જે પૂરણ રહ્યો પ્રકાશી,
પુરણ પદને પરખી લઇને, જન્મ મરણને ટાળાં,
સત્ચિત્ત આનંદ રૂપ આપણાં રે લોલ...

જેને શસ્ત્રો કદિ ના છેદે, જેને અગ્નિ કદિ ના બારે,
જેને જળ ના ભીંઝાવે, જેને વાયું ના સુકાવે;
ચંદા સૂરજ પ્રકાશે નહિં, જે તેજ તણા અંબારા,
સત્ચિત્ત આનંદ રૂપ આપણાં રે લોલ...

નેતિ ભણે છે વેદો, શ્રુતિ ના જાણે ભેદો,
હોય પુરા ગુરૂનો કોઇ ચેલો; જેને પ્રકટ અનુભવેલો.
નરસિંહ પ્રકટ પરખી લઇને, નિર્ભય માંજો માણાં,
સત્ચિત્ત આનંદ રૂપ આપણાં રે લોલ...



## ૮૪. મારા આતમ ના અજવાળે રે..

રાગ : મારી ગાંર ના જવાળા રે.

મારા આતમના અજવાળે રે, સૂરજ ઝાંખા પડે;
મારા સ્વરૂપના ચમકારે રે, સૂરજ ઝાંખા પડે.
લાખ લાખ ચંદા ચમકે,
કોટિ કોટિ ભાણ ઊગે,
એવા ભાણ ભોંઠા પડે રે, સૂરજ ઝાંખા પડે,
મારા આતમના અજવાળે રે.
અનંત કોડિયાંમાં માંહી,
અમર જયોતો ઝરહળે,
એવા સ્વયં ના અજવાળે રે, સૂરજ ઝાખાં પડે.
મારા આતમના અજવાળે રે.
નહિ જન્મે નહિ મરે;
નહિ આવે નહિ જાવે;
એવા અખંડના અજવાળે રે, સૂરજ ઝાંખા પડે.
મારા આતમના અજવાળે રે.
દાસ નરસિંહ નિજાનંદે,
દેહ મૂકી દેદારે માલે;
એવા પ્રગટ અજવાળે રે, સૂરજ ઝાંખા પડે.
મારા આતમના અજવાળે રે.

## ૮૫. એક અજર અમર ભાન ભૂલીયો રે..

રાગ : સત્ચિત્ત આનંદ રૂપ આપણાં રે લોલ.

એક અજર અમર ભાન ભૂલીયો રે લોલ;
ભાન ભૂલ્યોને ભવ એને આવીયો રે લોલ.

દેહનો પહેર્યો ડગલો, અવિધ્યાએ ઘેર્યો ઢગલો;
આશા તૃષ્ણા એ તણાયો, કામ ક્રોધની લાગી લાયો,
શિવ મટીને જીવ થયો, ત્યાં જમડે ગાલ્યો ઘેરો,
એક અજર અમર ભાન ભૂલીયો રે લોલ.

અહંનો લાગ્યો લૂણો; હું-તુંનો ઝઘડો હાલ્યો;
દ્વૈતનો પડ્યો પડદો, કાચ જોઇને કૂતરો ભસ્યો,
એક છતાંય અનેક રૂપે દેહોથી દેખાયો,
એક અજર અમર ભાન ભૂલીયો રે લોલ.

દાસ નરસિંહ નિજ પદ પાવે, સદ્ગુરૂજી જ્ઞાન બતાવે;
દેહ મૂકી દેદારે માલે, ફેર જન્મ-મરણમાં ના આવે,
સચ્ચિદાનંદ સ્વરૂપે રહીને અવઘટ ઘાટે માલે,
એક અજર અમર ભાન ભૂલીયો રે લોલ.



## ૮૭. મનવા જાગી જોને મારા ભાઇ રે..

રાગ : આરે કાયામાં હિંડોળો રચિયો.

આરે કાયામાં અખંડ દિવડો, આરે કાયામાં રે હો હો હો...
હે અખંડ દિવડો ઝગમગ જયોત લ્હેરાય રે;
મનવા, જાગી જાને મારા ભાઇ રે.. હો હો..જી.. આરે.

જાગી ને જૂવો, શુરતા જોડો (૨) નિજ ને સ્વરૂપ ની માંય રે
મનવા, જાગી જાને મારા ભાઇ રે.. હો હો..જી.. આરે.

કાયા રે જન્મે કાયા રે મરે, કાયા આવે ને જાવે,
અવિનાશી નહિ, આવે ને જાવે (૨) દેહ જાણો વિનાશી રે,
મનવા, જાગી જાને મારા ભાઇ રે.. હો હો..જી.. આરે.

અજરા અમર, અખંડ બ્રહ્મ ઘટમાં રહ્યો ગાજી,
બ્રાહીર ભીતર, બ્રહ્મને ભારી (૨) જન્મ-મરણ દર્યો ટાળી રે,
મનવા, જાગી જાને મારા ભાઇ રે.. હો હો..જી.. આરે.

શસ્ત્રો ના છેદે અગ્નિના બારે, પાણી શકે નહિ પલાળી,
વાયુ એને સુકવે નહિ (૨) સ્વયં પ્રકાશી જાણો રે.
મનવા, જાગી જાને મારા ભાઇ રે.. હો હો..જી.. આરે.

દાસ નરસિંહ નિજ સ્વરૂપે, મ્યાન તલવાર જેમ ન્યારો;
હે મુત્યુ માથે પણ મુકીને (૨) અમર પદને પાવે રે.
મનવા, જાગી જાને મારા ભાઇ રે.. હો હો..જી.. આરે.



## ૮૬. સોહંમ્ માળા..

રાગ : ગોકુળ વ્હેલા પધારજો રે.

સોહંમ્ માળા હ્દીયે જપુ રે...
જપીયે અજંપાના જાપ હો લાલ...
સોહંમ્ માળા હ્દીયે જપુ રે...

સદ્ગુરૂ દેવે દયા કરી રે...
આપ્યા સોહંમ્ સ્વરૂપનાં દાન હો લોલ...
સોહંમ્ માળા હ્દીયે જપુ રે...

હોઠના હાલે કે જીભ ચાલે નહિં રે...
મનડું મરજીવું થઇને માલે હો લાલ...
સોહંમ્ માળા હ્દીયે જપુ રે...

નાભિ કમળથી નામ ઉઠતું રે...
હ્દય કમળ ખીલી ઉઠે હો લાલ...
સોહંમ્ માળા હ્દીયે જપુ રે...

ધૂન લાગીને ગગન ગાજતું રે...
શુરતી શૂન્ય શિખર ગઢ માલે હો લાલ...
સોહંમ્ માળા હ્દીયે જપુ રે...

નરસિંહ સોહંમ્ હંસ સભર રમે રે...
બ્રહ્માંડ આખું સોહંમ્થી શોભે હો લાલ...
સોહંમ્ માળા હ્દીયે જપુ રે...



## ૮૮. કપૂત ક્યાંથી પેટ પડ્યો રે જી..

રાગ : ઘેલી રે દુનિયાને ઘેર લાવાં રે.

જેનાં મા-બાપ ખૂણે બેસી રૂવે રે, કપૂત ક્યાંથી પેટ પડ્યો રે જી.
જેની જનેતા બળતા હૈયે બોલે રે, પથરો ક્યાંથી પેટ પડ્યો રે જી..

મળ મૂત્ર ધોઇ મોટો કીધો, પરણાવી લાડીનો કીધો.
તે દિનથી દુઃખનો ડુંગર તૂટ્યો રે, કપૂત ક્યાંથી પેટ પડયો રે જી
જેનાં મા-બાપ ખૂણે બેસી રૂવે રે...

બાપાને ડોસો કહે, સસરાજીને બાપો કહે જી.
એની પરણીનો પડ્યો બોલ ઝીલે રે, કપૂત ક્યાંથી પેટ પડ્યો રે જી.
જેનાં મા-બાપ ખૂણે બેસી રૂવે રે...

સાળી સાડી પહેરીને જાવે, બહેન ભાણેજ રોતાં જાવે..
એવો કલયુગ આવ્યો કૂડો રે, કપૂત ક્યાંથી પેટ પડયો રે જી.
જેનાં મા-બાપ ખૂણે બેસી રૂવે રે...

અનંત ઉપકાર મા-બાપ ના, ભૂલ્યા છોરા કલિકાળના જી...
ડુંગર જેવડું દેવું લઇને જાવ રે, કપૂત ક્યાંથી પેટ પડ્યો રે જી.
જેનાં મા-બાપ ખૂણે બેસી રૂવે રે...

મા-બાપનાં કાળજાં બાળે, ઘરડા ઘરમાં મૂકી આવે જી...
કહે નરસિંહ સુખીના થાવે રે, કપૂત ક્યાંથી પેટ પડ્યો રે જી.
જેનાં મા-બાપ ખૂણે બેસી રૂવે રે...

## ૮૯. પ્રકટનાં પાવલાં ધોઇ પીવો..

રાગ : હંસા જીવન મૂક્ત થઇ.

હંસા પ્રકટ સદ્ગુરૂજી ને સેવીયે રે જી...
દિવા વિના ન દિવડો થાય મારા વીરા રે...
પ્રકટનાં પાવલાં ધોઇ પીવો રે જી... હંસા...
હંસા જાગેલા જગાડે ભવનિંદથી રે જી...
જેમની દેદાર દશાઓ ભરપૂર મારા વીરા રે...
પ્રકટનાં પાવલાં ધોઇ પીવો રે જી... હંસા...
હંસા અગ્નિ ભરેલો વનના લાકડે રે જી...
છતાં વનમાં અંધારાં ઘોર મારા વીરા રે...
પ્રકટનાં પાવલાં ધોઇ પીવો રે જી... હંસા...
હંસા ખજાનો ખરો પણ ખબર નહિં રે જી...
પારસ પરખ્યા વિના જીવ પામર મારા વીરા રે...
પ્રકટનાં પાવલાં ધોઇ પીવો રે જી... હંસા...
હંસા ગોળ રે કહેતાં મોં ગળ્યા થાય નહિં રે જી...
લાખ કહેતાં ન લખપતિ થવાય મારા વીરા રે...
પ્રકટનાં પાવલાં ધોઇ પીવો રે જી... હંસા...
હંસા દાસ રે નરસિંહ ને પૂરા સંત મળ્યા રે જી...
દેહ મૂકીને માલે દેદાર મારા વીરા રે...
પ્રકટનાં પાવલાં ધોઇ પીવો રે જી... હંસા...



## ૯૦. સદ્ગુરૂ મલ્યા દીન દયાળ..

રાગ : પગ મને ધોવા ધ્યોને રઘુરાય.

સદ્ગુરૂ મલ્યા દીન દયાળ, અંતર વરસે અમીધાર, સદ્ગુરૂ...
અમૃત પીને અમર થયો, કાળને આપી હાર જી...
અજર અમર સત્ સ્વરૂપનાં (૨) સદ્ગુરૂ આપ્યાં દાન સદ્ગુરૂ...
નિજ પદ પામી નિર્ભય થયો, સુખ શું જાણે સંસાર જી..
જન્મ મરણ નહિ હમારે (૨) નહિ આવાગમન... સદ્ગુરૂ...
કાયા માયાથી ન્યારો થઇને, ખેલુ ખાંડા ધારથી,
કાળ નું કાળને સોંપી દઇને (૨) નરસિંહ માલે બાવન બ્હાર, સદ્ગુરૂ...



## ૯૧. આંખડી બગડી રે હો જેની..

રાગ : ભાવની ભાખરી રે હો ખાવા.

આંખડી બગડી રે હો જેની, ગાડી ગબડી રે હો તેની,
હાંરે ડૂબે ભવસાગરની માંહી, આંખડી બગડી રે હો
જેની....

વિષય વિકારે ચિત્ત રગડાયું,
હાં રે કામાતુર વૃત્તિ હોય જેની, આંખડી બગડી રે હો
જેની....

જ્યાં ત્યાં આંખડી એની ભમતી,
હાં રે વર્ષા પાપો કેરી કરતી, આંખડી બગડી રે હો
જેની....

દાસ નરસિંહની શીખ નિરાલી,
રાખો સ્વરૂપે વૃત્તિ વાળી, આંખડી બગડી રે હો
જેની....



## ૯૨. હેલી અમે પંખીડાં અગમ દેશનાં..

રાગ : હેલી આરે ચોઘડીયાં લાભનાં.

હેલી અમેરે પંખીડાં અગમ દેશનાં.
ઉંડી જઇયે અમારા દેશ-રે રહીયે ના પરદેશ રે.
પંખીડાં અગમ દેશનાં...
હેલી પરદેશિયાંથી શી વાતો કરું;
મારી બોલી ના સમજે કોઇ, જડ વાદી જીવડા હોય રે.
પંખીડાં અગમ દેશનાં...
હેલી મન રે બુધ્ધિનાં, મળીયાં મેલીને;
ઉડી જઇયે અલખના દરબાર રે, પરાની પાર રે.
પંખીડાં અગમ દેશનાં...
હેલી અલખના દરબારે, અખંડ દીવડા;
જ્યાં થાય ના રાત કે પ્રભાત રે, અખંડ જ્યોત લહેરાય રે.
પંખીડાં અગમ દેશનાં...
હેલી વિનારે, વાદળ વરસ્યા મેહુલા;
વિના ધરતી પાકે ઝાઝાં ધાન રે, શઠને ના હોય સાન રે.
પંખીડાં અગમ દેશનાં...
હેલી જનમ-મરણ, જ્યાં વ્યાપે નહિ;
જ્યાં કાળનો ના હોય માર રે, નરસિંહ પદ નિર્વાણ.
પંખીડાં અગમ દેશનાં...

## ૯૩. હેલી આરે ચાંઘડીયાં લાભનાં..

રાગ : હેલી આરે ચોઘડીયાં લાભનાં.

હેલી આરે ચાંઘડીયાં લાભનાં;
તમે ફરીલ્યાં અમર વરથી ફેરા રે, ઉઠી જાય જમના ડેરા રે;
ચોઘડીયાં લાભનાં....
હેલી મશાણીયા, વરની પ્રીત છોડી;
તમે અખંડ વરથી પ્રીતિ બાંધાં રે, જૂનાં સગપણ શોધાં રે.
ચોઘડીયાં લાભનાં....
હેલી મનનાં તે મીંઢળ બાંધજો;
સુરતા દોરીએ સોહમ્ પરોવાં રે ઘટોઘટ જાુવો રે.
ચોઘડીયાં લાભનાં....
હેલી પ્રેમનાં પટોળાં પહેરજો;
સમ્યક્ દર્શનનો ચૂડિલો સારો રે, કોડીલા વર ને પ્યારો રે.
ચોઘડીયાં લાભનાં....
હેલી હેતના હાર હૈયે ધરજો;
કેવલ્ય કંકુનો ચાંલ્લો સોહાવાં રે, મુક્તિના પંથે આવાં રે.
ચોઘડીયાં લાભનાં....
હેલી દાસ રે ''નરસિંહ''ની આ વિનંતી;
તમે 'હું' ને 'મારું' હેઠું મેલાં રે, 'સ્વરૂપે' માલાં રે.
ચોઘડીયાં લાભનાં....



## ૯૪. હેલી લાવ્યો રે ઔષધિ અગમ દેશની..

રાગ : હેલી આરે ચોઘડીયાં લાભનાં.

હેલી લાવ્યો રે ઓષધિ અગમ દેશની;
તારાં પડળ ઉતારી દઉ પલમાં રે, ભેળવી દઉ બ્રહ્મમાં રે.
ઔષધિ અગમ દેશની...હેલી....

હેલી નાડીરે જોઇને ઔષધ આપું;
પ્રેમે પાઇ દઉ ગુરૂગમવાળી પ્યાલી રે, ખૂલી જાય બ્રહ્મ બારી રે.
ઔષધિ અગમ દેશની...હેલી....

હેલી સમ્યક્ શુરમો રે આંજુ આંખમાં;
ટળી જાય દેહ દ્રષ્ટી વાળો ચારો રે, ઓળખાય આતમ ન્યાળો રે,
ઔષધિ અગમ દેશની...હેલી....

હેલી કાઢું રે જડ, જન્મ-મરણની;
જીવને ચાદર ઓઢાડું સદા શિવની રે, અવિચળ પદની રે,
ઔષધિ અગમ દેશની...હેલી....

હેલી ગુરૂગમ ઔષધિ ''નરસિંહ'' ઘૂંટતો;
મરજીવા મફત લૂંટી જાય રે, નુંગરા ફેરા ખાય રે,
ઔષધિ અગમ દેશની...હેલી....



## ૯૫. અમે પીધા પિયાલા રે..

રાગ : અમે રમકડાં રે.

અમે પીધા પિયાલા રે, જ્ઞાનામૃતના;
હાંરે મારા ગુરૂજીએ પ્રેમ દાન દીધા પિયાલા રે.
જ્ઞાના મૃતના.... અમે....
પીધા પિયાલા ને દિલ થયા ઉજળા;
મન બુધ્ધિ ને ચિત્ત પામ્યા છે સ્થિરતા,
હાંરે અમે અંતરવૃત્તિના સુખવાળા, પિયાલા રે.
જ્ઞાના મૃતના.... અમે....
દેહ ભાવ છુંટતાં દેવ દીઠા ઢુકડા;
ફૂટી ગયા ઠામ આજે ભવરે દુઃખના,
હાંરે ગુરૂદેવ મલ્યા દયાવાળા, પિયાલા રે.
જ્ઞાના મૃતના.... અમે....
પામ્યા અખંડ સુખ નિજ સ્વરૂપના;
અજર અમર અને પ્રકટ બ્રહ્મના.
હાંરે ઉરમાં બ્રહ્મ જયોતિના અજવાળા, પિયાલા રે.
જ્ઞાના મૃતના.... અમે....
નરસિંહ મસ્ત થઇ ખોલે દ્વાર દેવના;
કહે સંદેશા સદા અમર લોકના.
હાંરે અમે નિજ દેદારે દિવાના, પિયાલા રે.
જ્ઞાના મૃતના.... અમે....



## ૯૬. ગુરૂ મારે પાયા રે પિયાલો....

રાગ : મારુ મનતો મોહ્યું રે.

ગુરૂ મારે પાયા રે પિયાલા,
વાગ્યા નિર્ભય નગારા અગમ દેશમાં હોજી;
હે જી ખૂલ્યા ભાયગ હમારા રે હાં...હાં.
ગુરૂ મારે પાયા રે પિયાલા....વાગ્યા...
ગુરૂજીના જ્ઞાને અમર પદ પાયાં;
હે જી જખમારે જમડાંની ફાંજો રે હાં...હાં.
ગુરૂ મારે પાયા રે પિયાલા....વાગ્યા...
અગમ અગોચર પદ મારે જાહેર થયાં છે;
હે જી ભાગી ભ્રાન્તીને પાયાં બ્રહ્મ પદ રે હાં...હાં.
ગુરૂ મારે પાયા રે પિયાલા....વાગ્યા...
નુગરા ના જાણે વાતો નિજ ઘર કેરી;
હે જી ભૂલ્યા જે સ્થૂલની ભાતે રે હાં...હાં.
ગુરૂ મારે પાયા રે પિયાલા....વાગ્યા...
નરસિંહ નિર્ભય થઇ અઘાટ પદ ખેલે;
હે જી વિરલા આવે કોઇ આ વાટેરે હાં...હાં.
ગુરૂ મારે પાયા રે પિયાલા....વાગ્યા...

## ૯૭. સ્વરૂપની લ્હેરમાં હો..

રાગ : હરિના નામનો હો.

સ્વરૂપની લ્હેરમાં હો... નિર્ભય હું ખેલતો;
મુક્તિની મોજમાં હો... નિર્ભય હું ખેલતો,
નિર્ભય હું ખેલતો, નિજાનંદે ડોલતો;
મસ્તીના મહેલમાં હો.. નિર્ભય હું ખેલતો.
સ્વરૂપની.....

ગુરૂજીના જ્ઞાનમાં ને, સોહંમના ગાનમાં;
આત્માના ધ્યાનમાં હો... નિર્ભય હું ખેલતો.
સ્વરૂપની.....

દેહ નેંહ છોડતાં ને, મોહ માયા તોડતાં;
ડૂબી દેદારમાં હો... નિર્ભય હું ખેલતો.
સ્વરૂપની.....

નરસિંહ મસ્ત થઇ ગુંમે ગગનમાં;
દેહાતિત દેશમાં હો... નિર્ભય હું ખેલતો.
સ્વરૂપની.....



## ૯૮. હું દેહ નથી છું દેવ..

રાગ : ઘટ ઘટમાં મારો વાસ.

હું દેહ નથી છું દેવ... એવું સદ્‌ગુરૂ દેવે સમજાવ્યું,
હું જીવ નથી છું શીવ.. એવુ સદ્‌ગુરૂ દેવે સમજાવ્યું.
દેહ ભાવે જીવ થઇ ભટક્યો, જન્મ-મરણની માંય...
સદ્‌ગુરૂ મલીયા તરણ તારણ (૨)
છું હું દેહાતિત... એવું સદ્‌ગુરૂ દેવે સમજાવ્યું
હું દેહ નથી છું દેવ...

સચ્ચિદાનંદ સ્વરૂપ છું હું, અજર અમર અવિનાશી,
સ્થૂલ સુક્ષ્મને કારણ માંહી (૨)
પડે મારો પ્રકાશ... એવું સદ્‌ગુરૂ દેવે સમજાવ્યું
હું દેહ નથી છું દેવ...

અખિલ બ્રહ્માંડ છે બ્રહ્મથી રૂડું, જાણે જાણન હાર,
વેવલા વાતો કરી જાણે (૨)
ઠરે નહિ નિજ ઠામ... એવું સદ્‌ગુરૂ દેવે સમજાવ્યું
હું દેહ નથી છું દેવ...

નરસિંહ નિર્મલ ગુરૂ કૃપાથી, થયું સ્વરૂપનું જ્ઞાન,
જ્ઞાને ઘર પોતાનું જાણી (૨)
પાવું પદ નિર્વાણ... એવું સદ્‌ગુરૂ દેવે સમજાવ્યું
હું દેહ નથી છું દેવ...



## ૯૯. જ્યારે ઠરી જાય તનને મન..

રાગ : હું દેહ નથી છું દેવ.

જ્યારે ઠરી જાય તનને મન, ત્યારે સ્હેજ સમાધિ લાગે છે...
જ્યારે વૃત્તિઓ બની જાય છે શૂન્ય, ત્યારે સ્હેજ સમાધિ લાગે છે...

મન વાણી ઇન્દ્રિયો સૌ, શૂન્ય બની જ્યાં જાય....
બુધ્ધિ બજારો બંધ કરીને (૨)
સ્થિર બની જ્યાં જાય, ત્યારે સ્હેજ સમાધિ લાગે છે.
જ્યારે ઠરી જાય તનને મન....

સંકલ્પ છૂટે, વિકલ્પ છૂટે, છૂટે દ્વૈતના દાવ;
હું થી છૂટી હળવા થાતાં (૨)
જ્યારે તૂંટી જાય અહંમના મૂળ, ત્યારે સ્હેજ સમાધિ લાગે છે.
જ્યારે ઠરી જાય તનને મન....

જીવ શીવની એકતા થાતાં, ખુલી જાવે બ્રહ્મ દ્વાર;
નરસિંહ હું માં હું હોમિને (૨)
મસ્ત બની ને જ્યાં જાય, ત્યારે સ્હેજ સમાધિ લાગે છે.
જ્યારે ઠરી જાય તનને મન....



## ૧૦૦. ગુરૂ વિના જ્ઞાન ન થાયે..

રાગ : તરવાનું જે કોઇ ચાહે.

ગુરૂ વિના જ્ઞાન ન થાયે.... કરોડ ઉપાયે;
જ્ઞાન વિના મુક્તિ ના થાયે.... કરોડ ઉપાયે.

ભવ સાગરમાં નાવિક વિના;
પહોંચે નહિ નિજ ધામે... કરોડ ઉપાયે... ગુરૂ વિના...

તપ કરી ભલે તનડાં સુંકાવે;
વૃત્તોમાં વર્ષો ગુમાવે.. કરોડ ઉપાયે... ગુરૂ વિના...

ટેક ધરી ભલે તિર્થોમાં ફરે;
નખ શીખ જટા વધારે... કરોડ ઉપાયે... ગુરૂ વિના...

ગામ ઘર દેશ વેષ જ બદલે;
મનવો નહિ બદલાયે... કરોડ ઉપાયે... ગુરૂ વિના...

ઘરમાં ખોયો હિરો ગંગામાં ગોતે;
ત્યાં ક્યાંથી હાથમાં આવે...કરોડ ઉપાયે... ગુરૂ વિના...

અંતર દ્વારે ઘોર અંધારૂ;
દષ્ટા નહિં દર્શાયે... કરોડ ઉપાયે... ગુરૂ વિના...

દાસ નરસિંહ કહે ગુરૂગમ વિના;
જન્મ-મરણ નહિ જાવે... કરોડ ઉપાયે... ગુરૂ વિના...

## ૧૦૧. નિંદા કરનારને..

રાગ : જન્મ આપ્યો ભૂખ્યા નહિ રાખશે.

નિંદા કરનારને નવરો ના જાણશો...
એને ઘડી નો નથી વિશ્રામ, પલ એક આરામ,
નવરો ના જાણશો... નિંદા કર નારને.....
ધ્રુવે સંતોના સદાય લુગડાં;
ઘસે ગાંઠનો એતો સાબુ, જીવન એનું આખું,
નવરો ના જાણશો... નિંદા કરનારને.....
જેને પોતાનાં પાનાં વાળી મેલ્યાં;
પારકા પોટલાં માથે ધરે, ઘરોઘર ફરે,
નવરો ના જાણશો... નિંદા કરનારને.....
જમતાં ભમતાં ધંધો એનો ચાલતો;
એને જીભ્યાએ ચાલે છે રંધ્યો, હૈયે વાળ્યોં વંડો,
નવરો ના જાણશો... નિંદા કરનારને.....
એવો ઉપકારી જગમાં કોણ છે;
પોતે ડૂબી બીજાને તાળે, જીવન એ બગાડે,
નવરો ના જાણશો... નિંદા કરનારને.....
સંતોને નિંદા સ્તુતિ બે સરખાં;
નરસિંહ નિંદા થતાં રહ્યો રાજી, જીતવી જગની બાજી,
નવરો ના જાણશો... નિંદા કરનારને.....



## ૧૦૨. જેના ઘરમાં હરિનું પૂજન છે..

રાગ : જેના મુખમાં રામનું નામ નથી.

જેના ઘરમાં હરિનું પૂજન છે, એનો સંસાર સ્વર્ગ સમાનજ છે,
જેના ઘરમાં સત્‌સંગ કિર્તન છે, એનો સંસાર સ્વર્ગ સમાનજ છે,

જયાં હરિ ગુરૂ સંતના પૂજન છે, જયાં સત્ય ધર્મનું પાલન છે,
જયાં માતા-પિતા ની સેવા છે, એનો સંસાર સ્વર્ગ સમાનજ છે.
જેના ઘરમાં હરિનું....

જેના ઘરમાં સંપની સંપત્તિ છે, જેની સંતતી સદ્ ગુણીયલ જ છે;
જેના ઘરમાં સુંલક્ષણી નારી છે, એનો સંસાર સ્વર્ગ સમાન જ છે.
જેના ઘરમાં હરિનું....

જેના ઘરમાં ગરીબને ટુકડો છે, એને હરિ સદાય ઢુકડો છે,
જ્યાં દિન દુઃખીયાની સેવા છે, એનો સંસાર સ્વર્ગ સમાન જ છે.
જેના ઘરમાં હરિનું....

જેને હરિનું હરિને સોપ્યું છે, જેનુ ચિત્ત સ્વરૂપે લાગ્યું છે;
દાસ નરસિંહ જીવન મુક્ત છે, એનો સંસાર સ્વર્ગ સમાન જ છે.
જેના ઘરમાં હરિનું....



## ૧૦૩. આત્મા હો આત્મા..

રાગ : શામળા હો શામળા.

આત્મા હો આત્મા, અજર અમર આત્મા;
જન્મ-મરણથી રહિત આત્મા, આત્મા હો આત્મા....
શસ્ત્રો ના છેદે, અગ્નિ ના બાળે;
નિર્ભય નિર્વીકાર આત્મા, આત્મા હો આત્મા ....
જળ ના ભીંઝાવે, વાયુના સુકાવે;
ચડે નહિ ચગડોળ આત્મા, આત્મા હો આત્મા ...
સૂર્યના પ્રકાશે, ચન્દ્રના પ્રકાશે,
પોતે સ્વયં પ્રકાશ આત્મા, આત્મા હો આત્મા ....
આકાશથી ઉંચો, પૃથ્વીથી પહોળો;
અનંત ને અપાર આત્મા, આત્મા હો આત્મા ....
સકળ લોકમાં સત્તા છે એની;
ઘટઘટમાં વસનાર આત્મા, આત્મા હો આત્મા ....
નરસિંહ નામ રૂપ ગુણ ને છેદતાં;
સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા, આત્મા હો આત્મા ....



## ૧૦૪. છૂટે નહિ ચોરાસી..

રાગ : જેવો તેવો પણ તારો.

છૂટે નહિં ચોરાસી, દેહ તણી જયાં દષ્ટિ;
દેહ દષ્ટિથી દ્વૈત્ય જ ભાસે;
કોઇ પુરૂષ કોઇ નારી ભાસે.
થાવેના સમ્યક્ દૃષ્ટિ, દેહ તણી જયાં દષ્ટિ, છૂટે નહિં ચોરાસી...
જયાં જયાં ચિતડું એનું ફરતું;
ત્યાં ત્યાં સંસાર ઉભો કરતું.
થાતી પાપની વૃષ્ટિ, દેહ તણી જયાં દષ્ટિ, છૂટે નહિં ચોરાસી...
કોઇ વાલા કોઇ વેરી લાગે;
કોઇ ઉંચા કોઇ નિચા લાગે.
ભિન્ન-ભિન્ન ભાસે સૃષ્ટિ, દેહ તણી જયાં દષ્ટિ, છૂટે નહિં ચોરાસી...
કોઇથી રાગો કોઇથી દ્વેષો;
કોઇથી કરતો જીવ કલેશો.
થાવે ના અમૃત વૃષ્ટિ, દેહ તણી જયાં દષ્ટિ, છૂટે નહિં ચોરાસી...
હું પદ ગાંઠચો હૈયે કૂચે;
નરસિંહ સ્વરૂપ કયાંથી સૂઝે.
પામે ના સ્વરૂપ સિધ્ધિ, દેહ તણી જયાં દષ્ટિ, છૂટે નહિં ચોરાસી...

## ૧૦૫. હું તો પ્રકટ ખેલુ રે..

રાગ : મસ્તી માય નહિ રે.

હું તો પ્રગટ ખેલુ રે... જગમાં જાહેર ખેલુ રે,
તોય દુનિયા તો ના દેખે, હું તો પ્રગટ ખેલુ રે...

જડ દેહો ને હું જીવાડું, નાના મોટા રૂપે રમાડું,
રગેરગમાં ખેલુ, ઘટોઘટમાં બોલુ...
તોયે દુનિયા તો ના દેખ, હું તો પ્રગટ ખેલુ રે.....

સૂર્યમાં પ્રકાશો મુકતો, ચન્દ્રમાં શીતળતા ભરતો;
નવલખ તારામાં તેજો, પુરું ટેકથી રે..
તોયે દુનિયા તો ના દેખ, હું તો પ્રગટ ખેલુ રે.....

વર્ષાની વાદળીયો ભરતો, અમૃત કેરી ધારા કરતો;
ખૂણે ખૂણે રહી સીંચુ, ઝાઝી ખંતથી રે,
તોય દુનિયા તો ના દેખ, હું તો પ્રગટ ખેલુ રે.....

સકલ સૃષ્ટિનું બીજ હું છું, સર્વજ્ઞ હું સચરાચર છું;
''નરસિંહ'' બ્રહ્મ દિવડો થઇ, નયનોમાં વસ્યો રે.
તોયે દુનિયા તો ના દેખે, હું તો પ્રગટ ખેલુ રે.....



## ૧૦૬. મરશુ નહિ રે અમો..

રાગ : દિવડો બળે રે મારો દિવડો બળે.

મરશુ નહિ રે અમે મરશુ નહિ રે;
મૃત્યુના માર્યા અમે મરશુ નહિ રે,

સદ્‌ગુરૂ દેવે સત્ય સ્વરૂપ સમજાવ્યું રે;
અવિદ્યાના ચાકડે અમો ચડશુ નહિ રે,
મૃત્યુ ના માર્યા અમે મરશુ નહિ રે.....

અખંડ અવિનાશી એવાં સ્વરૂપ હમારા રે;
કાળનો કોળિયો અમો થઇશું નહિ રે,
મૃત્યુ ના માર્યા અમે મરશુ નહિ રે.....

જન્મે ને મળે એનો જડ દેહ જાણો રે;
દેહાતિત દેદાર અમો ચૂકશુ નહિ રે,
મૃત્યુ ના માર્યા અમે મરશુ નહિ રે.....

''નરસિંહ'' સચ્ચિદાનંદ સ્વરૂપ પામી રે;
કાળનાં ડરાવ્યાં અમો ડરશુ નહિ રે,
મૃત્યુ ના માર્યા અમે મરશુ નહિ રે.....



## ૧૦૭. કોના ગુણલા ગાવુ હવે હું..

રાગ : રાધેના શ્યામની ને સીતાના રામની.

કોના ગુણલા ગાવુ હવે હું, સઘળે એક જણાઉં છું;
સઘળે એક જણાઉં મારા વાલા, કોને વાલો કહી બોલાવું રે.
કોના ગુણલા ગાવુ હવે હું....

સદ્‌ગુરૂ દેવની દયારે થાતાં, અસલ સ્વરૂપ ઓળખાયું રે.
કોના ગુણલા ગાવુ હવે હું....

અખિલ બ્રહ્માંડમાં એક હું આત્મા;
આપે આપમાં સમાઉં રે, કોના ગુણલા ગાવુ હવે હું....

દૃશ્ય પદારથ દૂર થઇ જાતાં;
દૃષ્ટાસભર હું જણાઉં રે, કોના ગુણલા ગાવુ હવે હું....

બોલુ, બોલાવુ તોય હું નો હું;
બીજો અનુભવમાં નાવે રે, કોના ગુણલા ગાવુ હવે હું....

દાસ નરસિંહ સદ્‌ગુરૂ ને પામી;
સાચે સાચુ હું ગાઉ રે, કોના ગુણલા ગાવુ હવે હું....



## ૧૦૮. હેલી જીવતાં જુઓ રે ઘર આપણાં..

રાગ : હેલી આરે ચાંઘડીયામં લાભનાં.

હેલી જીવતાં જુવો રે ઘર આપણાં;
મૂવા પછી ના મલે મુક્તિ રે, બ્રહ્મણામાં રહેશો ભટકી રે.
જુઓ ને ઘર આપણાં.....

હેલી મડદા પૂજે રે, મહા પદ ના મલે;
તમે જડની પ્રીતો છોડાં રે, સ્વરૂપે શુરતા જોડાં રે.
જુઓ ને ઘર આપણાં.....

હેલી ઠાંરરે વિનાની શી ઠાકરી;
જેવી ખીલડા વિનાની ઘંટી રે, ખોલોને અંતર ખીડકી રે.
જુઓ ને ઘર આપણાં.....

હેલી અનુમાને યુગ અનંત વિત્યાં;
આ યુગે અસલ ઘર કરાં નક્કી રે, સદ્‌ગુરૂ બતાવે યુક્તિ રે.
જુઓ ને ઘર આપણાં.....

હેલી દાસ રે નરસિંહ ગુરૂ ગમથી;
મ્હાલ દ્વૈતના પડદા ફાડી રે, સભર બ્રહ્મને ભાળી રે.
જુઓ ને ઘર આપણાં.....

## ૧૦૯. હંસા ગુરૂજીના જ્ઞાન..

રાગ : હંસા જીવન મુક્ત થઇ જગમાં રહ્યા રે.

હંસા ગુરૂજીના જ્ઞાન રૂદિયે ધરાં રે... જી;
દેહ મુકીને માલાં દેદાર, મારા વિરા રે,
હું ને ટાળાં તો હરિ મલે રે જી.
અહમ્ ગળે તો અલખ ઓળખાય મારા વિરા રે, હું ને ટાળાં તો હરિ.
હંસા ગુરૂજીના જ્ઞાન....

હંસા સોનું રે ભલું પણ ઘાટમાં રે... જી,
ઘાટ ના ભાગે તો અઘાટી ઓળખાય મારા વિરા રે;
ઘાટના ઘડુલે નવ માલીયે રે જી.
દેહ આંઠે છે આતમ દેવ મારા વિરા રે, હું ને ટાળાં તો હરિ.
હંસા ગુરૂજીના જ્ઞાન....

હંસા ભાગ્ય જાગ્યાં ને રૂડો ભાણ ઉગ્યો રે... જી,
અખિલ બ્રહ્માંડે થયો પ્રકાશ મારા વિરા રે,
જીવ રે મટીને હંસા શિવ થયાં રે... જી,
શિવ સભર સર્વજ્ઞ દેવ મારા વિરા રે, હું ને ટાળાં તો હરિ.
હંસા ગુરૂજીના જ્ઞાન....

હંસા દાસ રે નરસિંહ નિજાનંદમાં રે... જી,
મલીયા પ્રગટ સદ્ગુરૂ દેવ મારા વિરા રે;
આપો રે ટળ્યોને અલખ ભેટીયા રે જી,
પામર મટીને પામ્યા પ્રભું પદ મારા વિરા રે, હું ને ટાળાં તો હરિ.
હંસા ગુરૂજીના જ્ઞાન....



## ૧૧૦. કોઇ મીલ્યા ન દિલકા જોગી..

રાગ : કોઇ આવોને અસલ જોગી.

કોઇ મીલ્યા ન દિલકા જોગી;
બહુ ફરે છે ફૂલ્યા ઢોંગી, કોઇ મીલ્યા ન દિલકા જોગી.
જપીયા જોયા, તપીયા જોયા, જોયા છે સંન્યાસી;
વૈરાગી બહુ વેશ બનાયા (૨)
દિલ કા હૈ સબ ભોગી, કોઇ મીલ્યા ન દિલકા જોગી.
બહુ ફરે છે ફૂલ્યા ઢોંગી.... કોઇ....
પંડિત જોયા, મુલ્લા જોયા, જોયા પીરને કાજી;
ઓરન કો ઉપદેશ આપે (૨)
આપ રહ્યા ધન લોભી, કોઇ મીલ્યા ન દિલકા જોગી.
બહુ ફરે છે ફૂલ્યા ઢોંગી.... કોઇ....
કેશ બઢાવે, ભભૂત લગાવે, કહાવે મહા ત્યાગી;
ઉપર ત્યાગી અંતર રાગી (૨)
દિલ કા હૈ સબ રોગી, કોઇ મીલ્યા ન દિલકા જોગી.
બહુ ફરે છે ફૂલ્યા ઢોંગી.... કોઇ....
કાન ફૂંકેને કંઠી બાંધે, મૂંડે ચેલા ચેલી;
મીઠી મીઠી બાત બનાવે (૨)
દિલ આશા લગન કી, કોઇ મીલ્યા ન દિલકા જોગી.
બહુ ફરે છે ફૂલ્યા ઢોંગી.... કોઇ....
જ્ઞાન કથને ધ્યાન લગાવે, ચાલે ચાલ બગન કી;
દાસ નરસિંહ કહે બગલા ધ્યાની (૨)
માર માગે જુતન કી, કોઇ મીલ્યા ન દિલકા જોગી.
બહુ ફરે છે ફૂલ્યા ઢોંગી.... કોઇ....



## ૧૧૧. જાણજો અહિં રે..

રાગ : માનજો સહિ રે.

જાણજો અહિં રે જાણજો અહિં, હું કોણ છું એ જાણજો અહિં...
સદ્ગુરૂ સંતોના શરણોમાં રહી, હું કોણ છું એ જાણજો અહિં...

પરા પશ્ચયન્તિ મધ્યને વૈખરી;
કોણ બોલે છે ક્યાં રે રહી, હું કોણ છું એ જાણજો અહીં...
જાણજો...

જાગ્રત સ્વપ્ન સુશુપ્તિને તૂરિયા;
કોણ ખેલે છે ક્યાં રે રહી, હુ કોણ છું એ જાણજો અહીં...
જાણજો...

વિશ્વ તણી આ વિવિધ રચના;
કોણ કરે છે ક્યાં રે રહી, હું કોણ છું એ જાણજો અહીં...
જાણજો...

નરસિંહ અખંડ એક આતમ જાણતાં;
સઘળી વાતો જાય સમાઇ, હું કોણ છું એ જાણજો અહીં...
જાણજો...



## ૧૧૨. ખાંળજો અહીં રે ખાંળજો અહીં..

રાગ : માનજો સહિ રે.

ખાંળજો અહીં રે ખાંળજો અહીં,
આતમ હિરલો ખાંળજો અહીં....

દિલ રે દરિયામાં ડૂબી ડૂબી,
આતમ હિરલો ખાંળજો અહીં....

તન મન ધન સદ્ગુરૂને સાંપી;
આપાં મુકીને આતમ ખાંળજો અહીં,
આતમ હિરલો ખાંળજો અહીં....

કાયાને માયાનો કંચવો ઉતારી;
સ્વરૂપ સાગરમાં કૂદી પડી અહીં,
આતમ હિરલો ખાંળજો અહીં....

હું અને મારાને હૈયેથી ફૂંકી;
ચેતન મણીને શોધજો અહીં,
આતમ હિરલો ખાંળજો અહીં....

અનુંભવ કેરી આંખ ખોલીને;
નરસિંહ દેદારે ડુબજો અહીં,
આતમ હિરલો ખાંળજો અહીં....

## ૧૧૩. જીવ જાને સદા સત્સંગમાં રે..

રાગ : સેવા સ્મરણ કદિ નવ ચુકીયે રે.

જીવ જાને સદા સત્સંગમાં રે,
સત્સંગમાં રે બ્રહ્મ રંગમાં રે, જીવ જાને સદા સત્સંગમાં રે....
સત્સંગ સરિતા ઝીલતાં રે;
તારા પાપો બળી જાય પલમાં રે, જીવ જાને સદા સંત્સંગમાં રે....
સત્સંગમાં ....
સત્સંગથી અવિદ્યા અળગી થાય છે રે;
અંતઃકરણ રહે સદા ઉજળા રે, જીવ જાને સદા સંત્સંગમાં રે....
સત્સંગમાં ....
સત્સંગે ઓળખાય નિજ આત્મા રે;
જે વ્યાપી રહ્યો ચૌદ લોકમાં રે, જીવ જાને સદા સંત્સંગમાં રે....
સત્સંગમાં ....
જીવ પણું જાશે જડ મૂળથી રે;
સ્થાન મલશે શુધ્ધ શીવ સ્વરૂપમાં રે, જીવ જાને સદા સંત્સંગમાં રે....
સત્સંગમાં ....
દાસ નરસિંહ નિર્ભય સત્સંગમાં રે;
એતો અખંડ રહે નિજાનંદમાં રે, જીવ જાને સદા સંત્સંગમાં રે....
સત્સંગમાં ....



## ૧૧૪. સદ્‌ગુરૂ વચને ચાલો તમે..

રાગ : એકડે એક.

સદ્‌ગુરૂ વચને ચાલો, તમે નિજ સ્વરૂપે માલો, મારા હરિજન;
કાયાનું મંદિર કાચું, માંય ચેતન સ્વરૂપ સાચું,
સ્વરૂપે શુરતિ રાખજો. મારા હરિજન સ્વરૂપે શુરતિ રાખજો..
દ્વૈતના પડદા ભારે એ સદ્‌ગુરૂ ઉતારે.
મારા હરિજન સ્વરૂપે શુરતિ રાખજો....
કર્મનો કાંટો કાઢાં તમે પાપના મૂળમાં વાઢાં.
મારા હરિજન સ્વરૂપે શુરતિ રાખજો....
દેહાત્મ બુધ્ધિ ટાળો તમે સઘળે બ્રહ્મને ભાળો.
મારા હરિજન સ્વરૂપે શુરતિ રાખજો....
સ્વયમ્ સ્વરૂપને જાણો તમે મન વાણી પર માલાં.
મારા હરિજન સ્વરૂપે શુરતિ રાખજો....
પ્રગટ દેવને પુજો તમે જડ આગળના ઝૂકો.
મારા હરિજન સ્વરૂપે શુરતિ રાખજો....
દાસ નરસિંહ વાણી વિચારાં, તમે જન્મ-મરણને ટાળાં.
મારા હરિજન સ્વરૂપે શુરતિ રાખજો....



## ૧૧૫. સત્સંગ સેવા રે હો..

રાગ : ચેતી જાને રે હો જીવડા.

સત્સંગ સેવાં રે હો જીવડા;
તારા અંતરમાં પ્રગટે દિવડા, સત્સંગ સેવાં રે હો,
ચેતી જાને રે હો જીવડા....
અલ્યા તું કોણ છે ને ક્યાંથી આવિયો રે લોલ;
કઇ તમારી જાતજો, સત્સંગ સેવાં રે હો.
ચેતી જાને રે હો જીવડા....
અલ્યા કાયા પડશે ક્યાં ઠરશાં રે લોલ;
ક્યાં રે કરશો મુકામજો, સત્સંગ સેવાં રે હો,
ચેતી જાને રે હો જીવડા....
અલ્યા સંતો સમજાવે તને સાનમાં રે લોલ;
ઓળખાવે સત્ય સ્વરૂપજો; સત્સંગ સેવાં રે હો.
ચેતી જાને રે હો જીવડા....
અલ્યા નરસિંહ નિર્ભય સત્સંગમાં રે લોલ;
કીધિ સદ્‌ગુરૂ દેવે સહાયજો, સત્સંગ સેવાં રે હો.
ચેતી જાને રે હો જીવડા....



## ૧૧૬. સદ્‌ગુરૂ મલ્યા દયાળુ..

રાગ : ખમ્મા મારા નંદજીના લાલ.

સદ્‌ગુરૂ મલ્યા દયાળુ, પ્રગટ સ્વયં હું આત્મા;
હવે નહિ ધરૂ અવતાર, પ્રગટ સ્વયં હું આત્મા.
સદ્‌ગુરૂ દેવે દયા રે કિધી;
આપ્યું નિજ સ્વરૂપનું જ્ઞાન, પ્રગટ સ્વયં હું આત્મા.
સદ્‌ગુરૂ મલ્યા દયાળ.......
અજર અમર ને અખંડ અનાદિ;
હવે નહિ કાળનો માર, પ્રગટ સ્વયં હું આત્મા.
સદ્‌ગુરૂ મલ્યા દયાળ.......
સચ્ચિદાનંદ શુધ્ધ હું આત્મા;
પ્રગટ્યાં નિજ દેદાર, પ્રગટ સ્વયં હું આત્મા.
સદ્‌ગુરૂ મલ્યા દયાળ.......
મન બુધ્ધિ ને ઇન્દ્રિયો ના જાણે;
વાણી પાવે ના પાર, પ્રગટ સ્વયં હું આત્મા.
સદ્‌ગુરૂ મલ્યા દયાળ.......
હવે નહિ જન્મુ, હવે નહિ મરવું;
નરસિંહ પદ નિર્વાણ, પ્રગટ સ્વયં હું આત્મા.
સદ્‌ગુરૂ મલ્યા દયાળ.......

## ૧૧૭. ચા-ચા સંતો પીધી છે..

રાગ : રામ ગુરૂ તન મન ઘડિયા.

ચા-ચા સંતોને પીધી છે ખુબ સારી....
હારે તેની કેફે તો રાત અજવાળી રે, ચા-ચા સંતો ને પીધી છે ખૂબ સારી..
પાંચ તત્વ તપેલી સુધારી;
કામ ક્રોધનો કચરો વારી.
ભાવ ભક્તિ ને ઉરમાં વધારી રે, ચા-ચા સંતોને પીધી છે ખૂબ સારી..
દર્યા દિનતા છે દૂધને પાણી;
ચા ખાંડ શીલ સંતોષ ની માની.
મન શુરતા તજ મરીયા મીલાવી રે, ચા-ચા સંતોને પીધી છે ખુબ સારી..
પ્રવૃત્તિના લાકડાં બાળી;
બ્રહ્મ ભાવના ચૂડે ચડાવી.
નિવૃત્તિની વળારો લાવી રે, ચા-ચા સંતોને પીધી છે ખુબ સારી..
ચિત્ત સાંઢસી સ્મરણથી ભરાવી;
શ્વાસો શ્વાસે તે સ્પેશ્યલ પકાવી.
આનંદ તણા તે ઉભરા લાવી રે, ચા-ચા સંતોને પીધી છે ખુબ સારી..
ગુરૂ ગમની ગરણીથી ગાળી;
જ્ઞાન ઘૂંટડે ઘટમાં ઉતારી.
દાસ નરસિંહ સ્વરૂપમાં સમાણી રે, ચા-ચા સંતોને પીધી છે ખુબ સારી..



## ૧૧૮. કોઈ સંત પ્રગટ ખેલે રે..

રાગ : ઘટ ઘટ મોહી બોલે રે.

કોઇ સંત પ્રગટ ખેલે રે, અગમ ના ભેદ ખોલે રે,
ગુરૂજી જેને સાચા મલ્યા હો જી;
નુગરા ના જાણે પ્રગટ, સ્વરૂપની વાત (૨)
કોઇ સંત પ્રગટ ખેલે રે, અગમના ભેદ ખોલે રે....
ગુરૂજી જેને સાચા મલ્યા હો જી..
ઊગે સોળ કળાનો સૂરજ રે, બ્રહ્માંડ આખું ખીલી ઉઠે હો જી;
આંધળા જનને થાય નહિં પ્રભાત (૨)
કોઈ સંત પ્રગટ ખેલે રે, અગમના ભેદ ખોલે રે....
પરખ વિનાનાં પારસ રે, મૂરખાં જન પગ લુસે રે જી;
નયને જેને પરનાં ચડેલાં પડળ (૨)
કોઈ સંત પ્રગટ ખેલે રે, અગમના ભેદ ખોલે રે....
નરસિંહ ના નયનાંમાં રે, પ્રગટ બ્રહ્મ લટકાં કરે રે જી;
અખીલ બ્રહ્માંડમાં ભરપૂર બ્રહ્મનો વાસ (૨)
કોઈ સંત પ્રગટ ખેલે રે, અગમના ભેદ ખોલે રે....



## ૧૧૯. હંસલા ડૂબીજાને તું દેદારમાં..

રાગ : એક દિન જાવુ હરિના ધામમાં.

હંસલા ડૂંબી જાને તું દેદારમાં...
સદ્‌ગુરૂ સંતોના સંગમાં હો જી રે, હંસલા ડૂંબી જાને તુ દેદારમાં.
સદ્‌ગુરૂ.....
ગુરૂ ગમે ઘટના પડદા ખૂલશે, દૈત ના ડુંગરા સઘળા તૂટશે;
શુરતી રહે સ્વરૂપમાં હો જી રે, હંસલા ડૂંબી જાને તુ દેદારમાં.
સદ્‌ગુરૂ.....
રાગ કે દ્વેષ તને ના સતાવશે, કામ ક્રોધના ઠામ બધા ફૂટશે;
ફરી ના પડો માયા ફંદમાં હો જી રે, હંસલા ડૂંબી જાને તુ દેદારમાં,
સદ્‌ગુરૂ.....
રોગના પીડે કે ભોગના સતાવશે, જગના દર્દોની ગંધ નહિં આવશે;
હરદમ હરિ હૈયા ધામમાં હો જી રે, હંસલા ડૂંબી જાને તુ દેદારમાં.
સદ્‌ગુરૂ.....
સત્ય સ્વરૂપ સભર જળહળશે, જાગ્યા પછી સ્વપ્નુ નહિ નડશે.
દાસ નરસિંહ નિજાનંદમાં હો જી રે, હંસલા ડૂંબી જાને તુ દેદારમાં.
સદ્‌ગુરૂ.....



## ૧૨૦. સાચા સંતના રે..

રાગ : સંતને સંત પણાં રે.

સાચા સંતના રે (૨) સુખને સંસારી શું જાણે;
સંસારી શું જાણે રે, સંતો જીવતા મુક્તિ માણે રે. સાચા...
માન અપમાન સરખાં જેને, સરખાં સુવર્ણ માટી;
ફુલ ચડે કે ધૂળ ઉડે (૨)
પણ દિલડાં જરી નવ ડોલે રે. સાચા...
દ્વૈત ભાવ દિલમાં ન આવે, બ્રહ્મ ભાવ ઉભરાયે;
ચૌદ લોકમાં સભર જેને (૨)
દેદાર દર્શન થાવે રે. સાચા...
ઈન્દ્રનાં ઈન્દ્રાસન જેને લાગે તરણા તોલે;
બ્રહ્મ સરિખા લાગે ભીખારી (૨)
જે સ્વરૂપાનંદને ચાખે રે. સાચા...
સમતા કેરી ચાદર ઓઢિ પાંઢ્યા જે પ્રેમ પલંગે;
નરસિંહ જીવતાં મળી જઇને (૨)
અગમ ઘરને ખોલે રે. સાચા...

## ૧૨૧. આત્મા જાગ્યો રે હો જેનો..

રાગ : ભાવની ભાખરી રે હો ખાવા.

આત્મા જાગ્યો રે હો જેનો;
સફળ થઇ ગયો તેનો ફેરો.
આત્મા જાગ્યો રે હો જેનો.....

જલ કમલ વૃત જગમાં રહેતો;
બંધન ભવોભવનાં એ હરતો.
આત્મા જાગ્યો રે હો જેનો.....

દેહ છતાંય વિદેહી રહેતો;
સ્વયં સ્વરૂપે અખંડ જ્યોતો.
આત્મા જાગ્યો રે હો જેનો.....

નરસિંહ નિર્ભય ને નિરાલો;
હરદમ નિજ સ્વરૂપે રમતો.
આત્મા જાગ્યો રે હો જેનો.....



## ૧૨૨. એક દિન શ્વાસની..

રાગ : એક દિન જાવુ હરિના ધામમાં.

એક દિન શ્વાસની તૂટશે દોરડી;
ઢળી પડશે કાયા કોટડી હો જી રે.
એક દિન શ્વાસની તૂટશે દોરડી......

આજ-કાલ કરતાં આયુષ્ય વહી જાય છે;
ગર્ભના કોલ ભૂલી જાય છે હો જી રે.
એક દિન શ્વાસની તૂટશે દોરડી......

બાળપણું ખોયું રમતમાં;
જુવાની ખોઇ માયા રંગમાં હો જી રે.
એક દિન શ્વાસની તૂટશે દોરડી......

ઘડપણમાં આવે છે દાહડા દોયલા,
ભક્તિ વિના, બીહામણા હો જી રે.
એક દિન શ્વાસની તૂટશે દોરડી......

નરસિંહ સોહમ્ હોડી હંકારતા,
પહોંચી જાઓ નિજ ધામમાં હો જી રે.
એક દિન શ્વાસની તૂટશે દોરડી......



## ૧૨૩. નિરાલો નિરાલો..

રાગ : ચઢવાળો ચઢવાળો.

નિરાલો નિરાલો હું આત્મા નિરાલો,
નિજ સ્વરૂપમાં રમનારો, હું આત્મા નિરાલો
નિરાલો નિરાલો....

વસ્ત્રોની જેમ જડ દેહને રાખતો,
ચૈતન સભર રમનારો, હું આત્મા નિરાલો.
નિરાલો નિરાલો....

મ્યાન તલવાર જેમ ન્યાળો થઇ ખેલતો,
નિર્લેપ સદા રહેનારો, હું આત્મા નિરાલો
નિરાલો નિરાલો....

આકાશની જેમ વિશ્વ વ્યાપક સદા,
નરસિંહ નિર્ભય નિરાલો, હું આત્મા નિરાલો.
નિરાલો નિરાલો....



## ૧૨૪. સાધું અબ..

રાગ : સાધુ નિર્ગુણ પદ અમારા.

સાધું અબ નહિં દેહ ધરું....
સચ્ચિદાનંદ સ્વરૂપ માંહિ (૨) હરદમ માંજ કરૂ,
સાધું અબ નહિં દેહ ધરું.....

કાયા માયાના બંધન સઘળા, સદ્ગુરૂ એ છોડાવ્યા,
પાયા પીયાલા ભયા દિવાના(૨) ચકચૂર થઇ ને ફરૂ.
સાધું અબ નહિં દેહ ધરું.....

અજર અમર સ્વરૂપ હમારા, નિર્ગૂણ નિર્વીકાર,
દેહ વિનાશી મેં અવિનાશી(૨) વિદેહી થઇને ફરૂ.
સાધું અબ નહિં દેહ ધરું.....

કદિ નહિ જન્મુ કદિ નહિ મરું, કદિ નહિ શોક કરું,
મન બુધ્ધિથી પર થઇને(૨) સ્વયં સ્વરૂપે માલું,
સાધું અબ નહિં દેહ ધરું.....

દાસ નરસિંહ ગુરૂજીના જ્ઞાને, પ્રગટ પદમાં માલું,
એક અનાદિ અખંડ સ્વરૂપમાં(૨) કાયમ હું તો ભરું,
સાધું અબ નહિં દેહ ધરું.....

## ૧૨૫. હરિના ભજન વિના રે..

રાગ : મસ્તી માય નહિ રે.

હરિના ભજન વિના રે, મનખો એરે વેરે ખોયો,
પ્રભુના ભજન વિના રે, મનખો કાદવ કચરે રોળ્યોં,
સંસારી તો મનમાં જાણે, ઉગ્યો સુખનો ચાંદો,
અમો વાસ્યાના અંધારા તો (૨) ડગલે મૂજવી મારે.
હરિના ભજન .....
જ્ઞાની જનતો જ્ઞાન ઘૂમંડમાં, નિજ ભાન કોળે મૂકે,
લૌકેષણાનો નાદ સૂણીને (૨) માંનમા માંકાણ વારે,
હરિના ભજન .....
યોગ માર્ગે આત્મા દર્શન કરવાને કોઇ ચાહે,
સિધ્ધિઓના વમળ માંહી (૨) ભવસાગરમાં ઝૂલે.
હરિના ભજન .....
તપસ્વી તો તપના તેજે ક્રોધ તણા અંગારા,
આડું અવળુ જો કોઇ આવે (૨) કાળો કેર વરતાવે.
હરિના ભજન .....
કર્મ પંથી તો ફળ હેતુ એ સ્વર્ગે જઇને રહે,
પૂન્ય ક્ષય થાતાં પાછા વળીને (૨) મૃત્યુ લોકેને મલે.
હરિના ભજન .....
માટે અમોઘ સાધન ભક્તિ નરસિંહ હૈયે ભરે,
હરિ દર્શનની તાલા-વેલીમાં (૨) દેહ ભાન ભૂલી ફરે.
હરિના ભજન .....ફ



## ૧૨૬. આતમ જ્ઞાન તો..

રાગ : રાધેના શ્યામની સીતાના રામની.

આતમ જ્ઞાન તો શીરના સાટે,
મલે ના વાટે ના ઘાટે રે;

મલે ના વાટે ને ઘાટે મારા વાલા,
મળે ના માયા ના હાટે રે, આતમ જ્ઞાન તો શીરના સાટે...

અસાર સંસારમાં આગ મુકીને,
વૈરાગ્યની વાટે સીધાવું રે, આતમ જ્ઞાન તો શીરના સાટે...

હું અને મારાની હોળીયો કરીને,
નિજ સ્વરૂપમાં સમાવું રે, આતમ જ્ઞાન તો શીરના સાટે...

મરજીવા થઇને મહા પદ લેવું,
દેહ અને દુનિયા ને ન્હાવું રે, આતમ જ્ઞાન તો શીરના સાટે...

નરસિંહ પંથ આ ખાંડાની ધારનો,
અજોડ પદમાં હોમાવું રે, આતમ જ્ઞાન તો શીરના સાટે...



## ૧૨૭. લાલું લક્ષ્ય રાખો તો..

રાગ : હું તો થાળ ભરૂ જગ મોતીનો રે.

લાલું લક્ષ્ય રાખો તો કાગળ લખીયે,
રાખાં સમવત્તિ સમભાવ, લાલું લક્ષ્ય રાખો તો કાગળ લખીયે..

સર્વ જીવ ઇશ્વર અંશ જાણીયે,
સેવા કરવામાં માનીયે સુખ, લાલું લક્ષ્ય રાખો તો કાગળ લખીયે..

જનની કૂખ દિપાવા જીવન જીવતાં,
આપાં માટેરાંને ઝાઝાં માન, લાલું લક્ષ્ય રાખો તો કાગળ લખીયે..

મન વાણી વશ રાખાં ને વિરલા,
કોઇનું અંતર ના દુભાય, લાલું લક્ષ્ય રાખો તો કાગળ લખીયે..

સ્વભાવ વશ તેને વશ દેવતા,
તેનો સઘળે જય જયકાર, લાલું લક્ષ્ય રાખો તો કાગળ લખીયે..

નરસિંહ વિનય ભાવે કરે વિનંતી,
રાખજો લખ્યા-ભાખ્યાનું પ્રમાણ, લાલું લક્ષ્ય રાખો તો કાગળ લખીયે.



## ૧૨૮. અમી ભર્યો મારો પ્યાલો..

રાગ : તરવાનું જે કોઇ ચાહે.

અમી ભર્યો મારો પ્યાલો, કોઇ પીવાને આવો;
ખોલી અંતર દ્વારો, કોઇ પીવાને આવો.

માથાં મૂકી પગલાં ભરજો, કાયર હોય તો પાછા વળજો,
મરજીવાનો પ્યાલો કોઇ પીવાને આવો....
અમી ભર્યો....

માયા કેરૂ ઝેર આંકી ને, વિષમ રસ આવો થૂંકીને,
છોડી જગનો વાડો, કોઇ પીવા ને આવો....
અમી ભર્યો....

દેહાત્મા બુધ્ધિ દૂર કરીને, નિજ સ્વરૂપનું ધ્યાન ધરી ને,
નરસિંહ નિજાનંદ પ્યાલો, કોઇ પીવાને
અમી ભર્યો....

## ૧૨૯. જેના હૈયે થી..

રાગ : જેને ગુરૂજી મલ્યા બ્રહ્મ જ્ઞાની રે.

જેના હૈયેથી હું પદ ખસે રે, હરિ એના હૈયે વસે રે જી,
જેના કાળજેથી કપટ ખસે રે, હરિ એના હૈયે વસે રે જી.

કામ નહિ ક્રોધ નહિ, મોહ અને માયા નહિ;
જેના દિલમાંથી દંભ ખસે રે, હરિ એના હૈયે વસે રે જી.
જેના હૈયે થી.....

રાગ નહિ દ્વેષ નહિ, જેના દિલમાં અભિમાન નહિ;
જેની આંખમાંથી દ્વૈત ખસે રે, હરિ એના હૈયે વસે રે જી.
જેના હૈયે થી.....

પરધન પથ્થર જાણે, પર સ્ત્રી માતા જાણે;
જેને નિંદા સ્તુતિ સરખાં રે, હરિ એના હૈયે વસે રે જી.
જેના હૈયે થી.....

નરસિંહ નિજાનંદે માલે, સાચુ સુખ એજ માણે,
જે ઘટો ઘટમાં હરિ ને નિહાળે રે, હરિ એના હૈયે વસે રે જી.
જેના હૈયે થી.....



## ૧૩૦. હેલી સ્વયં સ્વરૂપની..

રાગ : હેલી આરે ચોઘડિયા લાભનાં.

હેલી સ્વયં સ્વરૂપની શાયબી,
કોઇ સંત શૂરા નર પાવે રે, ફરી નહિ આવે રે,
સ્વરૂપની શાયબી.....

હેલી મનના માંડવે માલે નહિ,
ફાડી નાખ્યા પરવાળાં પોત રે, જાગી અખંડ જ્યોત રે.
સ્વરૂપની શાયબી.....

હેલી સંકલ્પ સૃષ્ટિ સર્જે નહિ,
જેનાં અહમ્ ગયાં છે ગળી રે, સ્વરૂપ ગયાં મલી રે.
સ્વરૂપની શાયબી.....

હેલી પ્રગટ દશા કોઇ પ્રગટ જાણે,
નરસિંહ નુંગરાને ગમ ના પડે રે, દેહ થઇને ફરે રે.
સ્વરૂપની શાયબી.....



## ૧૩૧. કહેવા જાઉ પણ..

રાગ : અમર વરની વાતડી.

કહેવા જાઉ પણ કહીના શકાય, કહેવાનું કહેવાય નહિ,
ગાવા જાઉ પણ ગાઇના શકાય, ગાવાનું ગવાય નહિ,
મારી શુંરતી સ્વરૂપમાં લ્હેરાય, કહેવાનું કહેવાય નહિ.

મૂંગા માણસે સાકર ખાધી, ને સ્વાદ કેમ કરી કહેવાય;
મૂંગો મુખથી શું કહે રે, મૂંગો મીઠા મોઢે મલકાય....
કહેવાનું કહેવાય નહિ, કહેવા જાઉ પણ.....

કુંવારી પુછે પરણેલી, કહે પીયુ મલ્યા નું સુખ;
પરણી પીયુના સુખને શું કહે રે, આપે તાલી ને હસે એનું મુખ....
કહેવાનું કહેવાય નહિ, કહેવા જાઉ પણ.....

મન-બુધ્ધિ પહોંચે નહિં, ને પહોંચે નહિં રવિ ભાણ;
સ્વરૂપ સુખને શું કહું રે, ઉપમા રહીત વહે ધારા ધોધ....
કહેવાનું કહેવાય નહિ, કહેવા જાઉ પણ.....

વેદ થાક્યા પુરાણ થાક્યા, ને શ્રુતિયો નેતિ નેતિ ગાય;
નરસિંહ ઝાઝુ શું કહે રે, મારી વાણી જ્યાં વિરમી જાય....
કહેવાનું કહેવાય નહિ, કહેવા જાઉ પણ.....



## ૧૩૨. મારો જોગ છે જુનો..

રાગ : કહેવા જાઉ પણ.

મારો જોગ છે જુનો પુરાણો રે, જોગી જતિ સંત જાણે;
શુધ્ધ સ્વયમ્ સ્વરૂપે રહેવાનો રે, જોગી જતિ સંત જાણે.
અખંડ બ્રહ્મ સ્વરૂપમાં, ને બ્રહ્માંડ કલ્પિત જાણ,
બ્રહ્મના ટુકડા થાય નહિ રે, કલ્પિત બ્રહ્મા વિષ્ણું ને મહાદેવ;
જોગી જતિ સંત જાણે, મારો જોગ છે જુનો પુરાણો રે.
જોગી જતિ સંત જાણે....
ચંદા નહિ સૂરજ નહિ, ને નહિ નવલખ તારા,
સ્વયં બ્રહ્મ પ્રગટ ખેલે રે, સદા પૂર્ણ તે પૂર્ણ રહેવાના;
જોગી જતિ સંત જાણે, મારો જોગ છે જુનો પુરાણો રે.
જોગી જતિ સંત જાણે....
દેવ નહિ દાનવ નહિ, ને નહિ માનવ માયા,
હું-તું અને તે નહિ રે, જગત સ્વપ્નતણા ગપગોળા;
જોગી જતિ સંત જાણે, મારો જોગ છે જુનો પુરાણો રે.
જોગી જતિ સંત જાણે....
આદિ નહિ અંત નહિ, ને અનંત બ્રહ્મ અપાર,
દાસ નરસિંહ પ્રગટ ભારે રે, લટકાં કરે છે બ્રહ્મ લટકારા;
જોગી જતિ સંત જાણે, મારો જોગ છે જુનો પુરાણો રે.
જોગી જતિ સંત જાણે....

## ૧૩૩. મારી આંખડી..

રાગ : મારો જોગ ર. જુનો પુરાણો.

મારી આંખડી અલખમાં હોમાણી રે, હું ને હરિ એક થયા,
મારી શુંરતી સ્વરૂપમાં સમાણી રે, હું ને હરિ એક થયા.

મીઠા કેરી પુતળી, સાગરમાં કરવા ગઇ સ્નાન;
પાછી વળીને આવી નહિ રે, એતો થઇ ગઇ સાગર સ્વરૂપ...
હું ને હરિ એક થયા , મારી આંખડી...

નદીઓ સાગરમાં ભળી, ને ખોયાં નામ ને રૂપ;
જળમાં જુદાઇ રહી નહિ રે, હવે પડે નહિ બીજી ભાત..
હું ને હરિ એક થયા , મારી આંખડી...

સદ્‌ગુરૂ દેવે દયા કરી, ને વળી ખોલ્યા અગમ દ્વાર;
નરસિંહ અદ્વૈત આત્મા રે, અખંડ જ્યોતિમાં જ્યોત સમાય...
હું ને હરિ એક થયા , મારી આંખડી....



## ૧૩૪. તારે તરવું હોય તો આવ..

રાગ : તારે જમવું હોય તો આવ.

તારે તરવું હોય તો આવ જીવડા ભોળા રે....
ફરી મલેના આવો દાવ જીવડા ભોળા રે....

માનવનું તન મલ્યું, માંઘુ એ ધન મલ્યું
હાં રે દેવ સરીખા માગે આ દાવ, જીવડા ભોળા રે તારે.
તારે તરવું હોય તો આવ....

સંતોનો સંગ કરી, ભક્તિનો રંગ ભરી
જ્ઞાન ગંગામાં ઝીલવા આવ, જીવડા ભોળા રે.
તારે તરવું હોય તો આવ....

વિષયની કાઢ ગંધ, બહાર દૃષ્ટિ કર બંધ
તારા મુક્તિના ખૂલે કમાડ, જીવડા ભોળા રે.
તારે તરવું હોય તો આવ....

દેહ ભાવ દૂર કર, આત્માનું ધ્યાન કર
દાસ નરસિંહનો સૂણી અવાજ જીવડા ભોળા રે.
તારે તરવું હોય તો આવ....



## ૧૩૫. સ્વરૂપ લ્હેરો આવી રે..

રાગ : મીઠીને મધુંરી રે.

સ્વરૂપ લ્હેરો આવી રે, સુખ એના શુ રે કહું હો.. જી...
કહેતા મારે કહ્યામાં ના આવે લગાર રે હો.. હો.. સ્વરૂપ
દિન દયાળું રે, સદ્‌ગુરૂ દર્યા કરી રે જી
ખૂલ્યાં મારા ભાગ્ય તણા ભંડારે હો.. હો.. સ્વરૂપ
અવિદ્યા આંટી ખૂલી રે, અંતર મારા શુધ્ધ થયાં રે જી
આવ્યા મારી વૃત્તિમાં જાજો વિવેક હો.. હો.. સ્વરૂપ
પાંચ ત્રણથી રે, ન્યાળો થઈને હું તો રહ્યો રે જી
તૂંટચા મારે જન્મ મરણના તાર રે હો.. હો.. સ્વરૂપ
ત્વમ્ પદ તત્ પદ ત્યાગી રે, અસી પદમાં ચિત્ત ગળ્યાં રે જી
ભાગ્યા મારે જીવ ઈશ્વરના ભેદ રે હો.. હો.. સ્વરૂપ
આદિ અંતને મધ્યે રે, એક હું તો આત્મારે જી
વર્ષા મારે ધારાના ધોધ અપાર રે હો.. સ્વરૂપ
અખંડને અવિનાશી રે, તારે ને મારે કાંઇ નહિ રે જી
ફરકે મારે નિર્ભય નેજે નિશાન રે હો.. હો.. સ્વરૂપ
બાવનથી બારાં રે, કીધાં મેં તો બેસણાં રે જી
ખેલું હું તો હદ બે હદની પાર રે હો.. હો.. સ્વરૂપ
દાસ નરસિંહ બોલ્યા રે, બ્રહ્મ લ્હોરો લૂંટતા રે જી
દરસ્યાં મારે દેદાર આરમ્ પાર રે હો.. હો.. સ્વરૂપ



## ૧૩૬. મારી લાખેણી વાતો રે હંસા..

રાગ : મારી દેહોના દલાલી હંસા.

સૂંણતો જારે હંસા, સૂંણતો રે જા..
મારી લાખેણી વાતો રે, હંસા સૂંણતો રે જા..

અનેક દેહો હંસા દેહ અર્થે ગાળ્યા રે જી
હેજી આટલો આંટો રે, આતમ ને દેતો રે જા
મારી લાખેણી વાતો રે હંસા....

વિષમ સુખમાં હંસા, શું રે લોભાયો રે જી
હેજી બ્રહ્મરે સુખનો ઘૂંટડો ભરતો રે જા
મારી લાખેણી વાતો રે હંસા....

દેહ રે અધ્યાસે હંસા, બહુ દુઃખ પામ્યો રે જી
હેજી નિજ રે દેદારે જરા ડૂબતો રે જા
મારી લાખેણી વાતો રે હંસા....

ખાડારે ખોબોચીયે હંસા, કાદવ કચરો રે જી
સાગરનાં મોતી ચૂંગતો રે જા
મારી લાખેણી વાતો રે હંસા....

દાસ નરસિંહ હંસા, આંકી જગનાં ઝેર રે જી
અમર પિયાલો મારો પીતો રે જા..
મારી લાખેણી વાતો રે હંસા....

## ૧૩૭. મુક્તિનો મારગ સાચા સદ્‌ગુરૂ આપે રે..

રાગ : દેશી મળે તો મારા દિલડાને ઠારે રે.

મુક્તિનો મારગ સાચા, સદ્‌ગુરૂ આપે રે
આપા પંથીને મુક્તિ ના હોય, ઓ વિરા મારા
ગુરૂજીને સેવાં રે.... મુક્તિનો મારગ....

તામસ તપથી શાને, તનડાંને સેકો રે
જડને ઝૂરેથી વેર શું વળશે, ઓ વિરા મારા
ગુરૂજીને સેવાં રે.... મુક્તિનો મારગ....

રામ રામ કરે માંયલી, લૂંલીને નચાવે રે
વૃત્તિ ફરે છે બારે વાટે, ઓ વિરા મારા
ગુરૂજીને સેવાં રે.... મુક્તિનો મારગ....

જડને રીઝાવા ઝાઝા, ભાવ બતાવે રે
ચેતનથી વેરઝ રાખે, ઓ વિરા મારા
ગુરૂજીને સેવાં રે.... મુક્તિનો મારગ....

પિત્તર પાષણ પૂંજે, પ્રભુજી ના રીઝે રે
પથ્થરની ભેંસે વલોણાં ના હોય, ઓ વિરા મારા
ગુરૂજીને સેવાં રે.... મુક્તિનો મારગ....

ગુરૂગમ વિનાનાં સાધન, બંધન થાશે રે
એકરા વિનાનાં મીંડા નકામાં, ઓ વિરા મારા
ગુરૂજીને સેવાં રે.... મુક્તિનો મારગ....

દાસ નરસિંહની શીખ, રુદિયામાં રાખી રે
ગુરૂ ગોવિન્દ એક જાણાં, ઓ વીરા મારા
ગુરૂજીને સેવાં રે.... મુક્તિનો મારગ....



## ૧૩૮. ગુરૂજીના જ્ઞાને મેં તો નિજ પદ પાયાં રે..

રાગ : દેશી મળે તો મારા દિલડાને ઠારે રે.

ગુરૂજીના જ્ઞાને મેં તો નિજ પદ પાયાં રે
સચ્ચિદાનંદ સ્વરૂપ મારાં આ વિરા મારા
ગુરૂએ ઓળખાયાં રે... ગુરૂજીના

સ્થૂલ સુક્ષ્મ અને કારણથી ન્યાળાં રે
મહાકારણ પર માલ્યાં ઓ વિરા મારા
ગુરૂએ ઓળખાયાં રે... ગુરૂજીના

જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ ને તૂર્યા
તૂર્યાતિત પદ હમારાં ઓ વિરા મારા
ગુરૂએ ઓળખાયાં રે... ગુરૂજીના

પરા પશ્યંતિ મધ્ય વૈખરીમાં ના આવે રે
ઉનમૂની ઉર ઉભરાયાં ઓ વિરા મારા
ગુરૂએ ઓળખાયાં રે... ગુરૂજીના

દાસ નરસિંહ સદ્‌ગુરૂજીના શરણે
નિજ દેદાર દર્શન પાયાં ઓ વિરા મારા
ગુરૂએ ઓળખાયાં રે... ગુરૂજીના



## ૧૩૯. ચાંમડાને આંખે..

રાગ : કીયુ શું દુનિયામાં આવી રે.

ચાંમડાની આંખે જોશે રે, ચાંમડીયા લોકો
હાડ માંચમાં હીરો ખોશે રે, ચાંમડીયા લોકો
ચાંમડાની આંખે...

દેહ છું એવું જાતે માની, વિભાવોમાં વય ગૂમાવી
ચોરાશીનાં છોરુ થાશે રે, ચાંમડીયા લોકો
ચાંમડાની આંખે...

દ્વૈત ભાવ હૈયે આણી, ભીન્ન-ભીન્ન સૃષ્ટિ માની
પાપોથી પેટે ભરશે રે, ચાંમડીયા લોકો
ચાંમડાની આંખે...

દૃષ્ટિની સૃષ્ટિમાં ભૂલી, પરને પોતાનું માની
પગનું છાણ માથે લેશે રે, ચાંમડીયો લોકો
ચાંમડાની આંખે...

કહે નરસિંહ સાચે સાચું, કાગ બગને જાુઠું મીઠું
વિષ્ટાના ઠામે ઠરશે રે, ચાંમડીયા લોકો
ચાંમડાની આંખે...



## ૧૪૦. આજ મારી આંખ ખૂલી રે

રાગ : કીયુ શું દુનિયામાં આવી રે.

આજ મારી આંખ ખૂલી રે ગુરૂની ગમે
ભવો ભવની ઊંઘ ઊડી રે ગુરૂની ગમે
આજ મારી આંખ ખૂલી રે....

સદ્‌ગુરૂએ આંજી આંખો, આવી મારે સ્હેજે પાંખો
અભોયા પંથે ઊડી રે, ગુરૂની ગમે
આજ મારી આંખ ખૂલી રે....

જાગીને જોયું જયારે, જગત દીશેને ત્યારે
સ્વપ્નું ગયું સમાઇ રે, ગુરૂની ગમે
આજ મારી આંખ ખૂલી રે....

અખંડ સ્વરૂપે જાગી, દ્વૈત ભાવના પડદા કાપી
મહા પદની માંઝો લૂંટી રે, ગુરૂની ગમે
આજ મારી આંખ ખૂલી રે....

નરસિંહ નીજ સ્વરૂપે ઠર્યો, ભવોભવનો રોગ ટળ્યો
બ્રહ્મ રૂપમાં રહ્યો, ભરી રે ગુરૂની ગમે
આજ મારી આંખ ખૂલી રે....

## ૧૪૧. માનવ થઇ જા હોંશિયાર

રાગ : નંદલાલ તારો આધાર.

માનવ થઇ જા હોંશિયાર (૨) મોઘું જીવન છે
કરજે હૈયે વિચાર (૨) મોઘું જીવન છે.

અનંત યુગોનું, પૂન્ય ફળ્યું છે
મલીયો મનુષ્ય અવતાર (૨) મોઘું જીવન છે
માનવ થઇ જા હોંશિયાર...

ધન માયાનું, અભિમાન તજીને
ભજી લેને ભગવાન (૨) મોઘું જીવન છે
માનવ થઇ જા હોંશિયાર...

ગાફલ રહીશ ના આ, અનેરો દાવ છે
નહિ આવે વારંવાર (૨) મોંઘુ જીવન છે
માનવ થઇ જા હોંશિયાર...

દાસ નરસિંહ કહે, સંતોના શરણે
હરદમ રટીલે રામ (૨) મોઘું જીવન છે
માનવ થઇ જા હોંશિયાર...



## ૧૪૨. હેલી સદ્ગુરૂ આવ્યા આંગણે

રાગ : હેલી આરે ચોઘડીયાં લાભના.

હેલી સદ્ગુરૂ આવ્યા આંગણે,
તેમના પાવલીયાં ધોઇ પાવન થઇ રે,
ચરણામૃત લઇએ રે,
સદ્ગુરૂ આવ્યા આંગણે હેલી...
હેલી કોટિરે જનમનાં પૂન્ય ફળ્યાં,
ગુરૂદેવ મલ્યા દેહાતિત રે,
સ્વરૂપમાં સ્થિત રે,
સદ્ગુરૂ આવ્યા આંગણે હેલી...
હેલી મૂજ રે પામર પર મ્હેંર કરી,
મારી જીવ દશા લીધી હરી રે,
સ્વરૂપે લીધાં ઘેરી રે,
સદ્ગુરૂ આવ્યા આંગણે હેલી...
હેલી પૂરાં રે તકદીર પૂરાં ભાગ્ય ફર્યા,
દાસ નરસિંહ બન્યો નિજાનંદી રે,
સદ્ગુરૂને રહ્યો વન્દી રે
સદ્ગુરૂ આવ્યા આંગણે હેલી...



## ૧૪૩. તારી વૃત્તિ ચાંબરામાં ફરે રે

રાગ : કોઇ ઘેલીરે દુનિયાને ઘેર લાવો રે.

તારી વૃત્તિ ચાંબરામાં ફરે રે, સ્વરૂપ સુખ ક્યાંથી મલે રે જી
તારી દષ્ટિ દેહોમાં ફરે રે, દેદાર દર્શન ક્યાંથી મલે ર જી

કાળા ગોળા દેહ જુવે, વિષયોમાં દિલ ખોવે
તારૂ ચિત્તડું ચડે ચગડોરે રે, સ્વરૂપ સુખ ક્યાંથી મલે રે જી

પોથી વાંચી પંડિત બન્યો, ભજન ગાઇ ભગત કહેવાણો
તું રાગનો રગડો પીવે રે, સ્વરૂપ સુખ ક્યાંથી મલે રે જી

ઉંચ નીચના ભેદે ભૂલ્યો, નામ રૂપને ગૂણે ફૂલ્યો
તું ગુણાતિતનો મારગ ભૂલ્યા રે, સ્વરૂપ સુખ ક્યાંથી મલે રે જી

કહે નરસિંહ સાચે સાચું, નૂગરાનું બગડે ડાચું
તું મોટાઇની ખાઇમાં પડ્યો રે, સ્વરૂપ સુખ ક્યાંથી મલે રે જી



## ૧૪૪. પરના દોષો નવ જોશો..

રાગ : સદ્ગુરૂ આદિ અનાદિ.

પરના દોષો નવ જોશો, તમે નિર્દોષ રહેશો
સત્સંગમાં દિલ ધોશો, તમે નિર્દોષ રહેશો

સત્સંગ કરી સત્ય સ્વરૂપે ઠરશો
અવિદ્યાનું દુ:ખ ખોશો, તમે નિર્દોષ રહેશો
પરના દોષો નવ...

ઘટો ઘટ બ્રહ્મ જયોતિ ને જોશો,
દ્વૈતભાવને ખોશો, તમે નિર્દોષ રહેશો
પરના દોષો નવ...

દાસ નરસિંહ નિજ સ્વરૂપે સુખી
તેમાં ના સંશય લેશો.. તમે નિર્દોર્ષે રહેશો
પરના દોષો નવ...

## ૧૪૫. સુખ શું રે જાણે સંસારી રે

રાગ : મન મત બનો મારી હેલી.

મેં હું સ્વરૂપકા લ્હેરી રે અવધૂ, મેં હું સ્વરૂપકા લ્હેરી રે..
સુખ શું રે જાણે સંસારી રે અવધૂ, મેં હું સ્વરૂપકા લ્હેરી રે..
કાયા રે છોડી માયા રે તોડી, પકડી શુરતા દોરી,
નિજ દેદાર કા મેં હું દિવાના (૨)
ખમી ના જાયે ખુમારી રે અવધૂ, મેં હું સ્વરૂપકા લ્હેરી રે..
સુખ શું રે જાણે...
સોહમ્ શબદકી ધૂન મચાકર, બન ગયો ગગન વિહારી..
રોમે રોમમાં બ્રહ્મ રંગ છવાયો (૨)
હો ગઇ આનંદ વાળી હેલી રે અવધૂ, મેં હું સ્વરૂપકા લ્હેરી રે..
સુખ શું રે જાણે...
મૈને મેરી ખોજ કીયા, તબ હો ગઈ જગ વાળી હોળી..
આદિ અંતને મદયથી ન્યાળાં (૨)
કેવલ પદ લીયા જાણી રે અવધૂ, મેં હું સ્વરૂપકા લ્હેરી રે..
સુખ શું રે જાણે...
અબ નહિ આના અબ નહિ જાના, અમર દેશ હમારા..
નરસિંહ મસ્ત નિજ સ્વરૂપમાં (૨)
લુંટે એ માંજો અનેરી રે અવધૂ, મે હું સ્વરૂપ લ્હેરી રે..
સુખ શું રે જાણે...



## ૧૪૬. ચેતાં ચેતાં રે..

રાગ : મધ બેઠાં રે.

ચેતાં ચેતાં રે પરદેશી પંખીડાં કે,
ચેતાં રે માયા જાળથી,
ભાન શું ભૂલ્યા રે ભવાટવીના ખેલે કે,
ચેતાં રે માયા જાળથી,
કાચી કાયા રે જાણાં કાચનો કૂંપો કે,
ચેતાં રે માયા જાળથી,
જૂઠી માયા રે વાદળ કેરી છાયા કે,
ચેતાં રે માયા જાળથી,
ધન જોબન રે વીજળીના ચમકારા કે,
ચેતાં રે માયા જાળથી,
માટે ચેતાં રે મલ્યું મોંઘેરૂ ટાંણું કે,
ચેતાં રે માયા જાળથી,
દાસ નરસિંહ રે હરિ ભજવાનું ટાણું કે,
ચેતાં રે માયા જાળથી,



## ૧૪૭. આજ પિયુ ઘેર આયા

રાગ : મન મત બનો મારી હેલી.

આજ પિયું ઘેર આયા રે સજની, આજ પિયું ઘેર આયા..
કાયા નગરમાં આનંદ મંગલ (૨)
ગલીએ ઉડે ગમ શાણા રે સજની, આજ પિયું ઘેર આયા.. આજ..
સદ્‌ગુરૂ દેવે દયા કરીને, દિલડા ના દેવ ઓળખાયા..
હાજર પાયા સુખ સવાયા (૨)
પ્રાણ પતિ ઘેર આયા રે સજની, આજ પિયું ઘેર આયા.. આજ..
ગાંડીને ઘેલી ફરૂ હું દિવાની, થઇ આનંદની હેલી..
ધન્ય ધન્ય ભાગ્ય મારાં શાંરે વખાણું (૨)
દેવોના દેવ ઘેર આયા રે સજની, આજ પિયું ઘેર આયા.. આજ..
વિવેકનાં તોરણ પ્રેમનાં પુષ્પો, ભક્તિની છાબ ભરાવી..
કેવલ કંકુંને જ્ઞાન ગુલાલો (૨)
સત્યના ચોખલીયે વધાવ્યા રે સજની, આજ પિયું ઘેર આયા.. આજ..
અનંત યુગની વિરહની વેદના, આજ મારી ઓલાણી..
નરસિંહ ભેદ ભ્રાન્તીઓ ભાગી (૨)
અમર પુરૂષ ઘેર આયા રે સજની, આજ પિયું ઘેર આયા.. આજ..



## ૧૪૮. કહેતો જા રે મુસાફિર ક્યાંથી આવીયો રે લોલ

રાગ : એક લાલ દરવાજે.

કહેતો જા રે મુસાફિર કયાંથી આવીયો રે લોલ
ચેતી જા રે મુસાફિર કયાં તું જાય છે રે લોલ

તું ક્યાંથી આવ્યોને ક્યાં હાલ્યો, તેં મારગ ક્યાંનો ઝાલ્યો
તું નિજ સ્વરૂપને ભૂલ્યો, તું વિષય સુખમાં ફૂલ્યો
સત્યનો મારગ છોડી દઇને, જમપુરીમાં હાલ્યો..

તું દેહ અભ્યાસે ડૂબ્યો, તું અમર પદને ચૂક્યો
હજુ સમય છે ચેતો, જઇ સંત્ ચરણમાં લાટાં
દાસ નરસિંહ કહે સંત કૃપાથી, ટળશે ભવનો આંટો..

## ૧૪૯. આત્માનને જાણજો રે હો માનવી

રાગ : હરિ રસ લાગે રે હો મીઠો.

આત્મને જાણજો રે હો માનવી
દહભાવ ટાળજો રે હો માનવી

દેહભાવ ટાળજો ને કામ ક્રોધ બાળજો
મનને મનાવજો રે હો માનવી.
આત્માને....

અભેદને માનજો ભેદને ઝલાવજો
સત્યને સ્વીકારજો રે હો માનવી.
આત્માને....

પરોક્ષને ટાળજો પ્રત્યક્ષને માનજો
નરસિંહ કહ્યું માનજો રે હો માનવી.
આત્માને....



## ૧૫૦. નિજ દેદાર દરશાયા રે.

રાગ : કહ્યું માનીને હવે જાગો.

નિજ દેદાર દરશાયા રે સદ્ગુરૂ, નિજ દેદાર દરશાયા.
અસલ સ્વરૂપનું ભાન કરાવ્યું (૨)
વૃત્તિના વેગ ઉતાર્યા રે સદ્ગુરૂ.. નિજ દેદાર દરશાયા રે.

જીવ ઇશ્વરના ભેદ બતાયા અગમ ઘર ઓળખાયા
સચ્ચિદાનંદ સ્વરૂપ પાયા (૨)
સુખ સાગર છલકાયા રે સદ્ગુરૂ.. નિજ દેદાર દરશાયા રે.

નિજરે પદમાં કાળના વ્યાપે, જખ મારે જમ કાળા
અજરા અમર અખંડ બ્રહ્મ (૨)
વ્યાપક અપરમ્ પારા રે સદ્ગુરૂ.. નિજ દેદાર દરશાયા રે.

લાખ લાખ ચંદ્રા પ્રકાશે નહિ, પ્રકાશે નહિ રવિ ભાણા
સ્વયમ્ પ્રકાશી ઝગમગે જ્યોતિ (૨)
તેજ તણા અંબારા રે સદ્ગુરૂ.. નિજ દેદાર દરશાયા રે.

પૂરા ગુરૂ મલીયા પૂરા પદ પાયા, પાયા પદ નિરવાણા
નરસિંહ નયને બ્રહ્મ નૂર વહે (૨)
ચેતન કરે ચમકારા રે સદ્ગુરૂ... નિજ દેદાર દરશાયા રે.



## ૧૫૧. દારૂના પીશો.

રાગ : મુખડાની માયા લાગી રે.

દારૂડીયાને કોઇ કહેજો રે દારૂના પિશો
મૂરખાંને શીખ દેશો રે દારૂના પિશો
દારૂડિયાને કોઇ....

દારૂડીયા એ દારૂ પિધો દારૂએ ખુદ એને પિધો
ગાંડો તૂર કરી દીધો રે દારૂના પિશો
દારૂડિયાને કોઇ....

ધન ખોયું ધામ ખોયું લોકોમાંથી માન ખોયું
દેહનું દેવાળું ધોયું રે દારૂના પિશો
દારૂડિયાને કોઇ....

કહે નરસિંહ સાચે સાચું દારૂડીયાનું મોઢું કાળું
માગીને નરક લીધું રે દારૂના પિશો
દારૂડિયાને કોઇ....



## ૧૫૨. સ્વરૂપનું સુખ શું કહીયે

રાગ : નિજ દેદાર દર્શાયા.

સ્વરૂપનું સુખ શું કહીયે,
ઓ હેલી મારી, સ્વરૂપનું સુખ શું કહીયે..
કહેવારે જાતાં કહ્યામાં ના આવે (૨)
અનુભવી ઉરમાં રહીયે ઓ હેલી મારી... સ્વરૂપનું સુખ

દરિયાની લ્હેરો દરિયો સમાણી,
સુખ સાગરમાં નહિયે
ભરતી કે ઓટ આવે ના કાંઇ મારે (૨)
અસલ સ્વરૂપમાં રહીયે ઓ હેલી મારી... સ્વરૂપનું સુખ

જડતાના જાળામાં આગ મૂકીને
ચેતન પદમાં રહીયે
મન વાણી પર અગમ દેશમાં (૨)
ડેરા હમારા દઇયે ઓ હેલી મારી... સ્વરૂપનું સુખ

જે પદ પાવે ફરી નહિ આવે
તે પદમાં સમાઇયે
અજરા-અમર અખંડ પદમાં (૨)
નર્ભિય ડંકા દઇયે ઓ હેલી મારી... સ્વરૂપનું સુખ

પરણેલી લૂંટે એના પિયુજીની લ્હેરો,
કુંવારી ને શું કહીયે
નરસિંહ વાણી કોઇ અનુંભવી જાણે (૨)
અધૂરીયાંને દિલડાં ના દઇયે ઓ હેલી મારી... સ્વરૂપનું સુખ

## ૧૫૩. મસ્તી માય નહિ રે

રાગ : પાખંડ નહિ નભે રે.

મસ્તી માય નહિ રે.. પાઇ સદ્‌ગુરૂ પ્રેમ પિયાલી..
ખુમારી ખમાય નહિ રે.. ખૂલી ગઇ ખડકીઓ હમારી
જ્ઞાનમૃતના અમર પિયાલી,
મારા સદ્‌ગુરૂ દેવે પાયા, મારા સદ્‌ગુરૂ દેવે પાયા
પિતાં ઊરના પડદા તૂટ્યા (૨)
પૂરણ જ્યોત પ્રકાશી.. મસ્તી માય નહિ રે..
હું તું તેના ત્રીમીર તૂંટ્યા,
તૂંટ્યા જગના બંધો, ભાઇ તૂટ્યા જગના બંધો
રવિ ઉગતાં રજની ભાગી (૨)
દિલમાં થઇ દિવાળી.. મસ્તી માય નહિ રે..
અદ્વૈતા નંદની અખંડ ધારા,
વહેતી ઉરની માંહી, ભાઇ વહેતી ઉરની માંહી
સચ્ચિદાનંદ સ્વરૂપ માંહી (૨)
વૃત્તિ ગઇ વિરામી.. મસ્તી માય નહિ રે..
હું મારા સ્વરૂપમાં સમાયો,
દુનિયા જાણે દિવાનો, ભાઇ દુનિયા જાણે દિવાનો
બ્રહ્માનંદની લ્હેરો લેતાં (૨)
ખોટાની થઇ ખુવારી.. મસ્તી માય નહિ રે..
નરસિંહ નિશ્ચય નિજ પદ માંહી,
ભલે બ્રહ્માડ જાય ભાગી, ભઇ ભલે બ્રહ્માંડ જાય ભાગી
કદિ નહિ જન્મુ કદિ નહિ મરવું (૨)
રહું દેહ છતાં વિદેહી.. મસ્તી માય નહિ રે..



## ૧૫૪. ભક્તિ એજ કરે રે....

રાગ : પાંખડ નહિ નભે રે.

ભક્તિ એજ કરે રે, જેના ધડ પર શીશના હોવે;
મુક્તિ એને મલે રે, મરણ પહેલાં મરેલા હોવે.
શગાળ શાની ટેકો જોવા,
વાલે પગલાં કીધાં, ભાઇવાલે પગલાં કીધાં
પુત્રનું મસ્તક માતા ખાંડે (૨)
નયને નીર ના આવે.. ભક્તિ એજ કરે રે..
મોરધ્વજ રાજાનાં મન હરિ લેવા,
વાલે પગલાં કીધાં, ભાઇવાલે પગલાં કીધાં
કાશીએ જઇને કરવત મૂકાવી (૨)
ડાબાં અંગ કપાવે.. મુક્તિ એને મલે રે..
હરિચંન્દ્રની કિર્તી ગાજે,
દેવ સભાની માંહી, ભાઇ દેવ સભાની માંહી,
વિશ્વમિત્રે કરી કસોટી (૨)
મશાણીયો થઇ માલે.. ભક્તિ એજ કરે રે..
નરસિંહ ભક્તિ પંથ ખાંડનો,
મરજીવા કોઇ માલે, ભાઇ મરજીવા કોઇ માલ
માથાં મુકી પડે મેદાને (૨)
એ જ મહાપદ પાવે.. મુક્તિ એને મલે રે..



## ૧૫૫. ગુરૂની મ્હેરથી રે

રાગ : પાંખડ નહિ નભે રે.

ગુરૂની મ્હેરથી રે, અમે નિર્ભય થઇને રહીયે,
સ્વરૂપ લ્હેરથી રે, અમે નિર્ભય થઇને રહીયે,
સદ્‌ગુરૂ દેવે દર્યા કરીને,
નિજ દેદાર દરશાયાં, ભાઇનિજ દેદાર દરશાયાં
અખંડ ને અવિનાશી એવા (૨)
મૂળ સ્વરૂપમાં રહીયે.. ગુરૂની મ્હેરથી રે..
સોહમ્ શેરના ઘૂઘવાટાથી,
માયા માંકડી ભાગી, ભાઇ માયા માંકડી ભાગી
ફાંકડી તો ફાળે ભાગી (૨)
ઉભી નથી કોઇ ગલીયે.. ગુરૂની મ્હેરથી રે..
ભેદ અને ભ્રાન્તીનાં ભૂતો
કાઢ્યાં મારી જુતાં, ભાઇ કાઢ્યાં મારી જુતાં
જ્યાં જઇયે ત્યાં એકજ આતમ (૨)
નિરખી ન્યાલ થઇ.. ગુરૂની મ્હેરથી રે..
નરસિંહ નિજ સ્વરૂપ નિરખતાં,
નિર્ભય નોબત વાગી, ભાઇ નિર્ભય નોબત વાગી
કાળ તો કાયર થઇ બેઠો (૨)
કોનાથી અમે ડરિએ.. ગુરૂની મ્હેરથી રે..



## ૧૫૬. ગુરૂજી દયા રે કરો તો

રાગ : નાણાવટીરે સાજન બેઠુ માંડવે

ગુરૂજી દયા રે કરો તો ભવજળ તરીએ
કૃપા કરાંને કૃપાળું, મારે શરણું તમારું
ગુરૂજી દયા રે કરો તો....
ગુરૂજી અનેક જનમથી હું આથડું
પહેરી દેહનો ડગલો, અંતર અવગુણનો ઢગલો
ગુરૂજી દયા રે કરો તો....
ગુરૂજી ભ્રમણાની જાળમાં ભૂલો પડયો
અંતર અવિદ્યાનું તાળુ, આંખે ઘોર અંધારું
ગુરૂજી દયા રે કરો તો....
ગુરૂજી મુજ રે ગરીબ પર મ્હેર કરો
મને બૂંડતા ઉગારો, મારો જનમ સુધારો
ગુરૂજી દયા રે કરો તો....
ગુરૂજી દાસ રે નરસિંહ પર દયા કરી
જીવ દશા દેજો ટાળી, આતમ જયોત જગાવી
ગુરૂજી દયા રે કરો તો....

## ૧૫૭. પ્રગટ પુરૂષને સેવો

રાગ : દેહ છતાં વિદેહી મારા હરિજનો.

પ્રગટ પુરૂષને સેવો મારા હરિજનો, પ્રગટ પુરૂષને સેવો રે..હે.. હે..જી..
પ્રગટ વિના કોણ પ્રકાશે (૨)
જ્યોત સે જ્યોત જગાવો મારા હરિજનો, પ્રગટ પુરૂષને સેવો રે..હે.. હે..જી..

દિવા વિના દિવો ના થાયે , કોટિ કરોને ઉપાયો રે..હે.. હે..જી..
સદ્‌ગુરૂ વિના જ્ઞાન ના થાયે (૨)
થાયેના આતમ ઉગારો મારા હરિજનો, પ્રગટ પુરૂષને સેવો રે..હે.. હે..જી..

તન-મન-ધન સદ્‌ગુરૂને સાંપી, સમર્પણ થઇ જાઓ રે..હે.. હે..જી..
જ્ઞાનામૃતનું પાન કરીને (૨)
જીવ દશાને ભગાવો મારા હરિજનો, પ્રગટ પુરૂષને સેવો રે..હે.. હે..જી..

જીવ શિવના ભેદ ઉકેલી, દ્વૈતના પડદા ફાડો રે..હે.. હે..જી..
સચ્ચિદાનંદ સ્વરૂપ પામી (૨)
અખિલ બ્રહ્માંડમાં મ્હાલોમારા હરિજનો, પ્રગટ પુરૂષને સેવો રે..હે.. હે..જી..

નરસિંહ નિજ સ્વરૂપે રહીને, અલખનો ખોલો અખાડો
અજરા અમર સ્વયં પ્રગટ (૨)
નિરખોને નિજ દેદારો મારા હરિજનો, પ્રગટ પુરૂષને સેવો રે..હે.. હે..જી..



## ૧૫૮. ધન્ય ધન્ય જનનીના જાયા

રાગ : આજે અપૂર્વ અવસર આયો.

ધન્ય ધન્ય જનનીના જાયા, જેને હરિ ગુણ ગાયા;
કોટિ જન્મોના સૂક્ર્તિ પાયા, જેને હરિ ગુણ ગાયા.

કાચી કાયા જાણી જૂઠી છે માયા
સંસાર જાણી સ્વપ્નાની છાયા
એની જનની કૂંખ દીપાયા, જેને હરિ ગુણ ગાયા.
ધન્ય ધન્ય જનની...

ભક્તિ જ્ઞાન વૈરાગના રંગે
મન-બુદ્ધિ-ચિત્ત રહે નિજરૂપે
જે ત્રિવેણી સંગમે ન્હાયા, જેને હરિ ગુણ ગાયા.
ધન્ય ધન્ય જનની...

દાસ નરસિંહ ધન્ય જગમાં આયા
તન-મનથી જેને હરિ ગુણ ગાયા
એને જીવતાં વૈકુંઠ પાયા, જેને હરિ ગુણ ગાયા.
ધન્ય ધન્ય જનની...



## ૧૫૯. મને આતમ દશાના

રાગ : હું તો ગરબે રમુંને હરિ સાંભરે રે.

મને આતમ દશાના ભેટયા, ઓલિયા રે ...
મને ઓળખાયો મારો આત્મા રે,પરમાત્મા રે...
મને આતમ દશાના....

મારાં ભાગ્ય જાગ્યાં ને, પ્રગટ ભેટીયા રે ...
મને દાન દીધા દેદારનાં રે, દેહાતીત નાં રે ...
મને આતમ દશાના....

મારાં અહં ગળ્યા ને સ્વયં સ્વરૂપ પ્રગટયાં રે...
મારાં અતરમાં પ્રગટયા દિવડારે, સ્વયં શિવના રે ...
મને આતમ દશાના....

ઘટો ઘટમાં મ્હાલે મારો આત્મા રે ...
મારી વૃત્તિ રહે બ્રહ્માકાર માં રે, પરા પારમાં રે ...
મને આતમ દશાના....

દાસ નરસિંહ દેદારે ડેરા નાખિયા રે ...
એતો હરદમ રહે નિજાનંદ માં રે, નિરાકારમાં રે ...
મને આતમ દશાના....



## ૧૬૦. હેલી ઝગમગ ઝગમગ

રાગ : હેલી આરે ચાંઘડીયાં લાભનાં.

હેલી ઝગમગ ઝગમગ જ્યોતિ જલે
મારા સુરતી સ્વરૂપમાં રમે રે, ઝગમગ જ્યોતિ ઝલે
હેલી ઝગમગ ઝગમગ....
હેલી નાભી રે કમળથી નામ ઉમટયાં
સોહમ્ શેરીયે ત્રિવેણી તિર્થ ન્હાયા રે, ઝગમગ જ્યોતિ જલે
હેલી ઝગમગ ઝગમગ....
હેલી નવરે દરવાજા બંધ કરી
દસમે દ્વારે ગુરૂ ગમે માલ્યા રે, ઝગમગ જ્યોતિ જલે
હેલી ઝગમગ ઝગમગ....
હેલી સ્વયં પ્રકાશી સ્વયં જ્યોતિ જલે
ચાંદા સૂરજ આરતી ઉતારે રે, ઝગમગ જ્યોતિ જલે
હેલી ઝગમગ ઝગમગ....
હેલી શિવ સનકાદિક ધ્યાન ધરે
વિષ્ણું અવતાર લઇને આરાધે રે, ઝગમગ જ્યોતિ જલે
હેલી ઝગમગ ઝગમગ....
હેલી પુરારે ગુરૂના પુરા શિષ્ય રમે
પેલા નુગરાં ને ગમ ના પડે રે, ઝગમગ જ્યોતિ જલે
હેલી ઝગમગ ઝગમગ....
હેલી દાસ નરસિંહ અવઘટ ઘાટે રમે
અખંડ જ્યોતિમાં જ્યોત મળે રે, ઝગમગ જ્યોતિ જલે
હેલી ઝગમગ ઝગમગ....

## ૧૬૧. હેલી ચાલાં રે ગુરૂજી ને પૂજવા

રાગ : હેલી આરે ચાંગડીયાં લાભનાં

હેલી ચાલાં રે ગુરૂજી ને પૂજવા
ડગલે-પગલે યજ્ઞનું ફળ હોય રે...
વેદો ગુણ ગાય રે ગુરૂજીને પૂજવા. હેલી ચાલાં રે....
હેલી અડસઠ તિરથ ગુરૂ ચરણમાં
ગુરૂ ચરણમાં કાશીને કેદાર રે...
દર્શને દુઃખ જાય રે ગુરૂજીને પૂજવા. હેલી ચાલાં રે....
હેલી ગુરૂ ચરણામૃત પાતક હારી
કોટિ જનમોનાં પાપો બળી જાય રે...
પાપી પાવન થાય રે ગુરૂજીને પૂજવા. હેલી ચાલાં રે....
હેલી પુરાંરે તકદિર પુરાં ભાગ્ય ફળે
પ્રગટ સંતનાં દર્શન થાય રે...
જીવન સફળ થાય રે ગુરૂજીને પૂજવા. હેલી ચાલાં રે....
હેલી દાસ નરસિંહ સદ્‌ગુરૂ સેવતાં
જન્મ મરણનાં દુઃખડાં જાય રે...
જીવન મુક્ત થાય રે ગુરૂજીને પૂજવા. હેલી ચાલાં રે....



## ૧૬૨. જેના જીવનમાં સત્‌સંગ નથી

રાગ : જેના મુખમાં રામનું નામ નથી.

જેના જીવનમાં સત્‌સંગ નથી, તેનો મનુષ્ય તણો અવતાર નથી
જેને સદ્‌ગુરૂ સંતનો સંગ નથી, તેનો મનુષ્ય તણો અવતાર નથી
જેને ભક્તિ જ્ઞાન વૈરાગ નથી
જે સ્વપ્નામાંથી જાગ્યા નથી
જેને નિજ આત્માનું ભાન નથી, તેનો મનુષ્ય તણો અવતાર નથી
જેને ગુરૂ જ્ઞાનામૃત પીધું નથી
જેને પરનું બંધન છૂટ્યુ નથી
જેને હું કોણ છું એ જાણ્યું નથી, તેનો મનુષ્ય તણો અવતાર નથી
જેની દ્રષ્ટિ દ્રષ્ટામાં પડી નથી
જેની સુરતી સ્વરૂપે ઠરી નથી
દાસ નરસિંહ પ્રગટની પરખ નથી, તેનો મનુષ્ય તણો અવતાર નથી.



## ૧૬૩. તું નિજ દેદારે ડુબી જા

રાગ : જેના મુખમાં રામનું નામ નથી.

તું નિજ દેદારે ડૂબી જા, તું ભવ બંધનથી છૂટી જા;
તું બ્રહ્મ સ્વરૂપમાં ભળીજા, તું હું-મારા થી છૂટી જા.
તું સચ્ચિદાનંદ શુધ્ધ આત્મા છે
તું અજર અમર અનાદિ છે
તું દહાધ્યાસથી છૂટી જા, તું ભવ બંધનથી છૂટી જા.
તું નિજ દેદારે ડૂબી....
તું જીવ નથી સદા શિવ છે
તું સકલ બ્રહ્માંડનો સ્વામી છે
તું સ્વરૂપ જ્યોતિ જગાવી જા, તું ભવ બંધનથી છૂટી જા.
તું નિજ દેદારે ડૂબી....
તું મન બુધ્ધિ પર પરમેશ્વર
તું સ્વરૂપ સ્વયં સર્વેશ્વર
તું કાયા કર્મથી છૂટી જા, તું ભવ બંધનથી છૂટી જા.
તું નિજ દેદારે ડૂબી....
દાસ નરસિંહ ચેતાવે ચેતવી જા
મારી અમર પ્યાલી પીતો જા
તું સોહમ્ શિવોહમ્ ગાતો જા, તું ભવ બંધનથી છૂટી જા.
તું નિજ દેદારે ડૂબી....



## ૧૬૪. જે જન સદ્‌ગુરૂ ચરણેજાય

રાગ : આવી મોંઘી લીલા લ્હેર.

જે જન સદ્‌ગુરૂ ચરણેજાય, એતો જીવ મટી શિવ થાય
કર્મો સઘળા બળી જાય, એતો જીવ મટી શિવ થાય
શરણુ સદ્‌ગુરૂનું ઝાલી, આપો-તાપો નાખે ટાળી
પાપો ભડકે બળી જાય, એતો જીવ મટી શિવ થાય
જે જન સદ્‌ગુરૂ....
અર્પે તન-મન-ધન ગુરૂ ચરણે, ગુરૂ ગોવિંદ સ્વરૂપ જાણે
તેનાં ભાગ્ય ઉઘડી જાય, એતો જીવ મટી શિવ થાય
જે જન સદ્‌ગુરૂ....
સદ્‌ગુરૂ ચરણે સુરતા ધરશે, એતો કીટ મટી ભ્રમર બનશે
સોહમ્ શિવોહમ્ હરદમ ગાય, એતો જીવ મટી શિવ થાય
જે જન સદ્‌ગુરૂ....
કાયા માયા મૂકી મ્હાલે, દર્શન નિજાત્માનાં પાવે
નરસિંહ નરહરિ બની જાય, એતો જીવ મટી શિવ થાય
જે જન સદ્‌ગુરૂ....

## ૧૬૫. હરિના જન સંતો

રાગ : કોટિ કોટિ પ્રણામ.

કોઇનુ દિલ ના દુભાય, એવી વાણી વર્તન થાય;
હરિના જન સંતો, તેને કહેવાય. (૨)

જેની વાણીમાં વહે અમિ ધારા
જેના નયનામાં બ્રહ્મ નૂર પ્યારા
અદ્વૈત આનંદ ઉભરાય, દ્વૈતના પડદા ફાટી જાય.
હરિના જન સંતો....

રાગ દ્વેષનાં મૂળીયાં તૂટ્યાં
કામ ક્રોધને લોભથી છૂટ્યાં
જીવન મુક્ત થઇ જાય, જનમ મરણ ટળી જાય.
હરિના જન સંતો....

હું તું તેના ત્રિમિર તૂટયાં
અખંડ ધારા ના ધોધ છૂટ્યાં
નરસિંહ શિર ઝૂંકી જાય, વિનય ભાવે ગુણલા ગાય.
હરિના જન સંતો....



## ૧૬૬. હંસા ઝીણી રે વાતો

રાગ : હંસા ગઇતી ગુરૂજીના દશમાં.

હંસા ઝીણી રે વાતો, ઝેંણા સંત્ જાણે;
મોટા અહં લઇને ફરે, ભવ ભ્રમણામાં ભમે.
હંસા ઝીણીરે વાતો.....

હંસા ઝીણી રે, કિડીયો ખાવે મિસરી
મોટા ઊંટ બોજો તાંણે, કાંટા કંથેર ખાવે.
હંસા ઝીણીરે વાતો.....

હંસા મીઠારે સાગરે, મોતી નિપજે
મોટા મગર માટી ગળે, નાના હંસ મોતી ચરે.
હંસા ઝીણીરે વાતો.....

હંસા નિર્ગુણ પદ પુરા સંત્ પાવે
જેની વૃત્તિ બ્રહ્માકાર, નિર્લેપ ખેલે નિરાધાર.
હંસા ઝીણીરે વાતો.....

હંસા દાસનો દાસ નરસિંહ ભણે
દષ્ટિ દ્રષ્ટામાં રમે, જન્મ મરણ સ્હેજે ટળે.
હંસા ઝીણીરે વાતો.....



## ૧૬૭. અગમ ઘરની વાતો

રાગ : પરદેશી સંગે વાતો ના હોય ઓ વીરા મારા.

અગમ ઘરની વાતો કોને રે કહીએ
દેશી મળેતો કરીએ વાતો, સાહેલી વાતો કોને રે કહીએ.
પગ વિના ચાલ્યાં અમે, મન વિના મ્હાલ્યાં રે
નભમાં ઉડ્યાં નહિ પાંખો, સાહેલી વાતો કોને રે કહીએ.
અગમ ઘરની વાતો .....
નયનાં વિના રે અમે, નિજઘર ખોલ્યાં રે
કાળના આવે અહીં આઘો, સાહેલી વાતો કોને રે કહીએ.
અગમ ઘરની વાતો .....
રસ બસ થઇ ગયાં, બ્રહ્મ સ્વરૂપમાં રે
નામ રૂપને નહિ ઘાટો, સાહેલી વાતો કોને રે કહીએ.
અગમ ઘરની વાતો .....
વાણી વિનાની વાતો, વિરાલા નર વાંચે રે
બહેરાં મૂંગાની મૌન વાતો, સાહેલી વાતો કોને રે કહીએ.
અગમ ઘરની વાતો .....
દાસ નરસિંહ સદ્ગુરૂજીના ચરણે
શબ્દો વિનાનાં ગીત ગાતો, સાહેલી વાતો કોને રે કહીએ.
અગમ ઘરની વાતો .....



## ૧૬૮. આજે સાહેલી

રાગ : પરદેશી સંગે વાતો ના હોય ઓ વીરા મારા.

આજે સાહેલી અમે, જીવતાં ઘર જોયાં રે..
ભાગ્ય જાગ્યાં ને પ્રગટ ભેટ્યાં, સાહેલી અમે જીવતાં ઘર જોયાં રે..
આજે સાહેલી ....
સદ્ગુરૂ મલિયાં અમે, સ્વરૂપે ઠરીયાં રે..
ભ્રાંન્તિ ભાગીને જ્યોતિ જાગી, સાહેલી અમે જીવતાં ઘર જોયાં રે..
આજે સાહેલી ....
અજર અમર બ્રહ્મ, સ્વરૂપ પામી રે..
જીવતાં મુક્તિ માં-જો માણી, સાહેલી અમે જીવતાં ઘર જોયાં રે..
આજે સાહેલી ....
દેહ વિનાનાં અમે, દેદારે મ્હાલ્યાં રે..
નિર્ભય દેશે ડંકા દીધા, સાહેલી અમે જીવતાં ઘર જોયાં રે..
આજે સાહેલી ....
બ્રહ્માંડ ભાગે પણ ભયના આવે રે..
કાળ નો ભય ભાગ્યો, સાહેલી અમે જીવતાં ઘર જોયાં રે..
આજે સાહેલી ....
દાસ નરસિંહ મસ્ત, સ્વરૂપા નંદે રે..
ગુરૂએ અગમઘર નાખ્યાં ખોલી, સાહેલી અમે જીવતાં ઘર જોયાં રે..
આજે સાહેલી ....

## ૧૬૯. ભાગ્ય ભલાં રે

રાગ : પરદેશી સંગે વાતો ના હોય ઓ વીરા મારા.

ભાગ્ય ભલાં રે અમને, સદ્‌ગુરૂ મળીયા રે
અમૃત પાયાં ઘોળી ઘોળી..ઓ વીરા મારા..ગુરૂજીની વાણી રે.
સદ્‌ગુરૂની વાણી, ગંગા યમુનાની લ્હાણી રે
પાપીને પાવન કરનારી..ઓ વીરા મારા..ગુરૂજીની વાણી રે.
ભાગ્ય ભલાં રે....
પાપો બાળેરે, ભવના તાપોજ ને ટાળે રે
નિર્મોહિ ને નિર્વિકારી..ઓ વીરા મારા..ગુરૂજીની વાણી રે.
ભાગ્ય ભલાં રે....
બળતાં ને ઠારે ગુરૂજી, ડૂબતાં ને તારે રે
કૃપાળું ને કલ્યાણી..ઓ વીરા મારા..ગુરૂજીની વાણી રે.
ભાગ્ય ભલાં રે....
દેહ ભાવ ટાળે, ભીતર જ્યોતિ જગાવે રે
દ્વૈતના પડદા નાખે ફાડી..ઓ વીરા મારા..ગુરૂજીની વાણી રે.
ભાગ્ય ભલાં રે....
દાસ નરસિંહ નિર્મળ ગુરૂજીની વાણી રે
મુક્તિનાં દ્વાર નાખે ખોલી..ઓ વીરા મારા..ગુરૂજીની વાણી રે.
ભાગ્ય ભલાં રે....



## ૧૭૦. મસ્તાના મસ્તાના

રાગ : યઠવાળો યઠવાળો સકળ જગ યઠવાળો રે.

મસ્તાના મસ્તાના અમે તો બ્રહ્મ મસ્તાના
અખંડ વહે સ્વરૂપ સુખ ધારા, અમે તો બ્રહ્મ મસ્તાના
મસ્તાના મસ્તાના....
કાયાને માયાથી રહીયે સદા વેગળા
શુધ્ધ આત્મા સ્વયં સુખ વાળા, અમે તો બ્રહ્મ મસ્તાના
મસ્તાના મસ્તાના....
સ્થૂળ સૂક્ષ્મને કારણથી ન્યારા
દેહ વિનાના દેદારા, અમે તો બ્રહ્મ મસ્તાના
મસ્તાના મસ્તાના....
રાગ નહિ દ્વેષ નહિ દશ્યોના ઘાટ નહિ
સદા નિર્ગુણને નિરાલા, અમે તો બ્રહ્મ મસ્તાના
મસ્તાના મસ્તાના....
નરસિંહ નિર્ભય પદ પાવે કોઇ વિરલા
સચ્ચિદાનંદ પદવાળા, અમે તો બ્રહ્મ મસ્તાના
મસ્તાના મસ્તાના....



## ૧૭૧. ચાલાં આપણા ઘેર રે

રાગ : ઢમક્યાં ઢોલીડાનાં ઢોલરે સજની.

ગગડ્યા કાયા ગઢના કોટરે, સજની ચાલાં આપણા ઘેર રે..
છોડી પરદેશીની પ્રીતરે, સજની ચાલાં આપણા ઘેર રે..

બાળપણ ખોયું, રમતાંને જમતાં ઝાઝા લાડે કોડે રે..
ભર જુવાની, માયા માંહી, પાછુવળીના જોયું રે..

ઓચિંતાનું ઘડપણ આવ્યું, અળખુંને ઓશીયાળુ રે..
છોકરાંને વહુઓ, છણકા કરે, ટાઢું પીરસે ભાણું રે..

માગણની જેમ, ઓશીયારાં થઇને, આંગણે બેસી રહેવું રે..
કહેવાય નહિ, સ્હેવાય નહિ, ઘડપણનું આ ગાણું રે..

માટે ચેતી હરિ ગુણ ગાવા, મળીયું મોંઘુ ટાણું રે..
દાસ નરસિંહની શીખ રૂપાળી, હદીયા માંહી રાખી રે..

હરિ ગુણ ગાતાં, હરિરસ પીતાં, વૈકુંઠ વાસી થાશો રે..



## ૧૭૨. હું પ્રગટ છું અવિનાશી

રાગ : તું ભળી જાને બ્રહ્મમાં.

હું પ્રગટ છું અવિનાશી, હું પ્રગટ છું અવિનાશી
છું ઘટઘટનો હું વાસી, કોઇ વિરલે વાતો જાણી.....
હું પ્રગટ છું....
અજર અમર હું અવિનાશી, દેહ જાણો વિનાશી, ભાઇ દેહ જાણો વિનાશી
સચ્ચિદાનંદ સ્વરૂપ મારું (૨) અખંડ સુખનો રાશી...
હું પ્રગટ છું....
અખિલ બ્રહ્માંડમાં પ્રગટ ખેલું, બ્રહ્માંડ રહ્યાં શોભાંવી ભાઇ બ્રહ્માંડ
ચંદા સૂરજને નવલાખ તારા (૨) હું જ રહ્યો પ્રકાશી...
હું પ્રગટ છું....
મુજને પાવે ફેર નહિ આવે, ટળે જનમની ફાંસી ભાઇ ટળે જનમની
દેવ દાનવને માનવ સઘળા (૨) મને રહ્યાં ઉપાસી...
હું પ્રગટ છું....
નરસિંહ મસ્ત નિજાનંદી, અલખ ધૂન મચાવી ભાઇ અલખ
પરા પાળ પર તંબુ તાણી (૨) નિર્ભય ગાવે વાણી...
હું પ્રગટ છું....

## ૧૭૩. તારા દર્શન કરવા

રાગ : મને આજ થઇ ઓળખાણ.

ઓ સદ્‌ગુરૂ દીન દયાળ, તારા દર્શન કરવા આવ્યો છું;
ઓ ભવજળ તારણહાર, તારાં દર્શન કરવા આવ્યો છું.

કૃપા સિન્ધુએ કૃપા કરી ને, મુજ રંકને કીધો રાય;
અનંત કાળનું સ્વપ્નું તોડી (૨) જગાડયો નિજ બાળ.
તારાં દર્શન....

મુજ ગરીબને પ્રગટ ભેટ્યા, અહો અહો ઉપકાર;
સ્વયં સ્વરૂપ જ્યોતિ જગાવી (૨) આપ્યા નિજ દેદાર.
તારાં દર્શન....

સઘળા તિર્થો આપ ચરણમાં, વેદો ગુણલા ગાય;
પાપી જનને પાવન કરવા (૨) જગમાં ધર્યો અવતાર.
તારાં દર્શન....

સદ્‌ગુરૂ સેવે ફરી નહિ આવે, જન્મ-મરણ ટળી જાય;
નરસિંહ તારી પૂર્ણ કૃપાથી (૨) તારો મહીમા ગાય.
તારાં દર્શન....



## ૧૭૪. મારી સ્વયં શાયબી લુંટવા હો...

રાગ : હરિના નામનો હો.

મારી સ્વયં શાયબી લૂંટવા હો... મરજીવા આવજો.
મારી પ્રગટ શાયબી લૂંટવા હો... મરજીવા આવજો.

મરજીવા આવજો ને હું ને મારું ટાળજો
મારી સર્મ્યક શાયબી લૂંટવા હો... મરજીવા આવજો
મારી....

સકલ્પને ટાળજો ને પરની હોળી બાળજો
મારી દેદાર બાદશાહી લૂંટવા હો... મરજીવા આવોજો
મારી....

દ્વૈતને ટાળજોને સ્વરૂપમાં માલજો
મારી ત્રિકાળ શહેનશાહી લૂંટવા હો... મરજીવા આવજો
મારી....

નરસિંહ નિજાનંદમાં ને માલે મહા પદમાં
મારી સર્વજ્ઞ શાયબી લૂંટવા હો... મરજીવા આવજો
મારી....



## ૧૭૫. આજ મારે પરબ્રહ્મ (થાળ)

રાગ : હંસલો ચાલ્યો જવાનો એકલો રે.

આજ મારે પરબ્રહ્મ પરૂણા આવીયા રે
આવ્યા પ્રગટ સ્વયં ભગવાન હો લાલ(૨) આજ મારો...

સદ્‌ગુરૂ દેવે ખૂબ દયા કરી રે
આપ્યાં દિવ્ય સ્જરૂપનાં દાન હો લાલ(૨) આજ મારો...

પ્રગટ પરખીને પૂજ્યાં પાવલાં રે
પૂજ્યા ચૌદે ભુવનના નાથ હો લાલ (૨) આજ મારો...

સત્યનું શુંરમું ને જ્ઞાન ઘી ની ધરા રે
પકવાન પ્રગટ સ્વરૂપનાં પાકાં હો લાલ(૨) આજ મારો...

સમતા શાક દયાની દાળ છે રે
કૈવલ કમોદિયો છે ભાત હો લાલ (૨) આજ મારો...

આચમન ગુરૂગમ ગંગા જળ થી રે
મુખવાસ મહાવાક્યનો મહારાજ હો લાલ (૨) આજ મારો...

દાસ નરસિંહના નયને નાથ રમે રે
હરદમ ખેલે હરિ હજુર હો લાલ (૨) આજ મારો...



## ૧૭૬. અહં ગળે તો

રાગ : હંસા જીવન મુક્ત થઇ જગમાં રહ્યો રે જી.

હંસા સત્‌ચિત આનંદ સ્વરૂપ આપણાં રે જી
જેને શોધે છે તે તું પોતે મારા વીરા રે
અહં ગળે તો પોતે આત્મા રે જી
અહં ઓઠે આત્મા ના ઓળખાય મારા વીરારે. અહં ગળે તો...

હંસા ઘાટના આંઠે અઘાટી રહ્યો રે જી
કુંડલ આઠે જેમ કનક ઢંકાય મારા વીરારે. અહં ગળે તો...

પરખ વિના જગ પાંગળુ રે જી
પોતે પોતાથી ફરે અજાણ, મારા વીરારે. અહં ગળે તો...

હંસા નામ રે રૂપ નહિ આપણાં રે જી
તું અનામિ આત્મ રામ, મારા વીરારે. અહં ગળે તો...

હંસા સ્વયંથી છેટા શીદ ફરાં રે જી
પ્રગટ પરખાંને નિજ દેદાર, મારા વીરારે. અહં ગળે તો...

હંસા કાચના મહેલમાં પેઠાં કૂતરાં રે જી
એતો પોતે પોતાને ભસે મારા વીરારે. અહં ગળે તો...

હંસા દ્વૈતના ડુંગર આવરણ થઇ પડયા રે જી
નરસિંહ સદ્‌ગુરૂ આપે નિજભાન મારા વીરારે. અહં ગળે તો...

## ૧૭૭. અમિનાં છાંટણાં રે

રાગ : પ્રગટ્યા દિવડા રે.

અમિનાં છાંટણાં રે (૨) મારે સદ્‌ગુરૂ દેવે છાંટ્યાં
પાવન આંગણાં રે (૨) મારે સદ્‌ગુરૂ દેવે કીધાં

પ્રેમ ધારાના ધોધ વરસાવી, પાવન અમને કીધા
દિન બંધુ એ દયા કરીને (૨) પ્રેમે દર્શન દીધાં
અમિનાં છાંટણાં....

અનંત કાળનાં ઘોર અંધારાં, પલમાં ટાળી દીધાં
ભેદ અને ભ્રાન્તિનાં ભૂતો(૨) જીવ લઈને ભાગ્યાં
અમિનાં છાંટણાં....

હું તું તેના દ્વૈતના પડદા, સદ્‌ગુરૂ ફાડી નાખ્યા
નરસિંહ સત્ચિત્ત આનંદ બ્રહ્મ (૨)ઘટઘટ ભીતર દીઠા.
અમિનાં છાંટણાં....



## ૧૭૮. ગુરૂજી ભલે રે પધાર્યા

રાગ : રણુંજા ના રાજા.

ઓ ખમ્મા ખમ્મા રે ગુરૂજી ભલે પધાર્યા
તમને વધાવું ઝાઝા ફુલડે રે, સાચા મોતી ડે ગુરૂજી ભલે રે પધાર્યા
ગુરૂજી ભલે રે પધાર્યા....ઓ...
હેતના હાર વાલા જ્ઞાનના ગજરા
ચિત્ત ચંદન લલાટમાં રે, સુરતા સાથમાં રે
ગુરૂજી ભલે રે પધાર્યા....ઓ...
ઓહમ સોહમ્‌ની વાલા શેરીઓ વળાવું
ધ્યાનના ઢોલીયે પાંઢજો રે, શુન્યમાં મ્હાલજો રે
ગુરૂજી ભલે રે પધાર્યા....ઓ...
પ્રેમનો પ્રસાદ વાલા સત્યનું શુરમું
જ્ઞાન ઘીમાં તરબોર છે, અજોડ છે રે
ગુરૂજી ભલે રે પધાર્યા....ઓ...
કેવલ કમોદનો કેસરીયો ભાત છે
ઘીનો દોરો દીધેલ છે રે, દયા દાળ છે રે.
ગુરૂજી ભલે રે પધાર્યા....ઓ...
સ્વરૂપ ધારાથી વાલા, આચમને કરાવું
અદ્વૈત એલચી મુંખવાસમાં રે, લક્ષ્ય લવિંગ સાથમાં રે
ગુરૂજી ભલે રે પધાર્યા....ઓ...
દાસ નરસિંહની વાલા સેવારે સ્વીકારો
સેવકને ચરણોમાં રાખજો રે, ભવ જળ તારજો રે
ગુરૂજી ભલે રે પધાર્યા....ઓ...



## ૧૭૯. આજ સખી રે

રાગ : રામ સભામાં અને રમળાને ગ્યાતા.

આજે સખીરે અમે, જીવતાં ઘર જોયાં રે;
મલીયો મોટાનો સંગ, લાગ્યો બ્રહ્મનો રંગ.
આજ સખી રે....

કોટિ જનમનાં મારાં, ભાગ્ય રે જાગ્યો રે;
છુટ્યો અવિધ્યાનો સંગ, જીત્યો માયાનો ફંદ.
આજ સખી રે....

સત્ય સ્વરૂપનાં જ્ઞાન, ગુરૂજીએ આપ્યાંરે;
મૂક્યો કાયાનો સંગ, માણ્યો વિદેહી રંગ.
આજ સખી રે....

દાસ નરસિંહ આજે, નિર્ભય ખેલેરે;
ભેટ્યાં સોહાગી સંત, આવ્યો ભવનો અંત.
આજ સખી રે....



## ૧૮૦. આવાં સંતો નિજ

રાગ : ગુરૂ ગોવિંદ રૂપ જાણીયરે લોલ.

આવાં સંતો નિજ ધામમાં રે લોલ
છોડી દેહાધ્યાસજો, સ્વરૂપ સાગરમાં માલવા રે લોલ.
આવાં સંતો નિજ....

અજર અમર દેશ આપણો રે લોલ
કાળના આવે પાસજો, આવાં સંતો નિજ દેશમાં રે લોલ.
આવાં સંતો નિજ....

બુધ્ધિ બાઈ બેઠાં કર જોડીને રે લોલ
ઈન્દ્રિયો થઈ ગઈ ગોખ જો, આવાં સંતો નિજ દેશમાં રે લોલ.
આવાં સંતો નિજ....

સંકલ્પ વિકલ્પ સમાઈ ગયા રે લોલ
મનડું પણ મરી જ્યાં જાય જો, આવાં સંતો નિજ દેશમાં રે લોલ.
આવાં સંતો નિજ....

ત્રિકાળ દશા દેદારની રે લોલ
નરસિંહ સ્વયં પ્રકાશજો, આવાં સંતો નિજ દેશમાં રે લોલ.
આવાં સંતો નિજ....

## ૧૮૧. જેની દિકરી આંસુડાં

રાગ : કોઇ ઘેલીને દુનિયાને ઘેર લાવા રે.

જેની દિકરી આંસુડાં સારે રે, કપૂત મળી સાસરી રે જી
તેનાં માવતર બળતાં બોલે રે, કપૂતને કયાં દાન દીધાં રે જી
સાસુ જેની ડાકણ જેવી, કાળજાકોરી ખાય એવી
સાપણ જેવી ઝેરી છીંકો મારે રે, કપૂત મળી સાસરી રે જી
જેની દિકરી આંસુડાં....

પરણ્યો મૂઢ માર મારે, નાની નણદી મ્હેણાં મારે
સસરો-સાસુના હુકમે ચાલે રે, કપૂત મળી સાસરી રે જી
જેની દિકરી આંસુડાં....

પૂર્વ જનમનાં પાપ જાગ્યાં, કપૂત સગાં મા-બાપ કીધાં
જેનાં પાનેતર ખાંપણમાં ખપ્યાં રે, કપૂત મળી સાસરી રે જી
જેની દિકરી આંસુડાં....

કોઇ દિકરી ઝેર ખાવે, કોઇ ગળે ફાંસ ખાવે
જેના પાપે ધરતી ડોલે રે, કપૂત મળી સાસરી રે જી
જેની દિકરી આંસુડાં....

નારીનાં નિશાશા લેશે, ભુડા હવાલે નર્કે જાશે.
એના કૂળમાં કાળા કાગ ઉડે રે, કપૂત મળી સાસરી રે જી
જેની દિકરી આંસુડાં....

સંદેશો આ સૌને કહેશો, કપૂત ઘેર દિકરી ના દેશો
દેશો દિકરી તો પોકે પોકે રોંશેરે, કપૂત મળી સાસરી રે જી
જેની દિકરી આંસુડાં....

નરસિંહ કહે આભ ફાટયાં, વાદળ ઠાલાં ઠાલાં દીઠાં
જેના પાપે પાણીડાં ખૂટયાં રે, કપૂત મળી સાસરી રે જી
જેની દિકરી આંસુડાં....



## ૧૮૨. ગોવિંદના ગુણ ગાવો

રાગ : તું ભરી જાને બ્રહ્માં.

ગોવિંદના ગુણ ગાવો, સંતો ગોવિંદના ગુણ ગાવો;
ફરી અવસર નાવે આવો, મળ્યો માંઘો દેહ માનવનો.
ગોવિંદના ગુણ ગાવો...

શ્વાસો શ્વાસે સ્મરણ કરીલે, લઇલ્યાં રૂડો લ્હાવો ભાઇ (૨)
ભકિત કરી લ્યોં, સ્મરણ કરી લ્યોં (૨)
સફળ કરો જન્મારો, તમે ગુણ ગોવિંદના ગાઓ
ગોવિંદના ગુણ ગાવો...

કામ ક્રોધનો કાંટો કાઢો, લોભની ઠારો લાયો ભાઇ (૨)
રાગ દ્વેષને નિંદા કૂથલી (૨)
ઈર્ષાની આગ બૂજાવો, તમે ગુણ ગોવિંદના ગાઓ
ગોવિંદના ગુણ ગાવો...

આજકાલ કરતાં આયુષ્ય જાશે, સમજી સમય સુધારો ભાઇ(૨)
ઘડપણ લાવે દુબળી ઘડીયો (૨)
સુઝે નહિ કિનારો, તમે ગુણ ગોવિંદના ગાઓ
ગોવિંદના ગુણ ગાવો...

ઘટઘટ ભીંતર ગોવિંદા ગાજે, નયન ખોલી નિહાળો ભાઇ (૨)
અવઘટ ઘાટે અલખ બીરાજે
નરસિંહ નંદ દુલારો, તમે ગુણ ગોવિંદના ગાઓ
ગોવિંદના ગુણ ગાવો...



## ૧૮૩. જાણેજો જાણેજો આત્માને

રાગ : આત્મા હીરો આવ્યો મારા હાથમાં રે.

જાણેજો જાણેજો આત્માને જાણ જો રે...
હું કોણને અહીયાં કયાંથી હો લાલ (૨)
જાણેજો જાણેજો....

પાંચ તત્વની આ કાયા બની રે...
બોલે દેહ દેવળમાં કોણ હો લાલ (૨)
જાણેજો જાણેજો....

અનેક જન્મો ગયા અભાનમાં રે...
ભુલ્યા નિજ સ્વરૂપનુ ભાન હો લાલ (૨)
જાણેજો જાણેજો....

આજકાલ કરતાં દહાડા વહી જાય છે રે...
જાણ્યા વિના ઝગડો ના હોલાય હો લાલ (૨)
જાણેજો જાણેજો....

દાસ નરસિંહ સદ્ગુરૂ સેવતાં રે...
કરાવે હું કોણની ઓળખાણ હો લાલ (૨)
જાણેજો જાણેજો....



## ૧૮૪ . હો જેને

રાગ : હરિ રસ લાગે રે હે મીઠડો.

આત્મા જાણ્યો, રે હો જેને
સફળ થયો તેનો ફેરો, આત્મા જાણ્યો રે
હો.....જેને.....

દેહ ભાવ છૂટયો, રે હો જેનો
ઉઠી ગયો જમડાં કેરો ડેરો, આત્મા જાણ્યો રે
હો.....જેને.....

હું તું તેનાં રે હો તિમિર
ગુરૂ ગમે છૂટી ગયા સૌ બંધન આત્મા જાણ્યો રે
હો.....જેને.....

ઘાટનો ઘડૂલો રે હો ફૂટયો
અઘાટી અમૃત ઘોળી પીધા, આત્મા જાણ્યો રે
હો.....જેને.....

નરસિંહ નિર્ભય રે, હો ગાતો
હરદમ નિજ સ્વરૂપે રહેતો, આત્મા જાણ્યો રે
હો.....જેને.....

## ૧૮૫. હંસા નિર્ભય રહીયે

રાગ : હંસા પ્રગટ દશા પ્રરા સંતની.

હંસા નિર્ભય રહીયે નિજ દેશમાં
જ્યાં કાળનાં પડે નહિ પગલાં, રહીયે નિજ દેશમાં
હંસા નિર્ભય રહીયે.....

હંસા કાયા રે માયા મૂકી માલીયે
કરીયે શુધ્ધ સ્વરૂપે વાસ રહીયે નિજ દેશમાં
હંસા નિર્ભય રહીયે.....

હંસા હું ને ગાળી, તું ને ટાળીયે
તે પદની કરીયે નહિ આશ, રહીયે નિજ દેશમાં
હંસા નિર્ભય રહીયે.....

હંસા સચ્ચિદાનંદ પદ આપણાં
પદ પરખ્યા વિના જગ ઉદાસ, રહીયે નિજ દેશમાં
હંસા નિર્ભય રહીયે.....

હંસા દાસ નરસિંહ ગુરૂ ગમથી
કરે અવઘટ ઘાટે વાસ, રહીયે નિજ દેશમાં
હંસા નિર્ભય રહીયે.....



## ૧૮૬. આવો સંતો હરિ ગુણ ગાવા

રાગ : વૈષ્ણવ જનતો તેને રે કહીયે.

આવો સંતો હરિ ગુણ ગાવા, અવસર આવ્યો મજાનો રે
સોના સરખો દહાડો ઉગ્યો, લઇએ રૂડો લ્હાવો રે
..આવો સંતો.....
કોટિ જનમનાં સુર્કિત ફરીયાં, મલીયા દેહ માનવનો રે
હરિ ગુણ ગાઓ હરિ રસ પીવો, બીજાને પીવડાવો રે.
...આવો સંતો.....
ખોબલે ખોબલે હરિ રસ પીવો, સફળ કરો જન્મારો રે
હરિ રસ પીશો વૈકુંઠ જાશો, ભવ સાગર તરી જાશો રે.
..આવો સંતો.....
જન્મો જનમના આપો-તાપો, પાપો બળી જાશે રે
રોગ શોકને ભય કલેશો, સઘળા ટળી જાશે રે.
..આવો સંતો.....
રાગ દ્વેષને ભ્રમણાનાં ભૂતો, જીવ લઇને જાશે રે
ધન્ય ધન્ય એની માતા-પિતાને, જેને ભકિત કીધી રે.
..આવો સંતો.....
શેષ મહેશને નારદ શારદ રસ પીવે શુક્રદેવ જોગી રે
ધ્રુવ, પ્રહ્લાદ, નરસિંહ, મીરાંરસ પીવે વ્રજની ગોપી રે.
..આવો સંતો.....
મોટા મુનિવર અવધૂત જોગી, બ્રહ્મ રસના ભોગી રે
દાસ નરસિંહ નિજાનંદી પીવે, બ્રહ્મ રસ ગોળી રે.
..આવો સંતો.....



## ૧૮૭. અમે ગુરૂ શરણમાં રહીયે

રાગ : મેવાડાના રાણા લાજો કોની કરીયે.

અમે ગુરૂ શરણમાં રહીયે ,અમે ગુણ અલખના ગાઇયે
ઓ કાચી કાયા, સંગ તારો ના કરીયે.. હે.. હે.. હે.. જી..
ઓ જૂઠી માયા, સંગ તારો ના કરીયે.. હે.. હે.. હે.. જી..

ગુરૂ શબ્દે સુરતા ધરીયે, મન મારી મેંદો કરીયે...
ઓ કાચી કાયા, સંગ તારો ના કરીયે.. હે.. હે.. હે.. જી..
ઓ જૂઠી માયા, સંગ તારો ના કરીયે.. હે.. હે.. હે.. જી..

અમે સોહમ્ સોહમ્ ગાઇયે, ત્રિવેણી તિર્થે રહીયે...
ઓ કાચી કાયા, સંગ તારો ના કરીયે.. હે.. હે.. હે.. જી..
ઓ જૂઠી માયા, સંગ તારો ના કરીયે.. હે.. હે.. હે.. જી..

અમે હરદમ માંજો કરીયે, શૂન્ય શિખર ડેરા દઇયે...
ઓ કાચી કાયા, સંગ તારો ના કરીયે.. હે.. હે.. હે.. જી..
ઓ જૂઠી માયા, સંગ તારો ના કરીયે.. હે.. હે.. હે.. જી..

દાસ નરસિંહ નિર્ભય રહીયે, નિજ સ્વરૂપે પ્રગટ રહીયે...
ઓ કાચી કાયા, સંગ તારો ના કરીયે.. હે.. હે.. હે.. જી..
ઓ જૂઠી માયા, સંગ તારો ના કરીયે.. હે.. હે.. હે.. જી..



## ૧૮૮. ભક્તિ વિના ભવ સાગરમાં

રાગ : આજે સૌને જય શ્રી કૃષ્ણ.

ભક્તિ વિના ભવ સાગરમાં, ભટકી રખડી મરી જશો
ભક્તિ વિના મુક્તિના પામો, ભટકી રખડી મરી જશો
પૂણ્ય કર્મો કરતા રહેજો
વાવો તેવું હાથે લણજો
પૂણ્ય વિના તો પાઇના પામો, ભટકી રખડી મરી જશો
ભક્તિ વિના....
શ્વાસો શ્વાસે સ્મરણ કરજો
ભૂખ્યાં જનને ભોજન દેજો
સ્મરણ વિના શ્વાસ ખોશો તો, ભટકી રખડી મરી જશો
ભક્તિ વિના....
ભક્તિ વિના ભક્ત ના શોભે
સિધ્ધી વિના સિધ્ધ ના શોભે
જ્ઞાન વિનાના ગુરૂ કરશો તો, ભટકી રખડી મરી જશો
ભક્તિ વિના....
પ્રગટ પુરૂષના ચરણે રહેજો
હરિગુરૂ સંતમાં ભેદના જોશો
નરસિંહ શિખ નહિ માનાં તો, ભટકી રખડી મરી જશો
ભક્તિ વિના....

## ૧૮૯. ઓ સદ્‌ગુરૂ દેવ દયાળું

રાગ : આજે અપૂર્વ અવસર આયો.

ઓ સદ્‌ગુરૂ દેવ દયાળું, મારે શરણુ તમારું
પતિતોને પાવન કરનારૂ, મારે શરણું તમારું
શરણું તમારુ ગુરૂ નાવ હમારું
ભવ સાગરથી પાર કરનારું
નિર્ભય ને નિરાલું, મારે શરણુ તમારું
ઓ સદ્‌ગુરૂ દેવ....
સદ્‌ગુરૂ શરણે જે જીવ આવે
જન્મ-મરણમાં ફરી નહિ આવે
ખૂલી જાય અંતરનું તારું, મારે શરણુ તમારું
ઓ સદ્‌ગુરૂ દેવ....
ગુરૂ ચરણામૃત પાતક કહારી
અવિદ્યાના પડદા નાખે ફાડી
અભય પદ દેનારુ, મારે શરણુ તમારું
ઓ સદ્‌ગુરૂ દેવ....
દાસ નરસિંહ ગુરૂ ચરણાનો રાગી
ગુરૂકૃપા એ થયો બડ ભાગી
જીવતાં ઘર હમારું બતાવ્યું, મારે શરણું તમારું
ઓ સદ્‌ગુરૂ દેવ....



## ૧૯૦. જેના ઘટમાં સદ્‌ગુરૂ ગાજે

રાગ : જેના મુખમાં રામનું નામ નથી..

જેના ઘટમાં સદ્‌ગુરૂ ગાજે છે, તેના પાપો ભડકે લાગે છે.
જે હું મારાને ત્યાગે છે, તેના પાપો ભડકે લાગે છે.
જેને માયાના મૂળીયાં તોડ્યાં છે,
જેને ઘાટના ઘડુલા ફોડ્યા છે.
જેને ગુરૂ ગોવિન્દ એક લાગે છે, તેના પાપો ભડકે લાગે છે.
જેના ઘરમાં સદ્‌ગુરૂ....
જે સોહમ્ સોહમ્ ગાવે છે,
જે દેહાતિત થઇ માલે છે.
જે અવઘટ ઘાટે બીરાજે છે, તેના પાપો ભડકે લાગે છે.
જેના ઘરમાં સદ્‌ગુરૂ....
દાસ નરસિંહ નિર્ભય ગાવે છે,
ઘટઘટમાં સદ્‌ગુરૂ ગાજે છે.
જેના તેજ અખિલ બ્રહ્માંડે છે, તેના પાપો ભડકે લાગે છે.
જેના ઘરમાં સદ્‌ગુરૂ....



## ૧૯૧. પ્રગટ જ્ઞાની તણી

રાગ : ગઝલ હમારી યાદ જબ આવે.

પ્રગટ જ્ઞાની તણી વાણી, ઉગાડે મોક્ષની બારી
દિગમ્બર દિલની વાણી, ઉગાડે મોક્ષની બારી

સોહમ્‌ની ધૂન મચાવી, અલખનાં દ્વાર ઉગાડી,
અહંની આપી કુંરબાની, ઉગાડે મોક્ષની બારી
પ્રગટ જ્ઞાની તણી....

પ્રગટાવી જ્ઞાનાગ્નીને બારે ગ્રંથી પુરાણી,
ફરે નહિ કાળની ઘાણી, ઉગાડે મોક્ષની બારી
પ્રગટ જ્ઞાની તણી....

અખંડ સ્વરૂપના ધ્યાની, મસ્તી સ્વરૂપની માણી,
પરાની પાળની લ્હાણી, મોક્ષની બારી
પ્રગટ જ્ઞાની તણી....

નરસિંહ નિજ દેદારે, ધારાના ધોધ વરસાવે,
ઉતારે કાળનાં પાણી, ઉગાડે મોક્ષની બારી.
પ્રગટ જ્ઞાની તણી....



## ૧૯૨. સખી સત્‌સંગ કેવી રીતે

રાગ : સખી સાસરિયાની રીત શું સમજાવું.

સખી સત્‌સંગ કેરી રીત, શું સમજાવું
મારા વ્હાલાન પ્રભુના ગુણ, હેતે ગાવું
સત્‌સંગની એવી રીત
છોડાવે જૂઠા જગની પ્રીત
માયાની છોડી પ્રીત, પ્રભુના થાવું
સખી સત્‌સંગ કેરી રીત....
જ્યારે સત્‌સંગ રૂડો થાય
ત્યારે મનનો મેંલ ધોવાય
જાણી ક્ષણ ભગૂર સંસાર, શીદ લપટાવુ
સખી સત્‌સંગ કેરી રીત....
જે જન સત્‌સંગ સાગરમાં ન્હાય
એતો કાગ મટી હંસ થાય
એવી અદ્‌ભૂત એની સહાય, જીવન પલટાવું
સખી સત્‌સંગ કેરી રીત....
સત્‌સંગ ત્યારે તો સમજાય
જ્યારે સદ્‌ગુરૂ શરણે જાય
અર્પે તન મનને ધન સેવે શરણું
સખી સત્‌સંગ કેરી રીત....
જ્યારે રીઝે સદ્‌ગુરૂ રાય
આપે નિજ સ્વરૂપનું જ્ઞાન
નરસિંહ નિરખી નિજ સ્વરૂપ ત્યાંજ સમાવું.
સખી સત્‌સંગ કેરી રીત....

## ૧૯૩. આતો સ્વાર્થીયો સંસાર

રાગ : .આવી માંધી લીલા લ્હેર

આતો સ્વાર્થીયો સંસાર, કોઇનું કોઇ નથી થનાર;
આતો જૂઠી આળ પંપાળ, કોઇનું કોઇ નથી થનાર.
માતા કહે બાળુંડો મારો
પિતા કહે જીવણ હમારો
સેવા ઘડપણમાં કરનાર, કોઇનું કોઇ નથી થનાર.
આતો સ્વાર્થીયો....
નારી પુત્ર અને પરિવાર
કરતાં સ્વાર્થનો પોકાર
સૌના પોષણનો કરનાર, કોઇનું કોઇ નથી થનાર.
આતો સ્વાર્થીયો....
ભાઇ બંધ કૂટે સઘળા હાથ
મારો ગયો સદાનો સાથ
વારે વિપત્તમાં ચડનાર, કોઇનું કોઇ નથી થનાર.
આતો સ્વાર્થીયો....
નરસિંહ સંસાર કેરી ફાંજે
સ્વાર્થ વિના કોઇના ગાંઠે
કાઢી મૂકે ઘરની બહાર, કોઇનું કોઇ નથી થનાર.
આતો સ્વાર્થીયો....



## ૧૯૪. દેદાર દશાના સુખ

રાગ : .પરદેશી સંગે વાતો ના હોય.

દેદાર દશાના સુખ, દેહીશું જાણે રે
વલાંણાં વૈખરીનાં કરી, જાણે ઓ વિરા મારા દેહીશું જાણે રે
પ્રસવતીની વેદના વંધ્યા નારી શું જાણે રે,
જે પરનાં હાલરડાં ગાઇ જાણે, ઓ વીરા મારા દેહીશું જાણે રે
દેદાર દશાનાં સુખ....
પિયુજીનું સુખ એતો પરણેલી માણે રે,
કુંવારી કાળજાં બારી જાણે, ઓ વીરા મારા દેહીશું જાણે રે.
દેદાર દશાનાં સુખ....
ગુરૂગમની વાતો કોઇ ગુરૂગમી જાણે રે,
નુંગરાતો વાતો કરી જાણે, ઓ વીરા મારા દેહીશું જાણે રે.
દેદાર દશાનાં સુખ....
મનડાં મરેલાં જેનાં ચિત્તડાં ઠરેલાં રે,
નયનાંમાં બ્રહ્મ નૂર ભરેલા, ઓ વીરા મારા દેહીશું જાણે રે.
દેદાર દશાનાં સુખ....
નરસિંહની વાણી નિર્મળ સંતો કોઇ જાણે રે,
બળદીયા તો બોજો તાંણી જાણે, ઓ વીરા મારા દેહીશું જાણે રે.
દેદાર દશાનાં સુખ....



## ૧૯૫. હું તો છૂટી રે ગયો

રાગ : જુનું તો થયું રે દેવળ.

છૂટી તો ગયો રે હું તો છૂટી રે ગયો;
મારી કાચી રે કાયાથી હું તો છૂટી રે ગયો.
પાયા રે પિયાલા જ્યારે સદ્‌ગુરૂ દેવે રે
સચ્ચિદાનંદ પદે ઠરીરે ગયો;
મારી કાચી રે કાયાથી હું તો છૂટી રે ગયો.
અનેક જન્મો ગયા દેહ કેરી સંગે રે
સદ્‌ગુરૂ જ્ઞાને આજે અમર થયો;
મારી કાચી રે કાયાથી હું તો છૂટી રે ગયો.
અખંડ અવિચળ નિજ સ્વરૂપ પામી રે
કાળના મુખ પર થૂંકીરે ગયો;
મારી કાચી રે કાયાથી હું તો છૂટી રે ગયો.
નુંગરા શું જાણે વાતો અગમ ઘર કેરી રે
ગુરૂરે કુળમાં જેનો એકડો નથી;
મારી કાચી રે કાયાથી હું તો છૂટી રે ગયો.
દાસ નરસિંહ સદા નિર્ભય ખેલે રે
ચૌદે ભુવનો એતો સુબો રે ઠર્યો;
મારી કાચી રે કાયાથી હું તો છૂટી રે ગયો.



## ૧૯૬. અલખ ધણીનાં આંણાં રે

રાગ : ગગડ્યા કાયા ગઢના કોટ રે સજની.

અલખ ધણીનાં આંણાં રે આવ્યાં, હાલાં સજની ઘેરે રે
પાતરીયાનાં ઢોલ ઢબૂક્યાં, હાલાં સજની ઘેરે રે

આપણા ગુરૂજી આંણે રે આવ્યા, હાલાં સજની ઘેરે રે
મોંઘા મૂલનાં ઘરેણાં રે લાવ્યા, મોંઘા મૂલે પહેરાં રે

સમતા ચિણીયો ચીતની ચોર, પ્રેમતણાં પટોળાં રે
અમર વરની ઓઢણી ઓઢી, અખંડ સુખને પામ્યાં રે

કેવલ કડલાં કરૂણા કાંબી, ઝરણા કેરા ઝાંઝર રે
હેતનાહાર દિલનો દોરો, વિવેકની વારી રે

નિષ્ટા કેરી નથની માહી, ચમકે સ્વરૂપ મોતી રે
ભક્તિ જ્ઞાન વૈરાગે મઢીયો, સંતનો પહેળો ચૂડો રે

દાસ નરસિંહના નાથ ને પામી, નિર્ભય માંજો માણાં રે.

## ૧૯૭. તું જાણી લે હું કોણ

રાગ : તારી હોડી હવે હંકાર.

તું જાણી લે હું કોણ, રે હો પંખીડા;
તું સોહમ્ શિવોહમ્ બોલરે હો પંખીડા.

સદ્ગુરૂ કેરા શરણે જઇને
સત્ય સ્વરૂપનો બોધ ગ્રહીને
તું ભીતર પડદા ખોલ રે હો પંખીડા.

શ્વાસો શ્વાસે સ્મરણ કરીને
નિજાત્માનું ધ્યાન ધરીને
તું ભવના બંધન તોડ રે હો પંખીડા.

અજર અમર તું આત્મા અનાદિ
સચ્ચિદાનંદ સ્વયં પ્રકાશી
તું નિજાનંદમાં ડોલ રે હો પંખીડા.

કાયા માયા વાદળ છાયા
મિથ્યા સ્વપ્ને શું લોભાયા
તું પરના પડદા તોડ રે હો પંખીડા.

નરસિંહ નિર્ભય ઢોલ પીટાવે
નિર્મળ નયને બ્રહ્મ નચાવે
તું ખેલ પરાની પાળ રે હો પંખીડા.



## ૧૯૮. તુ પોતે પોતાને જાણ રે

રાગ : તારી હોડી હવે હંકાર.

તું પોતે પોતાને જાણ રે હો....જોગીડા
તું શુદ્ધ સ્વયં ભગવાન રે હો....જોગીડા

મન બુદ્ધિ ઇન્દ્રિયો ત્યાગી,
સ્વયં સ્વરૂપે જાને જાગી
તું છોડ સકલ અભિમાન રે હો....જોગીડા
તું પોતે પોતાને....

રૂષિ મુનિ યોગી ધ્યાન લગાવે
વેદો તારા ગુણલા ગાવે
તું થઇ જાને સભાન રે હો....જોગીડા
તું પોતે પોતાને....

ચૌદે ભુવનનો તૂ છે સૂબો
ઘટઘટ ભીતર પ્રગટ ઉભો
તું બ્રહ્માંડનો ભરથાર રે હો....જોગીડા
તું પોતે પોતાને....

નરસિંહ મસ્ત નિજાનંદે
પળપળ પ્રગટ સ્વરૂપે માલે
તું નિજ દેદારે માલ રે હો....જોગીડા
તું પોતે પોતાને....



## ૧૯૯. આવી પ્રગટ સ્વરૂપની

રાગ : આવી માંઘી લીલા લ્હેર.

આવી પ્રગટ સ્વરૂપની લ્હેર, ના આવે ફરી ફરી ને
આવી શુધ્ધાત્માની લ્હેર, ના આવે ફરી ફરી ને
ના આવે ફરી ફરી ને, ના આવે ફરી ફરી ને
આવી સ્વયં સ્વરૂપની લ્હેર, ના આવે ફરી ફરી ને
આવી પ્રગટ સ્વરૂપની....

કાયા માયા અળગી મેલી, મન બુદ્ધિ પર તં-બુ તાણી
આવી મુક્ત જીવનવી લ્હેર, ના આવે ફરી ફરી ને
આવી પ્રગટ સ્વરૂપની....

સુરતી સ્વયં સ્વરૂપે માલે, અગમ ઘરનાં દ્વારઉગાડે
આવી મહા શૂન્યની લ્હેર, ના આવે ફરી ફરી ને
આવી પ્રગટ સ્વરૂપની....

વિના ઇંધણે જ્યોતિ જાગી, રજની જીવ લઇને ભાગી
આવી અખંડ સ્વરૂપની લ્હેર, ના આવે ફરી ફરી ને
આવી પ્રગટ સ્વરૂપની....

વેદો અંહ બ્રહ્માસ્મિ ગાવે, તત્વમસિ તે તું કહાવે
આવી અધ્વૈત સ્વરૂપની લ્હેર, ના આવે ફરી ફરી ને
આવી પ્રગટ સ્વરૂપની....

નરસિંહ નિર્ભય નિજાનંદે, નિજ સ્વરૂપે માંજો માણે
આવી મસ્ત દશાની લ્હેર, ના આવે ફરી ફરી ને
આવી પ્રગટ સ્વરૂપની....

આવી બ્રહ્મ સ્વરૂપની લ્હેર, ના આવે ફરી ફરીને
આવી પ્રગટ સ્વરૂપની....



## ૨૦૦. ઘટોઘટમાં બ્રહ્મને

રાગ : આજે અપૂર્વ અવસર આવ્યો.

ઘટોઘટમાં બ્રહ્મને જો જે દૈત ભાવને ખોજે
પોતે પોતાને ઓળખી લેજે મિથ્યા દષ્ટ્રીને ખોજે

સદ્ગુરૂ શબ્દે સુરતા જોડી,
કાયા માયાનાં બંધન તોડી
નિજાત્માને સઘળે જો જે, દ્વૈતભાવને ખોજે
ઘટોઘટમાં બ્રહ્મને....

હું તું તેની દિવાલો તોડી
અદ્વૈત અખંડ ખજાનો ખોલી
દેહ વિનાના દેદારે રહેજે, દૈત ભાવ ને ખોજે
ઘટોઘટમાં બ્રહ્મને....

અહં બ્રહ્માસ્મિ ગાવે વેદો,
નામ રૂપ ગુણથી બ્રહ્મ નિરાલો
દાસ નરસિંહ પ્રગટ રહેજે, દૈત ભાવને ખોજે
ઘટોઘટમાં બ્રહ્મને....

## ૨૦૧. આવી અદ્‌ભૂત શહેનશાહી

રાગ : આજે અપૂર્ણ અવસર આવ્યો.

આવી અદ્‌ભૂત શહેનશાહી, કોઇ મરજીવે માણી;
આવી અટલ બાદશાહી, કોઇ મરજીવે માણી.
દેહ વિનાની દૌલત અમારી,
દેહ ધરીને શોધે અવતારી,
આવી અસલ બાપશાહી, કોઇ મરજીવે માણી.
આવી અદ્‌ભૂત....

ખર્ચીના ખૂટે કે ચોરના લૂટે
શસ્ત્રોના છેદે કે અગ્નિના બાળે
આવી અખંડ અમરશાહી, કોઇ મરજીવે માણી.
આવી અદ્‌ભૂત....

ચદ્રાને સૂરજ આરતી ઉતારે,
દેવ અને દેવિયો વધાવો ગાવે
આવી પૂર્ણ પ્રગટશાહી, કોઇ મરજીવે માણી.
આવી અદ્‌ભૂત....

મોટા મુનિવર ધ્યાન લગાવે,
સારી દુનિયા શીર ઝૂકાવે
આવી મસ્ત સ્વરૂપ ખુમારી, કોઇ મરજીવે માણી.
આવી અદ્‌ભૂત....

દાસ નરસિંહની દશા નિરાલી
જીવતા મરે એની બલિહારી
પ્રગટ સદ્‌ગુરૂ જ્યોતિ જગાવી, કોઇ મરજીવે માણી.
આવી અદ્‌ભૂત....



## ૨૦૨. અમે પ્રગટ સ્વરૂપે રહીયે રે

રાગ : વાલા વિના ઝૂરી મરીયે વાતો ક્યાં જઇને કરીયે.

અમે પ્રગટ સ્વરૂપે રહીયે રે, બીજું કાંઇના કરીયે;
સ્વયં સ્વરૂપે રહીયે રે, બીજું કાંઇના કરીયે.

કાયાને માયાના મુખ પર થુંકી
નામરૂપ ગુણની ગ્રંથિયો છેદી
નિજ સ્વરૂપે રહીયે રે, બીજું કાંઇના કરીયે, પ્રગટ સ્વરૂપે...

અહં મૂકીને સ્વયં પદે રહીયે
મન બુદ્ધિ ચિત્ત સ્થિર કરી દઇયે
સોહમ શિવોહમ ગઇયે રે, બીજું કાંઇના કરીયે, પ્રગટ સ્વરૂપે...

નવ દરવાજે આણ ફરકાવી
દસમે દ્વારે જ્યોતિ જગાવી
અસલ ઘરમાં રહીયે રે, બીજું કાંઇના કરીયે, પ્રગટ સ્વરૂપે...

અજર અમર શુધ્ધ સ્વરૂપ હમારૂ
સચ્ચિદાનંદ સ્વરૂપ સઘળે દીઠુ
અદ્વૈત સ્વરૂપે રહીયે રે, બીજું કાંઇના કરીયે, પ્રગટ સ્વરૂપે...

નરસિંહ નિજાનંદે મસ્ત થઇ મહાલે
મરણ પહેલાં મૃત્યુને મારે
નિર્ભય પદે રહીયે રે, બીજું કાંઇના કરીયે, પ્રગટ સ્વરૂપે...



## ૨૦૩. વાણી વિનાની વાતો

રાગ : તરવાનું જે કોઇ ચાહે.

વાણી વિનાની વાતો, કોઇ જાણે અવધૂતો;
દેહ વિનાની દૌલતો, કોઇ જાણે અવધૂતો.
વાણી વિનાના ગીત મસ્ત થઇ ગાતો
આપે ગાતો ને આપે હરખાતો
આંખ વિના અલખ ઓળખાતો, કોઇ જાણે અવધૂતો
વાણી વિનાની....

આભથી ઉંચોને પૃથ્વીથી પહોરો રે.
અગમ અગોચર બ્રહ્મ નિરાલો
અજર અમર કહેવાતો, કોઇ જાણે અવધૂતો
વાણી વિનાની....

શિવ સનકાદિક ધ્યાન જ ધરે
વિષ્ણું અવતાર લઇને આરાધે
નેતિ નેતિ વેદ ગાતો, કોઇ જાણે અવધૂતો
વાણી વિનાની....

દાસ નરસિંહને ગુરૂમલ્યા બ્રહ્મ જ્ઞાની
ભાણ ઉગ્યોને રજની ભાગી
શબ્દાતિત સ્વયં પદે રહેતો, કોઇ જાણે અવધૂતો
વાણી વિનાની....



## ૨૦૪. અજર અમર શુધ્ધ

રાગ : આજની લ્હાવો લીજીયે રે.

અજર અમર શુધ્ધ આત્મા રે, પૂર્ણ પ્રગટ પરમાત્મા;
મને ભજે મોટા મહાત્મા રે, પૂર્ણ પ્રગટ પરમાત્મા.

સ્થૂલ સુક્ષ્મને કારણ પર આત્મા
જાગ્રત સ્વપ્ન સુષુપ્તી ને તૂર્યા
તૂર્યા તિત હું આત્મા રે, પૂર્ણ પ્રગટ પરમાત્મા.
અજર અમર શુધ્ધ....

ચંદ્ર અને સૂરજ મુજથી પ્રકાશે
દેવ અને દેવીયો હરદમ ઉપાસે
વ્યાપક ચૌદે ભૂવનમાં રે, પૂર્ણ પ્રગટ પરમાત્મા.
અજર અમર શુધ્ધ....

શાસ્ત્ર પુરાણ સૌ સસ્તુંતિ ગાવે
શિવ સનકાદિક ધ્યાન લગાવે
નરસિંહ મસ્ત નિજાનંદમાં રે, પૂર્ણ પ્રગટ પરમાત્મા.
અજર અમર શુધ્ધ....

## ૨૦૫. મારા સદ્‌ગુરૂની બલિહારી

રાગ : કાયા નગરીના દરવાજે નિર્ભય નાંબત વાગે રે.

મારા સદ્‌ગુરૂની બલિહારી, જીવતાં નાખ્યાં અમને મારી;
મારી જ્ઞાન તણી કટારી, જીવતાં નાખ્યાં અમને મારી.

સદ્‌ગુરૂએ મારી જ્ઞાન કટારી
અહંમને નાખ્યાં મારી
દશા દેહ વિનાની નિરાલી, જીવતા નાખ્યાં અમને મારી.
મારા સદ્‌ગુરૂની....

ચડી બ્રહ્મ તણી ખુમારી
હરદમ ઉરમાં લાગી તાણી
શુરતી સોહમ્ ગીતડાં ગાતી, જીવતાં નાખ્યાં અમને મારી.
મારા સદ્‌ગુરૂની....

ગગન મંડળે ઘટડી વાગી
શૂન્ય મહેલમાં જ્યોતિ જાગી
નરસિંહ નિર્ભય નોબત વાગી, જીવતાં નાખ્યાં અમને મારી.
મારા સદ્‌ગુરૂની....



## ૨૦૬. હું સકલ બ્રહ્માંડનો

રાગ : મને આજે થઇ ઓળખાણ.

તારે જાણવું હોય તો જાણ, હું સકલ બ્રહ્માંડ નો આત્મા છું;
તારે માનવું હોય તો માન, હું સકલ બ્રહ્માંડ નો આત્મા છું.
..... હું સકલ.....
અજર અમર હું આત્મા અનાદિ, શુધ્ધ સ્વયં પ્રકાશ
સકલ બ્રહ્માંડ મુજને ભજતું (૨) બ્રહ્માંડનો ભરથાર
..... હું સકલ.....
ચૌદ ભુવનના ચોરે ચૌટે, વર્તે મારી આણ
મૂળથી મોટો મલેના જોટો (૨) અધ્વૈત અખંડ જાણ
..... હું સકલ.....
મોટા મુનિવર ધ્યાન ધરે છે, વેદો ગાવે ગુણ ગાન
મૂળને પાવે ફેર ના આવે, પાવે પદ નિરવાણ
..... હું સકલ.....
ચંદ્રા-સુરજ દેવ અને દેવિયો, માગે અભયદાન
પર પ્રકાશી દશ્યોની દુનિયા (૨) સ્વયં પ્રગટ ભગવાન
..... હું સકલ.....
નરસિંહ મસ્ત નિજાનંદી, સ્વયં સ્વરૂપે વાસ
અલ મસ્ત આતમ દશામાં (૨) સ્પર્શે નહિ કોઇ પાશ.
..... હું સકલ.....



## ૨૦૭. મારા ગુરૂજીએ મારેલી

રાગ : મારા ગુરૂએ ઓળખાવી મને આતમ મણી.

મારા ગુરૂજીએ મારેલી જ્ઞાન કટારી, વૈરાગ ધાર વાળી
મારા ગુરૂજીએ મારેલી જ્ઞાન કટારી (૨)

ગેબીરે માર થયો બે હાલ હું થયો (૨)
મારા કાળજામાં વાગેલી જ્ઞાન કટારી, વૈરાગ ધાર વાળી.
મારા ગુરૂજીએ મારેલી....

રગો રે રગમાં મારે વેદના ભારી, વેદનાં ભારી (૨)
મારા તન રે મન વિનાની દશારે નિરાલી, વૈરાગ ધાર વાળી.
મારા ગુરૂજીએ મારેલી....

નુંગરાં ના જાણે વાતો, નિજ ઘર કેરી (૨)
મારી સુરતી સ્વરૂપમાં સમાણી, વૈરાગ ધાર વાળી.
મારા ગુરૂજીએ મારેલી....

મરણ પહેલા મરી બ્રહ્મ સ્વરૂપે ભરી (૨)
દાસ નરસિંહના નયનાંમાં જ્યોતિ જલી, વૈરાગ્ય ધારા વાળી.
મારા ગુરૂજીએ મારેલી....



## ૨૦૮. જેને થયુ સ્વરૂપનું ભાન

રાગ : આવી મોંઘી લીલા લ્હેર.

જેને થયુ સ્વરૂપનું ભાન, એતો થઇ ગયા ભગવાન;
જેનું છૂંટ્યું દેહ અભિમાન, એતો થઇ ગયા ભગવાન.

એતો થઇ ગયા ભગવાન, એતો શુધ્ધ સ્વયં ભગવાન;
જેના ખૂલી ગયા બ્રહ્મ ધ્વાર, એતો થઇ ગયા ભગવાન.
જેને થયુ સ્વરૂપનું....

અજર અમર શુધ્ધ સનાતન, સ્વયં પ્રગટ પૂર્ણ પુરાતન;
જેને બ્રહ્મ સ્વરૂપનું ભાન, એતો થઇ ગયા ભગવાન.
જેને થયુ સ્વરૂપનું....

દેહાતિત દેદારે માલે, પરના પડદા સઘળા ફાડે;
જેના ઉરમાં ઉગ્યો ભાણ, એતો થઇ ગયા ભગવાન.
જેને થયુ સ્વરૂપનું....

ભ્રાન્તિ જન્મ-મરણની ભાગી, અધ્વૈત જ્યોતિ જળહળ જાગી;
નરસિંહ પામ્યા પદ નિરવાણ, એતો થઇ ગયા ભગવાન.
જેને થયુ સ્વરૂપનું....

## ૨૦૯. જે દેહ અધ્યાસથી

રાગ : જેના મુખમાં રામનું નામ નથી.

જે દેહ અધ્યાસથી છૂટી ગયા, એ જીવ મટીને શિવ થયા
જે નિજ આત્મામાં ડૂબી ગયા, એ જીવ મટીને શિવ થયા

જે દેહ છતાં વિદેહી રહ્યા
જે મન વિનાના મુનિ થયા
જે અખિલ બ્રહ્માંડના ભૂપ થયા, એ જીવ મટીને શિવ થયા
જે દેહ અધ્યાસથી....

જે સુરત નુરત ના જ્ઞાતા થયા
જે સંકલ્પ વિનાના સિધ્ધ થયા
જે બ્રહ્મ સ્વરૂપમાં ભરી ગયા, એ જીવ મટીને શિવ થયા
જે દેહ અધ્યાસથી....

દાસ નરસિંહ અનામિ આત્મા થયા
નામ રૂપને ગુણથી પર થયા
જે સ્વયં સ્વરૂપે પ્રગટ થયા, એ જીવ મટીને શિવ થયા
જે દેહ અધ્યાસથી....



## ૨૧૦. બ્રહ્મ સ્વરૂપ માં ભળવું

રાગ : ઝાંપલી ઉગાડી મોહન.

બ્રહ્મ સ્વરૂપમાં ભળવું હોય તો, માથાં મૂકી આવજો
મરણ પહલાં મરવું હોય તો, માથાં મૂકી આવજો

દેહની ડગલી ફેંકી દઇને, હું મારા ને થુકી દઇને
ભવસાગરથી તરવું હોય તો, માથાં મૂકી આવજો
બ્રહ્મ સ્વરૂપમાં ભળવું....

અહંમનો અખાડો ફુંકી, રાગ દ્વેષનો કચરો ફૂંકી
જ્ઞાન હિમાળે ગળવું હોય તો, માથાં મૂકી આવજો
બ્રહ્મ સ્વરૂપમાં ભળવું....

સદ્‌ગુરૂના ચરણે ઝૂકી, માન બડાઇ છેટાં મૂકી
નરસિંહ દે દારે ઠરવું હોય તો, માથાં મૂકી આવજો
બ્રહ્મ સ્વરૂપમાં ભળવું....



## ૨૧૧. જે ઘેર સદ્‌ગુરૂ સંતનાં

રાગ : એક દિન જાવું હરિના ધામમાં.

જે ઘેર સદ્‌ગુરૂ સંતનાં બેસણાં
તે ઘર તિર્થ બની જાય છે, હો જી રે સદ્‌ગુરૂ સંતોને સેવજો

જે ઘેર હરિજનો હરિ ગુણ ગાય છે
તે ઘેર વાલો દોડી જાય છે, હો જી રે અંતર ધ્વારને ઉગાડ જો

જે ઘેર માતા-પિતાની સેવા થાય છે
તે ઘેર લીલા લ્હેર છે, હો જી રે માતા-પિતાને સંતોષ જો

જે ઘેર બહેન ભાણેજ જમવા જાય છે
બ્રહ્મ ભોજનનું પૂણ્ય થાય છે, હો જી રે બહેન ભાણેજને જમાડજો

જે ઘેર ગરીબોને મળે ટૂકડો
તે ઘેર ભગવાન ઢુકડો, હો જી રે ભૂખ્યાને ભોજન આપજો

જે ઘેર પ્રગટ પુરૂષના પગલાં
નરસિંહ ભાગ્ય ખૂલી જાય છે, હો જી રે પ્રગટનાં પાવલાં પખાળજો.



## ૨૧૨. રહેશે આડોને આડો

રાગ : ગુરૂ વિના જ્ઞાન નહિ થાવે.

રહેશે આડોને આડો, માને ચડેલો લાડો;
બનશે પખાલીનો પાડો, માને ચડેલો લાડો.

હું પદીયાં ને પૂછતાં રે રહેજો
નહિ તો બગાડે આખો વાડો, માને ચડેલો લાડો
રહેશે આડોને....

માને ચડેલાને મ્હોર ગલાવાં
નહિ તો જાશે બાડો બાડો, માને ચડેલો લાડો
રહેશે આડોને....

શુભ-અશુભમાં આગળ કરજો
નહિ તો બાંધશે સામા વાદો, માને ચડેલો લાડો
રહેશે આડોને....

દાસ નરસિંહ કહે અનાદિનો આડો
પુરશે ચોરાશીનો ખાડો, માને ચડેલો લાડો
રહેશે આડોને....

## ૨૧૩. જોજે જોજે જીવલડા

રાગ : અલ્યા આ વાતે રંગ મને શીદ છાંટ્યાં.

જોજે જોજે જીવલડા, ભુલી જાય ના રે
હરિ ભજવાનું ટાણું વહી, જાયના રે, જોજે જોજે જીવડા

દેવને દુર્લભ દેહ દાનમાં મળ્યો છે
એવા દયાળું ભગવાન ભૂલાય ના રે, જોજે જોજે જીવડા

કાશીરે જાજે ભલે ગંગામાં ન્હાજે
જોજે મા-બાપની સેવા ભૂલી જાય ના રે, જોજે જોજે જીવડા

કુટુંબ જમાડે ભલે ગામને જમાડ જે
જોજે બહેન ભાણેજ ભૂલાપ ના રે, જોજે જોજે જીવડા

સદ્‌ગુરૂ સંતો ના સંગમાં તું રહેજે
જોજે નુગરાં ના સંગમાં ફસાય ના રે, જોજે જોજે જીવડા

કાચી છે કાયા ને જૂઠ્ઠી છે માયા
જોજે ભવ તરવાનું ભૂલી જાય ના રે, જોજે જોજે જીવડા

સચ્ચિદાનંદ સ્વરૂપ સઘળે નિહાળ જે
દાસ નરસિંહની શીખ ભૂલી જાય ના રે, જોજે જોજે જીવડા.



## ૨૧૪. જોજે જોજે આત્મા

રાગ : જોજે જોજે ભજન ભુલી જાય ના રે.

જોજે જોજે આત્મા ભૂલી જાય ના રે
નિજ સ્વરૂપ ભૂલીને પરમાં જાય ના રે

અજર અમર અખંડ તું આત્મા
જન્મ-મરણમાં તું જાયના રે
જોજે જોજે આત્મા....

સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપે તું આત્મા
પંચ ભૂતોના પાંજરે પુરાય ના રે
જોજે જોજે આત્મા....

કાયાને માયા વાદળ કેરી છાયા
સ્વપ્નાના સુખમાં ફસાય ના રે
જોજે જોજે આત્મા....

સોહમ્ શિવોહમ્ સ્વરૂપે ઠરજે
દાસ નરસિંહનું કહ્યું ભૂલાય ના રે
જોજે જોજે આત્મા....



## ૨૧૫. જાણ્યો મે આત્મા

રાગ : દીઠો મે નંદનો લાલો.

નિરખ્યો મે આત્મા મારો અખિલ બ્રહ્માંડમાં
જાણ્યો મે આત્મા મારો અખિલ બ્રહ્માંડમાં
અખિલ બ્રહ્માંડમાં ચૌદ ભૂવનમાં
ઘટોઘટમાં વસનારો અખિલ બ્રહ્માંડમાં. -જાણ્યો મે આત્મા...

દેવોનોય દેવ અને ભૂપોનોય ભૂપ છે
વેદને પુરાણ સદા ગુણ એના ગાય છે
મુનિયોના મન હર નારો અખિલ બ્રહ્માંડમાં. -જાણ્યો મે આત્મા...

ચંદ્રને સૂરજ એની આરતી ઉતારે
શિવ સનકાદિક દયાનમાં નિહાળે
સ્વયં પ્રગટ રમનારો અખિલ બ્રહ્માંડમાં. -જાણ્યો મે આત્મા...

સ્થૂલ સુક્ષ્મ અને કારણ પર મહાલતો
પરા પશ્યન્તિ મધ્ય વૈખરી રેલાવતો
બોલે છે બાવન બારો અખિલ બ્રહ્માંડમાં. -જાણ્યો મે આત્મા...

અજર અમર અખંડને અનંત છે
વ્યક્તમાં અવ્યક્ત અદ્વૈત એક બ્રહ્મ છે
નિગૂણને નિરાલો અખિલ બ્રહ્માંડમાં. -જાણ્યો મે આત્મા...

સોહમ્ શિવોહમ્ નરસિંહ એક ધૂન છે
મન બુધ્ધિને વાણી જ્યાં શૂન્ય છે
આપે આપમાં રમનારો અખિલ બ્રહ્માંડમાં. -જાણ્યો મે આત્મા...



## ૨૧૬. ચપટી રાખમાં રે

રાગ : મસ્તી માયા નહિ રે.

ચપટી રાખમાં રે (૨) અમે રામ સ્વરૂપ પાયા;
કપટી કૃષ્ણમાં રે (૨) અમે પ્રગટ પર બ્રહ્મ પાયા.

ખોળીયાને ખંખેરી નાખી, નામરૂપ ને ન્હાયા;
હું મારાની હોળી કરીને (૨) હાજર હરિને પાયા.
ચપટી રાખમાં રે....

હિમાલયની ગોદે જઇને, ગંગા ધોધ વહાવ્યા;
સ્વયં શિવ સ્વરૂપે રહીને (૨) અલખ નિરંજન ગાયા.
ચપટી રાખમાં રે....

શુન્ય શિખર પર આસન ઢાળી, બ્રહ્મનાદ ગજાયા;
સોહમ્ શિવોહમ્ ધૂન મચાવી (૨) આપે આપને પાયા.
ચપટી રાખમાં રે....

સારી દુનિયાનું સ્નાન કરીને, નિર્ભય પદને પાયા;
નરસિંહ મસ્ત નિજાનંદી, અમરપદ ને પાયા.
ચપટી રાખમાં રે....

## ૨૧૭. પ્રભુ કેમ નથી દેખાતો

રાગ : તું ભરી જાને બ્રહ્મ.

પ્રભુ કેમ નથી દેખાતો (૨) તારી આંખે છે અંધાપો;
તારા પૂર્વ જનમના પાપો, પ્રભુ કેમ નથી દેખાતો.
પ્રભુ કેમ નથી....
સોળ કળાનો સૂરજ ઉગ્યો, બ્રહ્માંડે ઝગમગ ઝળક્યો ભાઇ (૨)
આંધળાને ઉજાસ ન આયો (૨) ઘુવડ ગુફામાં પેઠો.
પ્રભુ કેમ નથી....
વર્ષા આવી અમૃત લાવી, ખીલ્યો બાગ બગીચો ભાઇ (૨)
લીલી ચાદર ધરતી એ ઓઢી (૨) સુકાઇ ગયો જવાસો.
પ્રભુ કેમ નથી....
વૃક્ષ વેલની ડાળીયે ડાળીયે, અમૃત ફળ થઇ બેઠો ભાઇ (૨)
તલમાં તેલ કાષ્ટમાં અગ્ની (૨) પુષ્પમાં સુવાસ સુધો.
પ્રભુ કેમ નથી....
સ્થૂલ સુક્ષ્મને કારણમાંહી (૨) પ્રકાશ એનો પડતો ભાઇ (૨)
પરા પશ્યન્તિ મધ્ય વૈખરીમાં, વાણીરૂપે વરસ્યો.
પ્રભુ કેમ નથી....
મીઠા જળથી સરોવર ભરીયો, ઉપર સેવાળ છવાયી ભાઇ (૨)
ગાય ભેંસ સો તરસ્યાં ભટકે (૨) ગોવાળ નથી મન ગમતો.
પ્રભુ કેમ નથી....
ઘટઘટ ભીતર પ્રગટ આતમ, સ્વર્જ્ઞ સઘળે ઉભો ભાઇ (૨)
દાસ નરસિંહ કહે નયનાં ખોલી, દશ્ય પાળ કોઇ દેખો.
પ્રભુ કેમ નથી....



## ૨૧૮. અહં મૂકો તો આતમ

રાગ : આપણ અલખનાં છોરૂ.

અહં મૂકો તો આતમ પોતે ઓ વીરા મારા પરમાં શું ગોતો
પરમાં શું ગોતો વીરા હું મારુ મૂકો
પરવૃત્તિ ના સંગે પારસ ખોયો
હિરાશો જનમ ગુમાવ્યો, ઓ વીરા મારા પરમાં શું ગોતો
અહં મૂકો તો આતમ....
કાયાને માયા સંગે, બહું દિન માલ્યા
સ્વપ્નાના સુખને હવે ત્યાગો, ઓ વીરા મારા પરમાં શું ગોતો
અહં મૂકો તો આતમ....
કામ ક્રોધને લોભે લાયો લગાડી
ત્રણે લોક્માં લાગ્યો ભડકો, ઓ વીરા મારા પરમાં શું ગોતો
અહં મૂકો તો આતમ....
અહં મૂકીને વીરા સ્વરૂપે માલો
કાળ ના આવે વીરા આઘો, ઓ વીરા મારા પરમાં શું ગોતો
અહં મૂકો તો આતમ....
મોટા રાંણાને રાવણ પરમાં લૂંટાયા
કૌરવે ખાધી ઘણી લાતો, ઓ વીરા મારા પરમાં શું ગોતો
અહં મૂકો તો આતમ....
દાસ નરસિંહની શીખ હૃદિયામાં રાખો
જૂઠ્ઠી જમાતો હવે ત્યાગો, ઓ વીરા મારા પરમાં શું ગોતો.
અહં મૂકો તો આતમ....



## ૨૧૯. જેને બ્રહ્મ સ્વરૂપનું જ્ઞાન

રાગ : આવી પ્રગટ સ્વરૂપની લ્હેર.

જેને બ્રહ્મ સ્વરૂપનું જ્ઞાન, એતો શુધ્ધ સ્વયં ભગવાન
પ્રગટ દેહાતિત દેદાર, એતો શુધ્ધ સ્વયં ભગવાન

એતો શુધ્ધ સ્વયં ભગવાન, એતો રામ ક્રૃષ્ણ ભગવાન
જેને સ્વયં સ્વરૂપનું ભાન, એતો શુધ્ધ સ્વયં ભગવાન
જેને બ્રહ્મ સ્વરૂપનું....

હું તું તેના તિમિર તુટ્યાં, બંધન જન્મો જનમના છૂટ્યાં
જેના ઉરમાં ઉગ્યો ભાણ, એતો શુધ્ધ સ્વયં ભગવાન
જેને બ્રહ્મ સ્વરૂપનું....

અખિલ બ્રહ્માંડનો એ દષ્ટા, અદ્‌ભુત પ્રગટ સ્વરૂપ પ્રજ્ઞા
જેનાં ખૂલી ગયાં બ્રહ્મ ધ્વાર, એતો શુધ્ધ સ્વયં ભગવાન
જેને બ્રહ્મ સ્વરૂપનું....

નરસિંહ મસ્ત નિજાનંદે, હરદમ સોહમ્ શિવોહમ્ ગાવે
સદ્‌ગુરૂ આપ્યાં કેવળ જ્ઞાન, એતો શુધ્ધ સ્વયં ભગવાન
જેને બ્રહ્મ સ્વરૂપનું....



## ૨૨૦. સ્વયં સ્વરૂપની સાહયબી

રાગ : ઓ જીવલડા જગમાંથી શું લઇ જશો.

સ્વયં સ્વરૂપની સાહયબી, સ્વયં હમારી સાથ છે
પ્રગટ સ્વરૂપ પરમાત્મા, સ્વયં હમારી સાથે છે

અજર અમરને અનાદિ, સચ્ચિદાનંદ સ્વરૂપ છે
આદિ અંતરહિત આત્મા, સ્વયં હમારી સાથે છે
સ્વયં સ્વરૂપની શાયબી....

અખંડ સુખ ધારાવહે, અખંડ સ્વરૂપ દશા રહે છે
અલખ નિરંજન શુધ્ધ સ્વરૂપ, સ્વયં હમારી સાથે છે.
સ્વયં સ્વરૂપની શાયબી....

ખર્ચીના ખૂટે ચોરના લૂટે, કાળ અળગો જાય છે
અખંડ સુખની શહેનશાહી, સ્વયં મારી સાથે છે
સ્વયં સ્વરૂપની શાયબી....

નુંગરાને સમજાય નહિ, એવી હમારી વાત છે
નરસિંહ પ્રગટ બ્રહ્મ સ્વરૂપ, સ્વયં હમારી સાથે છે
સ્વયં સ્વરૂપની શાયબી....

## ૨૨૧. ગઈયે અલખ પુરૂષનાં ગીત

રાગ : આવી મોંઘી લીલા લ્હેર.

ગઈયે અલખ પુરૂષનાં ગીત, હરદમ રહીયે દેહાતિત
ગઈયે સોહમ્ શિવોહમ્ નિત્ય, હરદમ રહીયે દેહાતિત

મૂકી માયાના સૌ પંથો, અળગો મૂકી કાયા કંથો
ધરીયે શુધ્ધ સ્વરૂપે ચિત્ત, હરદમ રહીયે દેહાતિત
ગઈયે અલખ પુરૂષનાં....

મૂકી રાગ અને દ્વેષો, મૂકી કષાયને કલેશો
કરીયે પ્રગટ સ્વરૂપની પ્રીત, હરદમ રહીયે દેહાતિત
ગઈયે અલખ પુરૂષનાં....

છૂટ્યાં બહાર તણા સૌ વેશો, ખૂલ્યા બ્રહ્મ તણા પ્રદેશો
સ્વપ્નું છૂંટી ગયું અનિત્ય, હરદમ રહીયે દેહાતિત
ગઈયે અલખ પુરૂષનાં....

સચ્ચિદાનંદ શુધ્ધ સ્વરૂપ, પ્રગટ અખિલ બ્રહ્માંડનો ભૂપ
નરસિંહ નિજ સ્વરૂપ સિધ્ધ, હરદમ રહીયે દેહાતિત
ગઈયે અલખ પુરૂષનાં....



## ૨૨૨. સારી દુનિયાનો ઠાકોર

રાગ : આવી મોંઘી લીલા લ્હેર.

સારી દુનિયાનો ઠાકોર, તારે દ્વાર આવ્યો છે
આખી આલમનો દરબાર, તારે દ્વાર આવ્યો છે
તારે દ્વાર આવ્યો છે, દર્શન દેવા આવ્યો છે
કરી લે કાયમની ઓળખાણ, તારે દ્વાર આવ્યો છે
સારી દુનિયાનો....
છોડી વૈકુંઠ નો વિશ્રામ, છોડી સ્વયં પરમધામ
દેવા અપૂર્વ દેદાર દાન... તારે દ્વારે આવ્યો છે
સારી દુનિયાનો....
છોડી બ્રહ્મ લોકનું સ્થાન, છોડી કૈલાસ જેવું ધામ
લેવા ભકતોને નિજધામ... તારે દ્વારે આવ્યો છે
સારી દુનિયાનો....
ભક્તો માટે જગમાં ભમતો, ગલીયે પોળે પ્રેમે ફરતો
એવો દિનોનો દયાળ તારે દ્વાર આવ્યો છે
સારી દુનિયાનો....
નરસિંહ નિકુંજ ત્યાગી આવ્યો, મુક્તિ ભક્તો માટે લાવ્યો
એવો તરણ તારણ હાર તારે દ્વાર આવ્યો છે
સારી દુનિયાનો....



## ૨૨૩. જેને તું શોધે છે

રાગ : ગઝલ.

જેને તું શોધે છે પોતે તે તો તુજ છે પોતે
જેને તું ભજે પોતે, તે તો તુજ છે પોતે

ફરે છે કાશી ને કેદાર, જાય છે અયોધ્યાને નેપાળ
ગોતે છે ગોકુળની ગલીયે, તે તો તુજ છે પોતે
જેને તું શોધે છે....
કરે છે હોમને હવન, ભણે છે વેદને પુરાણ
કરે છે મંત્ર આવાહન, તે તો તુજ છે પોતે
જેને તું શોધે છે....
રટે છે રામ ને કહી શ્યામ, ફરે છે પવિત્ર ચારે ધામ
જપે છે સોહમ્ શિવોહમ્ જાપ, તે તો તુજ છે પોતે
જેને તું શોધે છે....
વદે છે જેનું તુ નિજ જ્ઞાન, ધરે છે નિત્ય જેનું ધ્યાન
ગાય છે જેના તું ગુણ ગાન, તે તો તુજ છે પોતે
જેને તું શોધે છે....
નરસિંહ સ્વરૂપ શહેનશાહ, અખિલ બ્રહ્માંડનો બાદશાહ
બોલે જે અહં બ્રહ્માસ્મિ, તે તો તુંજ છે પોતે
જેને તું શોધે છે....



## ૨૨૪. પ્રકટ બ્રહ્મ મારા

રાગ : આંખ મારી ઉગડે ત્યાં સીતા રામ દેખું.

પ્રકટ બ્રહ્મ મારા સદ્ગુરૂ સ્વામી
દેહ છતાંયે રહયા છો વિદેહી પ્રગટ.....

અજર અમર અખંડ અનાદિ
નિર્ગૂણ નિંવીકાર નમામિ પ્રગટ.....

સકલ બ્રહ્માંડમાં રહયા છો વ્યાપી
સચ્ચિદાનંદ સ્વરૂપ અનામિ પ્રગટ.....

વેદ પુરાણો ગાવે નેતિ નેતિ
ગુણાતિત પદે રહ્યા બિરાજી પ્રગટ.....

પવિત્ર પંજો મૂઝ શીર પર મૂકી
જન્મ-મરણ મારાં નાખ્યાં કાપી પ્રગટ.....

દાસ નરસિંહ પર અઢળક વરસ્યા
પ્રકટ સ્વરૂપે નિજ દેદારે દરસ્યા પ્રગટ.....

## ૨૨૫. શ્વાસો શ્વાસ સ્વયં રહો

રાગ : જયોત સે જયોત જગાતે ચલો.

શ્વાસો શ્વાસ સ્વયં રહો (૨) બ્રહ્મ સ્વરૂપે પ્રગટ રહો
સચ્ચિદાનંદ સ્વરૂપે રહો (૨) બ્રહ્મ સ્વરૂપે પ્રગટ રહો
પ્રગટ પ્રજ્ઞા પ્રગટ ધારા પ્રગટ સ્વયં બ્રહ્મ
અખંડ અનાદિ અવિચળ આત્મા નહિ કાયા નહિ કર્મ
શ્વાસો શ્વાસ....

નિર્ગૂણ નિર્વિકાર નિર્મલ, નિત્ય નિરાધાર
નામ રૂપ ગુણ સ્પર્શે નહિ, સ્પર્શે નહિ કાળ
અલ મસ્ત અવધૂત રહો (૨) બ્રહ્મ સ્વરૂપે પ્રગટ રહો
શ્વાસો શ્વાસ....

ચંદા સૂરજ આરતી ઉતારે નવલખ નયનાં ઢાળે
દે વ-દે વિયો શીશ ઝૂકાવે મુનિવર ધ્યાન લગાવે
અખિલ બ્રહ્માંડ નું રાજ કરો (૨) બ્રહ્મ સ્વરૂપે પ્રગટ રહો
શ્વાસો શ્વાસ....

તત્વમસિતુ અય આત્મા બ્રહ્મ વંદ વાકયે ઠરાં
અલખ નિરંજન શુધ્ધ સ્વરૂપે અડગ ને અડોલ રહો
અહં બ્રહાતસ્મ પદ રહો (૨) બ્રહ્મ સ્વરૂપે પ્રગટ રહો.
શ્વાસો શ્વાસ....



## ૨૨૬. સોહંમ્ શિવોહમ્ જપ્યા કરો

રાગ : જયોત સે જયોત જગાતે ચલો.

સોહંમ્ શિવોહમ્ જપ્યા કરો (૨) નિજ સ્વરૂપે રમણ કરો;
દેહા તિત દેદારે રહો (૨) નિજ સ્વરૂપે રમણ કરો.

કાચી કાયા જૂઠી માયા, જૂઠા જગ સંસારા
ઘડી ઉજાલા ઘડી અંધેરા, વીજળી ના ચમકારા
મિથ્યા સ્વપ્નું દૂર કરો (૨) નિજ સ્વરૂપે રમણ કરો
સોહંમ્ શિવોહમ્.....

પ્રવૃત્તિ નાં પુર ઉતારી, પરની પરોજણ ટાળાં
નિવૃત્તિનાં નાવ ચલાવી, ગગન મંડળમાં માલાં
હું મારાની હોળી કરો (૨) નિજ સ્વરૂપે રમણ કરો.
સોહંમ્ શિવોહમ્.....

અજશ અમર શુધ્ધ સનાતન, સચ્ચિદાનંદ પદે ઠરો
મન બુધ્ધિને ઇન્દ્રીયો પર, અખંડ અવિચળ રાજ કરો
અહં વિનાના સ્વયં રહો (૨) નિજ સ્વરૂપે રમણ કરો
સોહંમ્ શિવોહમ્.....

જાગ્રત સ્વપ્ન સુષપ્તિ તૂર્યા, તૂર્યા તિત પદે રહો
અહં બ્રહ્માસ્મિ હું છું આત્મા, પલપલ પ્રકટ પદે રહો
નરસિંહ નિજાનંદે રહો (૨) નિજ સ્વરૂપે રમણ કરો
સોહંમ્ શિવોહમ્.....



## ૨૨૭. મને ખબર નથી મારી

રાગ : ગઝલ.

મને ખબર નથી મારી, મનેએ વેદના ભારી,
જાવે ઘડી લાખેણી, મને એ વેદના ભારી.

અનંત કાળથી ઉગ્યો, ચાદર અવિદ્યાની ઓઢી,
ખૂલી નહિ આંખડી મારી, મને એ વેદના ભારી.
મને ખબર નથી.....

હું કોણ અને કયાંથી, અસલ શી જાત છે મારી,
જાવે કયાં આ સવારી, મને એ વેદના ભારી.
મને ખબર નથી.....

મારા અંતિમ અવસરમાં, મહેમાનો આવશે ભારી,
નથી જયાં હાજરી મારી, મને એ વેદના ભારી.
મને ખબર નથી.....

નરસિંહ મસ્ત નિજાનંદી, દેહની રાખ ઉડાડી,
દુનિયા દેહને રડતી, મને એ વેદના ભારી.
મને ખબર નથી.....

મને ખબર નથી મારી, મને એ વેદના ભારી.



## ૨૨૮. ભજન કથા સત્સંગથી

રાગ : રેખતા.

ભજન કથા સત્સંગથી, ઘરને તિર્થ બનાવજો;
તન-મન-ધન સદ્ગુરૂને, સાંપી ગુરૂ ચરણ સ્વીકારજો.

ગુરૂ મંત્રના જાપ જપી, જીવન દિવ્ય બનાવજો;
અનંત કાળના દેહ ભાવને, ગુરૂ ગમે હટાવજો.

જડ ચેતનના ભાગ ત્યાગ કરી, સુરતી સ્વરૂપે રાખજો;
જ્ઞાના અગ્નિ પ્રગટાવીને, વાસના વનને સળગાવજો.

કષાયોના કાટને કાઢી, જીવને જીવ બનાવજો;
નરસિંહ રહી નિજ સ્વરૂપે, અગમ ઘર ઉગાડજો.

### છંદ

આગ ઝલી આકાશથી, જલી ગયો સંસાર;
બરી ગયું સુખ પરાયું, જગત ભાસ્યું અસાર;
સાચું સુખ સ્વરૂપનું, હાથ લાગ્યું અપાર;
કોટિ જનમના પૂન્યથી, સદ્ગુરૂ મળ્યા દયાળ;
નરસિંહ ન્યાલ થઇ ગયો, પામ્યો પદ નિર્વાણ.

## ૨૨૯. ગમે તે વેશ કે વાડા

રાગ : ગઝલ.

ગમે તે વેશ કે વાડા પ્રગટ જ્યાં નિજ દેદારા
સચ્ચિદાનંદ પદ વાળા સ્વયં ભગવાન હમારા
નથી જ્યાં દેહ કે દુનિયા નથી જ્યાં સ્વપ્નાની છાયા
સ્વયં વહે સ્વરૂપ ધારા સ્વયં ભગવાન હમારા
ગમે તે વેશ કે...
નથી જ્યાં કામ ક્રોધ કાળા નથી જ્યાં મોહ કે માયા
નિર્મોહી પદ નિરાલા સ્વયં ભગવાન હમારા
ગમે તે વેશ કે...
નથી જ્યાં ભેદ ના વાડા નથી જ્યાં પરને છાયા
અદ્વૈત અખંડ પદ વાળા સ્વયં ભગવાન હમારા
ગમે તે વેશ કે...
અજર અમર શુધાત્મા પ્રગટ પૂર્ણ પરમાત્મા
નરસિંહ સ્વરૂપ મસ્તાના સ્વયં ભગવાન હમારા
ગમે તે વેશ કે...



## ૨૩૦. ૐ પરમ ગુરૂ પરમાત્મા

રાગ : જેના મુખમાં રામનું નામ નથી.

ૐ પરમ ગુરૂ પરમાત્મા, ચરણે તમારી આવ્યો છું.
ૐ પ્રગટ બ્રહ્મ પરમાત્મા, ચરણે તમારી આવ્યો છું.
ૐ સર્વજ્ઞ સર્વાત્મા, ચરણે તમારી આવ્યો છું.
ૐ સકલ બ્રહ્માંડના આત્મા, ૐ વિશ્વભંર વિશ્વાત્મા.
ૐ અજર અમર અજાત્મા, ચરણે તમારી આવ્યો છું.
ૐ અવિનાશી બ્રહ્માત્મા, ૐ પૂર્ણેશ્વર પૂર્ણાત્મા.
ૐ મુક્તિશ્વર મુક્તાત્મા, ચરણે તમારી આવ્યો છું.
ૐ સ્વૈશ્વર શિવાત્મા, ૐ કરુણેશ્વર કરુણાત્મા.
ૐ ગુઢેશ્વર ગુઢાત્મા, ચરણે તમારી આવ્યો છું.
ૐ યોગેશ્વર યોગાત્મા, ૐ સહજાનંદ સહજાત્મા.
ૐ સચ્ચિદાનંદ શુધ્ધાત્મા, ચરણે તમારી આવ્યો છું.
ૐ જ્ઞાનાત્મા ધાન્યાત્મા, ૐ સિધ્ધાત્મા દિવ્યાત્મા.
ૐ નરસિંહ નિજાનંદ નિજાત્મા, ચરણે તમારી આવ્યો છું.



## ૨૩૧. માગે દેવોના દેવ

રાગ : આવે ધરતીના તાત રે.

માંગે દેવોના દેવ અવતાર રે (૨) ભારતના આંગણે (૨)
મૈયા ભારતીને લાખો પ્રણામ રે (૨) ભારતના આંગણે (૨)
રામ, કૃષ્ણ અને મહાવીર જેવા,
બૌધ્ધ અહિંસાના પાઠ ભણાવે રે,
ભારતના આંગણે..... માંગે....
રાણા પ્રતાપ ને શિવાજી જેવા,
હિન્દુ ધર્મના તારણહાર રે,
ભારતના આંગણે..... માંગે....
સતી સીતા ને દમયંતિ દેવી,
અનુસુયાનું અમર નામ રે,
ભારતના આંગણે..... માંગે....
સુભાષબાબુ ને ધીર વલ્લભભાઇ,
ધન્ય ધન્ય ગાંધી અવતાર રે,
ભારતના આંગણે..... માંગે....
ગામડે ગામ ઘૂમે સંત વિનોબા,
જવાહરની ના મલે જોડ રે,
ભારતના આંગણે..... માંગે....
ભક્ત મંડળ તારા ખોળામાં ખેલતું,
''દાસ નરસિંહ'' નો આર્ત નાદ રે,
ભારતના આંગણે..... માંગે....



## ૨૩૨. નરસિંહ માનવ દેહ ધરી

છંદ.

નરસિંહ માનવ દેહ ધરી, પહેલું કરો આ કામ,
હું કોણ છું ક્યાંથી આવ્યો, તેને કરો ઓળખાણ,

તેને કરો ઓળખાણ ભાઇ, ક્યું તમારૂ ધામ,
ક્યું તમારૂ ધામ ભાઇ, ઓળખો આતમ ધામ,

સત્ત પુરૂષના ચરણે પડી, માગો દયાના દાન,
સચ્ચિદાનંદ સ્વરૂપનું, સત્તપુરૂષ કરાવે ભાન,

અનંત કાળના આવરણ ટળે, ઉગે ભીતરમાં ભાણ,
નિજાત્માનું ભાન થતાં, ટળે દેહાભિમાન,

દેહાભિમાન ટળી જતાં, પ્રકટે સ્વયં ભગવાન,
''નરસિંહ'' માનવ દેહ ધરી પહેલાં કરો આ કામ.

## ૨૩૩. નિજ ધામથી નરસિંહ આવ્યા

રાગ : આજે સૌને જયશ્રી કૃષ્ણ.

નિજ ધામથી નરસિંહ આવ્યા, અમર વિદ્યા લાવ્યા રે
મૃત્યુ લોકના માનવીયોના, ભવ બંધ છોડાયા રે

ભવ બંધ છોડાયા સંતો, નિજ સ્વરૂપે ઓળખાયા રે
કોટિ જનમના ઘોર અંધારા, પલમાં દૂર કરાયા રે

હું મારાની હોળી કરીને, આતમ જયોતિ જગાયા રે
દૈતના પડદા ફાડી નાખી, અદ્વૈત બ્રહ્મ ઓળખાયા રે

જીવ શિવનું ભાન કરાવી, અખંડ જયોતિ લહેરાયા રે
સોહંમ્ શિવોહંમ ધૂન મચાવી, અગમ ઘર ઉગાડ્યા રે

નિજ ધામથી નરસિંહ આવ્યા, અમર વિદ્યા લાયા રે
અમર વિદ્યા લાયા સંતો, સ્વરૂપ જયોતિ જગાયા રે



## ૨૩૪. ઓ સદ્ગુરૂ તારણહાર

રાગ : મને થઇ ઓળખાણ આજ.

ઓ સદ્ગુરૂ તારણહાર... મને ભવસાગરથી પાળ કરો
ઓ મોક્ષના દાતાર... મને ભવસાગરથી પાળ કરો

કોટિ જનમથી ભટકું છું હું, હે ભવ ભંજનહાર
હે ભવતારક, હે ઉધ્ધારક (૨)
અલખના અવતાર, મને ભવસાગરથી પાળ કરો...

અનંતકાળથી થાક્યા પાક્યા, આવ્યો તમારે ધ્વાર
દિનબંધુ દયાના સાગર (૨)
કરૂણાના અવતાર, મને ભવસાગરથી પાળ કરો...

હું છું દેહી આપ વિહેદી, આપો નિજ દેદાર
શરણે પડી પડી ''નરસિંહ'' વિનવે (૨),
કરી દો બેડો પાર, મને ભવસાગરથી પાળ કરો...



## ૨૩૫. પ્રકટ પુરૂષના દર્શન કરવા

રાગ : ઝાંપલી ઉગાડી મોહન.

પ્રકટ પુરૂષના દર્શન કરવા, દેવો દોડી જાય છે
વિદેહીના દર્શન કરવા, દેવો દોડી જાય છે
સત્તપુરૂષના દર્શન કરવા, દેવો દોડી જાય છે
કોટિ જનમના સુર્કિત ફળતા,
પ્રગટ પુરૂષના દર્શન મલતા,
પાવન પગલે માથા ધરવા, દેવો દોડી જાય છે... પ્રકટ
જેના દર્શને પાપો બળતા,
આપો તાપો ત્રિવિધી ટળતા,
જ્ઞાનામૃતનું પાન કરવા, દેવો દોડી જાય છે... પ્રકટ
મુક્તિ દાતાર ના ચરણે ઝૂંકી,
વિનયી નયને પ્રગટને પુંજી,
શુધ્ધ સ્વરૂપે રમણ કરવા, દેવો દોડી જાય છે... પ્રકટ
ભોગ વિલાસને વૈભવ ત્યાગી,
રિધ્ધી સિધ્ધી નવનિધ્ધી ત્યાગી,
દેહ વિનાના દેદારે ઠરવા, દેવો દોડી જાય છે... પ્રકટ
અભય યોગેશ્વર અવધુત યોગી,
અખંડ સ્વરૂપ અપૂર્વ જયોતિ,
''નરસિંહ'' નિજાનંદને લૂંટવા, દેવો દોડી જાય છે... પ્રકટ



## ૨૩૬. નિર્વાણ જવાનો આ મારગડો

રાગ : આતમ જ્ઞાન તો શીર ના સાટે.

નિર્વાણ જવાનો આ મારગડો, સદ્ગુરૂ એ બતાવ્યો રે
અમર થવાનો આ મારગડો, સદ્ગુરૂ એ બતાવ્યો રે
સદ્ગુરૂ એ બતાવ્યો મારા વાલા...
મુક્ત થવાનો આ મારગડો, સદ્ગુરૂ એ બતાવ્યો રે... નિર્વાણ
સોહંમ શિવોહમ ધૂન મચાવી,
દેહ વિનાના દેદારે માલી (૨)
પ્રગટ સ્વરૂપનો આ મારગડો, સદ્ગુરૂ એ બતાવ્યો રે... નિર્વાણ
ભેદ ને બારી અદ્વૈત પદે માલી,
નામ રૂપને ગ્રંથીયો બારી (૨)
અદ્વૈત પદનો આ મારગડો, સદ્ગુરૂ એ બતાવ્યો રે... નિર્વાણ
અજાતિ આત્મા સ્વયં પરમાત્મા,
ભાવાતિત શુધ્ધ બ્રહ્માત્મા,
અહં બ્રહ્માસ્મિનો આ મારગડો, સદ્ગુરૂ એ બતાવ્યો રે... નિર્વાણ
''નરસિંહ'' મસ્ત થઇ નિજ ઘર ખોલે,
જીવતાં મરીને નિર્વાણ માલે,
સર્વજ્ઞ પદનો આ મારગડો, સદ્ગુરૂ એ બતાવ્યો રે... નિર્વાણ

## ૨૩૭. આરે સંદેશા આપણા

રાગ : આટલો સંદેશો મારા ગુરૂજીને કહેજો.

આરે સંદેશા આપણા ગુરૂજી ના જાણો,
સ્વયં સ્વરૂપ રહેજો રે.... આરે સંદેશો....

દેહ ને દુનિયા સ્વપ્નાની બાજી,
દેહાતિત દેદારે રહેજો રે.... આરે સંદેશો....

હું અને મારું એ સવામણનું તાળું,
ગુરૂ ગમે ખોલી દેજો રે.... આરે સંદેશો....

અજર, અમર નિજ સ્વરૂપ જાણી,
અજાતિ પદ અનામિ રે.... આરે સંદેશો....

સકલ બ્રહ્માડે બ્રહ્મ રહ્યો ગાજી,
દ્વૈત ભાવ દેજો ટાળી રે.... આરે સંદેશો....

''દાસ'' નરસિંહ પ્રગટ ગુરૂજીની વાણી,
અમૃત પીને અમર થાજો રે.... આરે સંદેશો....



## ૨૩૮. અખંડ સ્વરૂપ સુખ ધારા રે

રાગ : અડગ આસન હમારા સાધુભાઇ.

અખંડ સ્વરૂપ સુખ ધારા રે સાધુભાઇ
અખંડ સ્વરૂપ સુખ ધારા....
કાયા-માયા સ્પર્શે નહિ (૨)
પરની નહિ કોઇ છાયા રે... સાધુભાઇ...
અજર, અમર, અખંડ બ્રહ્મ, આદિ અંતથી ન્યાળા
નાદ, બિન્દુ, કલાતિત (૨)
નિર્ગુણ ને નિરાલા રે.... સાધુભાઇ...
અગમ, અગોચર, અમૃત ધારા પીવે કોઇ પીવણ હારા
પરા પાળ નો અર્પૂવ પ્રવાહ (૨)
સ્વયં ઘોઘ અપાર રે.... સાધુભાઇ...
પ્રકૃતિના પડદા ફાડી, ખોલ્યા બ્રહ્મ દ્વારા
અટલ પદમાં અડગ આસન (૨)
જમડે શીશ ઝુકાયા રે.... સાધુભાઇ...
''દાસ નરસિંહ'' નિજ દેદારે, સદ્‌ગુરૂ જ્યોત જગાયા
અહં બ્રહ્માસ્મિ હું છું આત્મા (૨)
નિર્ભય ઢોલ પીટાયા રે.... સાધુભાઇ...



## ૨૩૯. હું સત્ત ચિત્ત આનંદ રૂપ

રાગ : અહીં કોઇ પરાયું છે જ નહિ.

હું સત્ત-ચિત્ત આનંદ રૂપ, પલ પલ પ્રકટ સ્વરૂપે છું.
હું સહજાત્મા સ્વરૂપ, પલ પલ પ્રગટ સ્વરૂપે છું.

અજર અમર અખંડ અનાદિ, પ્રકટ સ્વયં બ્રહ્મા
નિર્લેપ નિરાકાર નિરંજન (૨)
ભુપોનોય ભુંપ.... પલ પલ પ્રકટ...

રામ કહો યા કૃષ્ણ કહો મહાવીર કહો મહાદેવ
અલ્લા-ઈશ્વર-ઈશું સ્વરૂપે (૨)
વીતરાગી અરિહંત.... પલ પલ પ્રગટ...

ઉત્પતિ નહિ પ્રલય નહિ, જગની નહિ જંજાર
ગુણાતિત અગર અગોચર (૨)
નહિ પુણ્ય નહિ પાપ.... પલ પલ પ્રગટ...

''નરસિંહ'' મસ્ત નિજાનંદે ખેલે બાવન બાર (૨)
છાડ પીંડ ના પડદા ફાડી, પાવે નિર્વાણ
પલ પલ પ્રગટ....



## ૨૪૦. પ્રકટયા સ્વયં ભગવાન

રાગ : જાણ્યો મેં આત્મા મારો.

પ્રકટયાં સ્વયં ભગવાન... મારા મંદિરે....
ચૌદે લોકના સુલતાન.... મારા મંદિરે....
મારા મંદિરે.... મારા દેવળીયે
દેવોના દેવે ખોલ્યા દ્વાર.... મારા મંદિરે... પ્રકટયાં.

હૈયાના ચોકમાં.... સમતના સાથીયા
મનડાના માંડવા.... સત્યથી શણગારીયાં
આવ્યા મોંઘેરા મહેમાન.... મારા મંદિરે... પ્રકટયાં.

પ્રેમના પુષ્પો અને જ્ઞાનના ગજરા
ભક્તિની છાબે ગાવે બુદ્ધિ વધામણાં
શુરંતી કરે સન્માન.... મારા મંદિરે... પ્રકટયાં.

સ્વરૂપ સિંહાસને સ્વયં નાં બેસણાં
ભોગી અને રોગીયાનાં અહીં નહિં પગલાં
પ્રેમીયોના પ્રાણ આધારા.... મારા મંદિરે... પ્રકટયાં.

''નરસિંહ'' ન્યાલ થયો.... નાથને નિહાળી
દ્વૈતનો રોગ ગયો પ્રગટને પામી
બ્રહ્માંડના ભગવાન મારા મંદિરે... મારા મંદિરે... પ્રકટયાં.

## ૨૪૧. સાધુ પરની પરોજણ ટાળો

રાગ : સાધુ સોહમ્ ધુન મચાવે.

સાધુ પરની પરોજણ ટાળો (૨)
પોતે પોતાને જાણી લઇને (૨)
નિર્ભય મોજો માણો.... સાધુ....

કાયાને માયા મનની છાયા, મન પર મીંડા વાળો
મન વિનાના મહાવીર થઇને (૨)
કાળનાં શીષ ઝુકાવો.... સાધુ....

અજર અમર શુધ્ધ સ્વરૂપે વૃતિ ખુબ જમાવો
સંકલ્પ વિકલ્પની સુષ્ટિ તોડી (૨)
શુન્ય મહેલમાં માલો... સાધુ....

રાગ દૈષના કાદવ માંહી તમે ના ફસાવો
કામ, ક્રોધ લોભની લાયો (૨)
ફુંક મારીને બુઝાવો.... સાધુ....

અજન્મા આતમ આદિ અનાદિ સોહંમ શિવોહમ ગાવો
''દાસ નરસિંહ'' કહે નિજાનંદી (૨)
અહં બ્રહ્માસ્મી ગાવો.... સાધુ....



## ૨૪૩. આવી પ્રકટ સ્વરૂપની વાતો

રાગ : તું ભરી જાને બ્રહ્માં.

આવી પ્રકટ સ્વરૂપની વાતો, મારી નિજ સ્વરૂપની વાતો
તું નુંગરા આગળ ના ગાતો, મારીનિજ સ્વરૂપની વાતો
મૃગ નાભિમાં ભરી કસ્તુરી, વન વનમાં ભટકાતો (૨)
નિજ સ્વરૂપના ભાન વિના (૨) પરમાં જઇ પસ્તાતો
આવી પ્રગટ સ્વરૂપની વાતો...

ઘુંવડ ઉડી ગુફામાં રહેતો, સૂરજ નહિ ઓળખાતો(૨)
ભર બપોરે ભુલો ભટકે (૨) આંખ છતાં અંધાપો
આવી પ્રગટ સ્વરૂપની વાતો...

મૂરખ ને ભાઇ મહામણી મલી, કિંમત કરીના જાણી(૨)
પરખ વિનાના પાજી જીવને(૨) આતમ નથી ઓળખાતો
આવી પ્રગટ સ્વરૂપની વાતો...

''દાસ નરસિંહ'' નિજ સ્વરૂપે રહીને પ્રગટ સ્વરૂપે રમતો
શુરા પુરા સદ્ગુરૂ દેવે (૨) અખુટ આપ્યો ખજાનો
આવી પ્રગટ સ્વરૂપની વાતો...



## ૨૪૨. હું ને હું નહિ જાણું

રાગ : ગઝલ.

હું ને હું નહિ જાણું, અરે આ કેવું અંધારું
પોતે પોતાને ના જાણું, અરે આ કેવું અંધારું
ભણી ગયો શાસ્ત્રોનું સૌ જ્ઞાન, જગતમાં ગણાયો મહાન
જાણ્યું નહિ નિજ સ્વરૂપ મારું,
અરે આ કેવું અંધારું.... હું ને હું ના જાણું
ફર્યો છું તિર્થોના સૌ સ્થાન, કીધા છે ત્રિવેણીમાં સ્નાન
પ્રકટ તિર્થના જાણ્યું,
અરે આ કેવું અંધારું.... હું ને હું ના જાણું
જોયા કડાં અને કુંડળ, જોયા ઘાટ સૌ સુંદર
અઘાટી સોનુંના જાણ્યું,
અરે આ કેવું અંધારું.... હું ને હું ના જાણું
નાભીમાં ભરી કસ્તુરી, મૃગલા ઘાસ શોધે ગંદી
છુટ્યું નહિ કર્મનું કુંડાળું,
અરે આ કેવું, અંધારું.... હું ને હું ના જાણું
કરોડો જન્મોના કર્મો, ખપાવવાનું હતું ટાણું
ખોલ્યું નહિ પોતાનું પાનું,
અરે આ કેવું અંધારું.... હું ને હું ના જાણું
અહંમનું આવરણ તોડીને ''નરસિંહ'' સ્વયં ઘર ખોલીને
જાણ્યું નહિ નિજ ઘરનું નાણું,
અરે આ કેવું અંધારું.... હું ને હું ના જાણું



## ૨૪૪. પ્રગટ દશાના પરમાત્માને

રાગ : ઝાંપલી ઉગાડી મોહન.

પ્રગટ દશાના પરમાત્માને, કોટિ કોટિ પ્રણામ છે.
સચ્ચિદાનંદ શુધ્ધત્માને, કોટિ કોટિ પ્રણામ છે.
અખંડ સ્વયં સ્વરૂપ જ્યોતિ,
સકલ બ્રહ્માંડની પ્રગટ પુંજી,
આતમ દશાના અવધૂતોને,
કોટિ કોટિ પ્રણામ છે. પ્રગટ..
એકોહંમ શિવોહમ ગાજે,
અયં આત્મા બ્રહ્મ સકલ બ્રહ્માંડે
મૃત્યુજય મહાશિવ સ્વરૂપને,
કોટિ કોટિ પ્રણામ છે. પ્રગટ..
દેહાતિત નિજ દેદારે,
ચૌદે ભુવનનો શુંબો માલે,
સ્વરૂપ દશાના સત્ પુરૂષોને,
કોટિ કોટિ પ્રણામ છે. પ્રગટ..
''નરસિંહ'' મસ્ત નિજાનંદી,
નિર્વીકલ્પ સ્વરૂપ સમાધી,
શબ્દાતિત સર્વજ્ઞ સ્વરૂપને,
કોટિ કોટિ પ્રણામ છે. પ્રગટ..

## ૨૪૫. સારી દુનિયા નાખી ખુંદી

રાગ : આવી પ્રગટ સ્વરૂપની મ્હેર.

સારી દુનિયા નાખી ખુંદી, પાઇ પ્રગટ સ્વરૂપની પુંજી
આખી આલમ નાખી ઢુંઢી, પાઇ પ્રગટ સ્વરૂપની પુંજી

પાઇ પ્રગટ સ્વરૂપની પુંજી, પાઇ સ્વંય સ્વરૂપની પુંજી
હું મારાનો કચરો થુંકી, પાઇ પ્રગટ સ્વરૂપની પુંજી
સારી દુનિયા....

કાયા માયાનાં બંધન તોડી, નિજ સ્વરૂપે શુંરતી જોડી
સોહંમ શિવોહમ ધુન મચાવી, પાઇ પ્રગટ સ્વરૂપની પુંજી
સારી દુનિયા....

સંકલ્પ વિકલ્પ ગયા છુટી, અહં પર સ્વયંની મારી ખૂંટી
અદ્‌ભુત આતમ જયોત જાગી, પાઇ પ્રગટ સ્વરૂપની પુંજી

અલખ પુરુષનું ઐશ્વયપામી, દેવો દંગ થઇ ગયા જાણી
''નરસિંહ'' નિર્ભય નોબત વાગી, પાઇ પ્રગટ સ્વરૂપની પુંજી
સારી દુનિયા....



## ૨૪૬. આત્મા આત્મા થઇને રહે

રાગ : જે ઘેર પ્રગટ પુરૂષના પગલાં.

આત્મા આત્મા થઇને રહે,
પરના રાગમાં શાને પડે,
ચૌદે ભુવન નો તું ભૂપ છે હોજી રે.... આત્મા....

અજર અમર અખંડ તું બ્રહ્મ છે,
નિર્ગુણ નિર્વીકાર છે હોજી રે.... આત્મા....

કાયાને માયાનો કાંટાળો તાજ છે,
આઘાટ ને તું અજાત છે હોજી રે.... આત્મા....

સચ્ચિદાનંદ તું શુદ્ધ આત્મા,
અખિલ બ્રહ્માડનો ભગવાન છે હોજી રે.... આત્મા....

''નરસિંહ'' નિત્ય નિજાનંદે માલજે,
પરની પરોજણ ટાળજે હોજી રે.... આત્મા....



## ૨૪૭. આરે અવસરીયે જેણે આત્માને જાણ્યો

રાગ : હરિ વિના વાણુ ના વાય રે.

આરે અવસરીયે જેને આત્માને જાણ્યો
આત્મા ને જાણ્યો, પરમાત્માને નિહાળ્યો
સફળ થયો ફેરો એનો રે... આતમ રાય પોતે...

દેહ વિનાના દેદારે જે માલ્યો,
હું તું નો ઝગડો ડાળ્યો રે... આતમ રાય પોતે...

અંખડ અનાદિ બ્રહ્મ સ્વરૂપ પામી,
અખિલ બ્રહ્માડે માલ્યો રે... આતમ રાય પોતે...

ચૌદે ભુવનના ચોરે ને ચૌટે,
પ્રગટ જયોત જગાયો રે... આતમ રાય પોતે...

''દાસ નરસિંહ'' મસ્ત નિજાનંદે માલે,
નિર્ભય ઢોલ પીટાવ્યો રે... આતમ રાય પોતે...



## ૨૪૮. આત્મા શુધ્ધાત્મા થઇને રહે

રાગ : ભક્તોના હૈયાનો હાર.

આત્મા શુધ્ધાત્મા થઇને રહે, જગત નહિ રે નડે
આત્મા પરમાત્મા થઇને રહે, માયા નહિ રે નડે

સચ્ચિદાનંદ તું દેવોનો દેવ છે,
અજર અમર તું અખંડ બ્રહ્મ છે,
આત્મા સ્વયં રહે, જગત નહિ રે નડે.... આત્મા...

સ્વરૂપ વિહોણો પામર જીવડો જાણજે,
અગ્નિ વિહોણો કાળો કોલસો તું જાણજે,
આત્મા પ્રકટ રહે, જગત નહિ રે નડે.... આત્મા...

ઉંઘમાં નડે તેને સ્વપ્નું તું જાણજે,
અજ્ઞાને નડે તેને જગત તું જાણજે,
આત્મા અમર રહે, જગત નહિ રે નડે.... આત્મા...

સોહંમ શિવોહંમ સ્વરૂપે નિહાળજે,
દેહ વિનાના દેદારે માલજે,
''નરસિંહ'' નિર્ભય રહે જગત નહિ રે નડે... આત્મા...

## ૨૪૯. આજનો લ્હાવો લીજીયે રે

રાગ : આતમ જ્ઞાન તો શીર ના સાટે.

આજનો લ્હાવો લીજીયે રે, આજ કાલ ના કરીયે,
પ્રગટના પાવલાં પખાડીયે રે, આજ કાલ ના કરીયે,

કોટિ જનમનાં સુર્કિત ફરીયાં,
ભવની ભાવટ ભાગીયે રે, આજ કાલના કરીયે...

હું તું ની આગમાં, રાગ અને દ્વેષમાં,
મોંઘો જનમના ગુમાવીયે રે, આજ કાલ ના કરીયે...

પ્રગટના ચરણોમાં મુક્તિની ચાવીયો,
અંતરના દ્વાર ખોલીયે રે, આજ કાલના કરીયે...

ભક્તિને જ્ઞાનમાં ત્યાગને વૈરાગમાં,
નિજ દેદારમાં માલીયે રે, આજ કાલના કરીયે...

અખીલ બ્રહ્માડમાં અદ્વૈત પરમાત્મા,
ભેદના ભડકા બાળીયે રે, આજ કાલના કરીયે...

દાસાનો ''દાસ નરસિંહ'' વિનયથી વિનવે,
સર્વાત્મા ભાવમાં માલીયે રે આજ કાલના કરીયે...



## ૨૫૦. આતો અલખનો દરબાર

રાગ : આખી દુનિયાનો ઠાકોર.

આતો અલખનો દરબાર, આવે તે પામે નિર્વાણ
માલે દેહાતિત દેદારે, આવે તે પામે નિર્વાણ

છોડી દેહતણા અદયાસો, મન બુધ્ધિ પર કરીયે વાસો
સ્વયં સ્વરૂપે નિજધામ, આવે તે પામે નિર્વાણ...

હું તું તેના બંધન તોડી, દ્વૈત ભાવના પડદા ફાડી
ખોલીયે અગમ ઘરનાં દ્વાર, આવે તે પામે નિર્વાણ...

અદ્વૈત આતમ જ્યોતિ જાગી, અખંડ સ્વરૂપે શુરતા લાગી
ખેલે હદ બે હદની પાળ, આવે તે પામે નિર્વાણ...

માથાં મૂકી જે અહીં આવે, પ્રગટ બ્રહ્મ પદને પાવે
''નરસિંહ'' ખેલે નિરાધાર આવે તે પામે નિર્વાણ...



## ૨૫૧. જ્ઞાન મારા ગુરૂજીનું ન્યારૂ

રાગ : આજે અપૂર્વ અવસર આયો.

જ્ઞાન મારા ગુરૂજી ન્યારૂ, જીવતાં મરી જવાનું
સ્વયં શુધ્ધ સ્વરૂપે રહેવાનું, જીવતાં મરી જવાનું

હું તું તેના બંધન ટાળી,
નામ રૂપની ગ્રંથયો બાળી,
દેહ છતાં વિદેહી રહેવાનું, જીવતાં મરી જવાનું...

નિજ સ્વરૂપે વૃત્તિ ઢાળી,
સોહંમ શિવોહમ ધૂન મચાવી,
જીવને શિવ સ્વરૂપ થવાનું, જીવતાં મરી જવાનું...

અહં બ્રહ્માસ્મિ પદે ઠરવાનું,
અખિલ બ્રહ્માડના ભૂપ થવાનું,
પ્રગટ બ્રહ્મ પદે ઠરવાનું, જીવતાં મરી જવાનું...

''દાસ નરસિંહ'' નિજ દેદારે માલે,
શુંરત નુરત પર જ્યોત જલાવે,
ગુરૂદેવ મલ્યા છે દયાળુ જીવતાં મરી જવાનું...



## ૨૫૨. જી રે હંસા નિજ સ્વરૂપે માલ

રાગ : જી રે હંસા તું તારું ઘર સંભાળ રે.

જી રે હંસા નિજ સ્વરૂપે માલ રે, તું અખંડ છે અવિનાશી
જી રે હંસા પ્રગટ સ્વરૂપે માલ રે, તું પ્રગટ બ્રહ્મ અનાદિ
જડ દેહ વિનાશી જાણ રે, તું અખંડ છે અવિનાશી
હંસલા ચુંગે સત્ય સ્વરૂપના મોતી, બગલા ફેંદે ગંદવાડ
પર વસ્તુમાં હંસા શુ રે લોભાયો (૨)
આતો સ્વપ્નું છે સંસાર રે...... હંસા...
પાંચ ભૂતોની કાયા છે હંસા, ત્રિગુણી માયા જાણ
ગુણાતિત તું બ્રહ્મ અજાતિ (૨)
નિર્ગુણ નિર્વીકાર રે...... હંસા...
જન્મ મરણ હંસા દેહને વ્યાપે, સુખ દુઃખ મનના જાણ
સંલક્પ રચી હંસા ભવમાં શું ભટકે (૨)
દેહાતિત દેદારે માલ રે...... હંસા...
અખિલ બ્રહ્માંડ બ્રહ્મને ભજતું, દેવો ગાવે ગુણ ગાન
વેદ પુરાણો નેતિ નેતિ ગાવે (૨)
અવતારીયો યશ ગાય રે...... હંસા...
અજર અમર બ્રહ્મ અનાદિ કાળના આવે પાસ
''દાસ નરસિંહ'' નિજાનંદ માલે (૨)
પાવે પદ નિર્વાણ રે...... હંસા...

## ૨૫૩. કાયાને કોડિયામાં અમર દિવડો

રાગ : અમ્મર દિવડો.

કાયાના કોડિયામાં અમર દિવડો
એના અજવાળે ઓપે બ્રહ્માંડનો ઓરડો
ગેબી ગુફામાં રહેનાર રે... કાયાના કોડિયામાં...

એના કિરણોથી સૂર્ય પોશાતો,
નવલાખ તારામાં તેજોએ પુરતો,
તેજ તણો અંબાર રે... કાયાના કોડિયામાં...

ચન્દ્રના કિરણોમાં શીતળતા પુરતો,
વર્ષાની વાદળીમાં બીન્દુએ ભરતો,
અમૃતનો સિંચનાર રે... કાયાના કોડિયામાં...

વાયુનો વીજણો એજ વિજોણતો,
પૃથ્વીના પડતાં રજકણ ભરતો,
સૃષ્ટિનો સર્જન હાર રે... કાયાના કોડિયામાં...

''નરસિંહ'' ના નયનાં એ જ ચમકતો,
અખિલ બ્રહ્માંડમાં એ ભરપુર રમતો,
ઘટઘટમાં વસનાર રે... કાયાના કોડિયામાં...



## ૨૫૪. આત્મા પોતાને જાણ

રાગ : મનમાં શું મલકાય.

આત્મા પોતાને જાણ, તું તો સ્વયં ભગવાન છે.
આત્મા સ્વયંને જાણ, તું તો સ્વયં ભગવાન છે.
સ્વયં ભગવાન છે, દેવોનોય દેવ છે.
દેવો ગાવે ગુણગાન... તું તો સ્વયં ભગવાન છે.

મહાયોગેશ્વર યોગ ધરે છે
શિવ સનકાદિક ધ્યાન ધરે છે
અવતારીયો કરે પ્રણામ... તું તો સ્વયં ભગવાન છે.

વેદને પુરાણ સદા સદા નેતિ નેતિ ગાય છે
અહં બ્રહ્મસ્મિ શિવોહંમ ગાય છે
સ્હેજે પદે નિર્વાણ... તું તો સ્વયં ભગવાન છે.

''નરસિંહ' મસ્ત થઇ નિજાનંદે માલે
અખિલ બ્રહ્માડે બ્રહ્મ જયોત જગાવે
આત્મા પ્રગટ પ્રમાણ... તું તો સ્વયં ભગવાન છે.



## ૨૫૫. જી રે હંસા પોતે પોતાને જાણ રે

રાગ : જી રે હંસા પ્રગટ સ્વરૂપે માલ.

જી રે હંસા પોતે પોતાને જાણ રે, તું કોણ ને અહીંયા ક્યાંથી
જી રે હંસા પોતે પોતાને જાણ રે, તું કોણ ને અહીંયા ક્યાંથી

સુખ ચાહો તો હંસા, સ્વરૂપે માલો પરમા દુઃખો છે અપાર
નિજ રૂપ ભૂલી પરમાં શું ભટકો (૨)
આતો સંસાર આળ પંપાળ રે હંસા.... જી રે હંસા...

સોહંમ શિવોહમ સ્વરૂપે માલો, પરને પ્રકૃતિ જાણે
કાયાને માયા સ્વપનાની છાયા (૨)
મિથ્યા અવિદ્ધા જાણ રે હંસા.... જી રે હંસા...

અખિલ બ્રહ્માડે હંસા આતમ ગાજે તું તારૂ પદ સંભાળ
અલખ નિરંજન શુધ્ધ સનાતન (૨)
પ્રગટ બ્રહ્મ પ્રમાણ રે હંસા.... જી રે હંસા...

''દાસ નરસિંહ'' સદ્‌ગુરૂના જ્ઞાને ખેલે બાવન બહારે
હવે નહિ જન્મે હવે નહિ મરે (૨)
પ્રગટ પદ નિર્વાણ રે હંસા.... જી રે હંસા...



## ૨૫૬. જેને નિજ આત્માને જાણ્યો છે

રાગ : જેના મુખમાં રામનું નામ.

જેને નિજ આત્માને જાણ્યો છે તેને અખિલ બ્રહ્માંડને જાણ્યું છે.
જેને પોતે પોતાને જાણ્યો છે તેને સર્વજ્ઞ પદને જાણ્યું છે.

જે દેહાતિત દેદાર છે,
જે શુધ્ધ સ્વયં સ્વરૂપ છે,
જેને નિજ આત્માને જાણ્યો છે તેને અખિલ બ્રહ્માંડને જાણ્યું છે.

જેને મન બુધ્ધિ પર માલે છે,
જેને નામ રૂપ ગુણથી પર છે,
જેને નિજ આત્માને જાણ્યો છે તેને અખિલ બ્રહ્માંડને જાણ્યું છે.

જેને દ્વૈતના પડદા ફાડ્યા છે,
જેને અદ્વૈત પદમાં માલ્યા છે,
જેને નિજ આત્માને જાણ્યો છે તેને અખિલ બ્રહ્માંડને જાણ્યું છે.

''દાસ નરસિંહ'' સ્વરૂપે મસ્ત છે,
જેને ઘટ ઘટ ભીતર વ્યાપક છે,
જેને નિજ આત્માને જાણ્યો છે તેને અખિલ બ્રહ્માંડને જાણ્યું છે.

## ૨૫૭. આત્મા પ્રગટ રહો

રાગ : ખમ્મા મારા નંદજીના લાલ.

આત્મા પ્રગટ રહો, તું છે પ્રગટ પરમાત્મા
આત્મા સ્વયં રહો, તું છે પ્રગટ પરમાત્મા
સ્વયં પરમાત્મા બ્રહ્માંડનો આત્મા
શાને ભૂલે સ્વરૂપનું ભાન તું છે પ્રગટ પરમાત્મા...

કાયાને માયાતો સ્વપ્નની છાયા,
મિથ્યા સુખમાં શાને લોભાયા,
અઘાટ પદને સંભાળ, તું છે પ્રગટ પરમાત્મા...

અખિલ બ્રહ્માંડ તું જ થી પ્રકાશે,
દેવ અને દેવીયો તું જ ને ઉપાસે,
સર્વજ્ઞ પદને સંભાળુ, તું છે પ્રગટ પરમાત્મા...

''નરસિંહ'' મસ્ત થઇ નિજાનંદે માલે,
દેહની આ દુનિયાને જીવતા જલાવે,
ખેલે એ ખોડાની ધાર, તું છે પ્રગટ પરમાત્મા...



## ૨૫૮. આજે દિવાળી રે

રાગ : પીધા પીયાલાં રે.

આજે દિવાળી રે... પ્રગટ સ્વરૂપની
હાંરે મારા ગુરૂજીએ જ્યોત જલાવી... દિવાળી રે...

સદ્‌ગુરૂ દેવે ટાળી રાતડી કાળી,
મન-બુધ્ધિ ને ચિત લીધા મનાવી,
હાંરે મૂળ વિનાની વેલને બારી... દિવાળી રે...

અહં ગાળીને સ્વયં પદે માલી,
પરા પાળના દ્વાર ઉગાડી,
હાં રે ખોલી શૂન્ય શિખરવાળી કેરી... દિવાળી રે...

અખિલ બ્રહ્માંડમાં અખંડ દિવાળી,
ગુરૂગમી હોય તો પ્રગટ નિહાળી,
હાં રે નુગરા કાગળના વાઘે નાખ્યા મારી... દિવાળી રે...

સર્જન વિસર્જન સઘળું શૂન્ય છે,
અહં બ્રહ્માસ્મિ અખંડ ધૂન છે,
હાં રે ''દાસ નરસિંહ'' નિર્ભય નિર્વાણી... દિવાળી રે...



## ૨૫૯. પોતે પોતાને જાણો

રાગ : જેવો તેવો પણ તારો.

પોતે પોતાને જાણો, પરની પરોજણ ટાળો
નિજ સ્વરૂપે માલો, પરની પરોજણ ટાળો

આત્મા થઇ આત્મા ને જાણો,
તત્વમસિ પદ પોતે જાણો,
પ્રગટ બ્રહ્મ નિહાળો, પરની પરોજણ ટાળો... પોતે...

દેહાતિત દેદારે માલાં,
દ્રષ્ટિના દ્રષ્ટા ને જાણો,
ફરતી વૃતિને વારો, પરની પરોજણ ટાળો... પોતે...

ઘટઘટ માંહી આત્મા ગાજે,
સોહંમ શિવોહમ સઘળે બીરાજે,
દ્વૈતના પડદા ફાડો, પરની પરોજણ ટાળો... પોતે...

''નરસિંહ'' નિજાનંદ બ્રહ્મ કહાવે,
અક્ષરાતિત અક્ષરમાંના આવે,
અહં બહ્માસ્મિ લલકારો, પરની પરોજણ ટાળો... પોતે...



## ૨૬૦. તને કહું છું ગુહ્ય જ્ઞાન

રાગ : મને આજ થઇ ઓળખાણ.

તને કહું છું ગુહ્ય જ્ઞાન, સ્વયં સ્વરૂપે ઠરવાનું
તને કહું છું બ્રહ્મ જ્ઞાન, સ્વયં સ્વરૂપે ઠરવાનું

અયં આત્મા તું અખંડ અનાદિ, શુધ્ધ સ્વયં ભગવાન
તત્વ મસિ તું પ્રગટ (૨) નિર્ગુણ નિર્વીકાર...

અજર, અમર, બ્રહ્મ પુરાણી દેહાતિત દેદાર
કાયા-માયા કાળનો ચારો (૨) તું બ્રહ્મ સદા અકાળ...

સંકલ્પ વિકલ્પ સ્વયંમાં નહિ, શબ્દાતિત બ્રહ્મ જાણ
વેદો તારા મહિમા ગાવે (૨) નેતી કરે પોકાર...

અવતારીયો અવતાર લઇને સ્વયંના ગાવે ગુણગાન
''નરસિંહ'' મસ્ત નિજાનંદે (૨) પાવે પદ નિર્વાણ...
બ્રહ્મ સ્વરૂપે ઠરવાનું

## ૨૬૧. આત્મા થઈને આત્મા નિહાળે

રાગ : આતમ જ્ઞાન તો શીરના સાટે.

આત્મા થઈને આત્મા નિહાળે, તેનાં વારણાં લઈએ રે...
અખિલ બ્રહ્માંડને બ્રહ્મ નિહાળે, તેને વંદન કરીયે રે...

પોતે સ્વરૂપમાં બ્રહ્માંડ બ્રહ્મમાં,
નામ રૂપ ભૂલી નદિયો સાગરમાં,
સચ્ચિદાનંદ સ્વરૂપે માલે, તેના વારણાં લઈયે રે...

પરમાત્મા પૂર્ણ છે જગત શૂન્ય છે,
સાગરમાં પોપટા કૃત્રિમ ફીણ છે,
અખંડ અનાદિ બ્રહ્મ નિહાળે, તેના વારણાં લઈયે રે...

અહં વિનાના સ્વયં પદે માલે,
દ્વૈતને ટાળે અદ્વૈત પદે માલે,
સ્વયં પ્રગટ પરમાત્મા નિહાળે, તેના વારણાં લઈયે રે...

અનંત વાતની એક જ વાત છે,
સ્વયં પ્રકાશી અયં આત્મા બ્રહ્મ છે,
''નરસિંહ'' મહર્ષિ નિજાનંદે, તેના વારણાં લઈયે રે...



## ૨૬૨. હું સત ચિત આનંદ રૂપ

રાગ : મને આજ થઈ ઓળખાણ.

હું સત ચિત આનંદરૂપ, અખિલ બ્રહ્માંડનો આત્મા છું
હું શુધ્ધ બ્રહ્મ સ્વરૂપ, અખિલ બ્રહ્માંડનો આત્મા છું
કાયા માયા સ્પર્શ નહિ, નડે નહિ કદિ કાળ
અજર અમર ને અનાદિ (૨) ખેલું બાવન બાર...
નિર્ગુણ નિર્વીકાર સદાયે નિર્લેષ નિરાધાર
અવિદ્યા આંધી અમથી અળગી(૨) અળગી જગ ઝંઝાળ
ત્રિભુવન ભજતું ત્રિભુવન નભતું ભજે સંત મહાન
દેવો ભજતાં દેવીયો ભજતી, ભજે ખુદ ભગવાન...
''નરસિંહ'' નિર્મળ નિજ સ્વરૂપે સદ્‌ગુરૂ આપ્યા જ્ઞાન
પ્રકટ બ્રહ્મ સ્વરૂપે બહીને (૨) માલે નિજ દેદાર...



## ૨૬૩. મન વિનાનાં આતમ યોગી

રાગ : આજે અપૂર્વ અવસર આવ્યો.

મન વિનાનાં આતમ યોગી, પામ્યા પ્રગટ જ્યોતિ
દેહ વિનાનાં આતમ યોગી, પામ્યા પ્રગટ જ્યોતિ

કોડિયા વિનાની સ્વયં જ્યોતિ,
છીપ વિનાનું અણમોલ મોતી,
અખિલ બ્રહ્માંડ રહ્યું ગોતી, પામ્યા પ્રગટ જ્યોતિ...

કાયાને માયાનું સ્વપ્નું ત્યાગી,
નિજ સ્વરૂપે શુંરતી લાગી,
પીધું અમૃત પીધું ગાળી, પામ્યા પ્રગટ જ્યોતિ...

અહં વિનાનો અવધૂત યોગી,
માથાં મૂકી માલે બ્રહ્માંડ ફુંકી,
મોટા મુનિવર રહ્યા વધાવી, પામ્યા પ્રગટ જ્યોતિ...

''દાસ નરસિંહ'' મસ્ત નિજાનંદે માલે,
અગમ ઘર જીવતાં ઉગાડે,
પોતે પોતાને લીધો ગોતી, પામ્યા પ્રગટ જ્યોતિ...



## ૨૬૪. જો જે જો જે અવસર વીતી જાય ના રે

રાગ : જો જે જો જે જીવલડાં ભૂલી.

જો જે જો જે અવસર વીતી જાય નારે
મોંઘો મનુષ્ય દેહ એળે જાયનારે... જો જે જો જે...

કોટિ અવતારે પામ્યો માનવની કાયા,
તારી પૂન્યની પુંજી લૂંટાય નારે... જો જે જો જે...

દેવોને દુર્લભ એ તુંજને સુર્લભ છે,
હરિ ભજવાનું ટાણું વહી જાય ના રે... જો જે જો જે...

પ્રગટ પુરૂષનાં સત સંગમાં માલજે,
ગુરૂ જ્ઞાન વિના ભાન કદિ થાયના રે... જો જે જો જે...

''નરસિંહ'' નિત્ય નિજાનંદમાં માલજે,
શુરતી સ્વરૂપ શિવાય બીજે જાયનારે... જો જે જો જે...

## ૨૬૫. આત્મા પ્રગટ રહો

રાગ : ખમ્મા મારા નંદજીના લાલ.

આત્મા પ્રગટ રહો, તું છે પ્રગટ પરમાત્મા
આત્મા સ્વયં રહો, તું છે પ્રગટ પરમાત્મા
સ્વયં પરમાત્મા બ્રહ્માંડનો આત્મા,
શાને ભૂલે સ્વરૂપનું ભાન, તું છે પ્રગટ પરમાત્મા....

કાયાને માયાનો સ્વપ્નની છાયા,
મિથ્યા સુખમાં શાને લોભાય,
અઘાટ પદને સંભાળ, તું છે પ્રગટ પરમાત્મા....

અખિલ બ્રહ્માંડ તુંજથી પ્રકાશે,
દેવ અને દેવીયો તુંજથી ઉપાસે,
સર્વજ્ઞ પદને સંભાળ, તું છે પ્રગટ પરમાત્મા....

''નરસિંહ'' મસ્ત થઇ નિજાનંદે માલે,
દેહ દુનિયાને જીવતાં હલાવે,
ખેલે ખોડાની ધાર, તું છે પ્રગટ પરમાત્મા....



## ૨૬૬. અમે ઇડરીયો ગઢ જીત્યારે

રાગ : અમે તારા ભરોસે રહિયે રે.

અમે ઇડરીયો ગઢ જીત્યા રે આનંદની ઘડી
અમે પ્રગટ બ્રહ્મ પદ પામ્યા રે આનંદની ઘડી

કાયાને માયાનો કંચવો છોડી,
મનબુદ્ધિનો કચરો ત્યાગી,
અમે માયાના મુખ પર થુક્યા રે આનંદની ઘડી...

અનાદિ કાળનું સ્વપ્નું છોડી,
હું મારા નું બંધન તોડી,
અમે પ્રગટ પદમાં રહીયે રે આનંદની ઘડી...

અખંડ અનાદિ આતમ ન્યાળા,
બાવન બારા બ્રહ્મ નિરાલા,
અમે અલખ નિરંજન ગઇયે રે આનંદની ઘડી...

અવતારી પુરૂષો હરદમ ભજતાં,
વેદો જેના ગુણલા ગાતા,
''દાસ નરસિંહ'' અગમ ગઢ જીત્યારે આનંદની ઘડી...



## ૨૬૭. બ્રહ્મ દશા માણે બ્રહ્મ જ્ઞાનીયો રે

રાગ : આંધા જાણે તેને તો અમે જાણીયે રે.

બ્રહ્મ દશા માણે, બ્રહ્મજ્ઞાનીયો રે
નથી નુંગરા નાદના કામની રે... બ્રહ્મદશા...

બ્રહ્મ વદે પણ બ્રહ્મ જાણે નહિ રે,
નથી રહેણી વિનાની, કહેણી કામની રે... બ્રહ્મદશા...

જેને હું ને મારાની હોળી કરી રે,
જેની વૃત્તિ સ્વયં સ્વરૂપ ધ્યાન ની રે... બ્રહ્મદશા...

જેને જીવતાં જીતી કાળી નાગણી રે,
જેને અખંડ ખુંમારી બ્રહ્માંનંદ રે... બ્રહ્મદશા...

જેને મેરૂના મૂળના મૂળીયા ઉખેડીયાં રે,
જેને અલખાનાં દ્વાર ઉગાડીયાં રે... બ્રહ્મદશા...

''દાસ નરસિંહ'' અનામિ આત્મા રે,
જેને પ્રગટ દશા દેદારની રે... બ્રહ્મદશા...



## ૨૬૮. જયાં પ્રગટ સ્વયં ભગવાન

રાગ : જ્યારે કરી જાય તન ને મન.

જયાં પ્રગટ સ્વયં ભગવાન, દેવો ઝબકી જાગ્યા છે.
જયાં અનલ હક નિર્વાણ, દુનિયામાં ડંકા વાગ્યા છે.

અજર-અમર શુદ્ધ આત્મા અખંડ બ્રહ્મ અપાર
અહં બ્રહ્માસ્મિ સવ્યં પ્રકાશી (૨)
દેહાતિત દેદાર... દેવો ઝબકી જાગ્યા છે. જ્યાં..

અવતારીયો અચરજ પામે, દેવો થઇ જાય દિંગ
અજાયબી આ દુનિયા માહિ (૨)
હાજર હરિ અવતાર ત્યાં... દેવો ઝબકી જાગ્યા છે. જ્યાં..

અકર્મ આત્મા પૂર્ણ પરમાત્મા, નડે નહિ કદિ કાળ,
''નરસિંહ'' મસ્ત નિજાનંદ (૨)
ખેલે બાવન બહાર... દેવો ઝબકી જાગ્યા છે. જ્યાં..

## ૨૬૯. આવે કસોટી રે

આવે કસોટી રે, ભક્તિના પંથમાં,
હાંરે તમે મનથી હિંમત નવ હારો.
કસોટી રે ભક્તિના પંથમાં...
ભક્તિ પ્રભુની ખાંડાની ધાર છે,
હેજી એમાં આવે ઉપાધીઓ હજારો.
કસોટી રે ભક્તિના પંથમાં...
સોનાની થાય જેમ અગ્નિ પરીક્ષા,
હેજી એમાં આવે છે. ભક્તિનો વારો.
કસોટી રે ભક્તિના પંથમાં...
પ્રાણ ઘટે પણ વહાલોના વિસરે
હેજી એને ભેટવો છે મોરલીવાળો.
કસોટી રે ભક્તિના પંથમાં...
''નરસિંહ'' કહે છે આ મારગડે જાતાં,
હેજી રણા કરે હજાર હાથવાળો,
કસોટી રે ભક્તિના પંથમાં...



## ૨૭૦. દુનિયામાં ડંકો વાગે છે.

જયાં પ્રગટ સ્વયં ભગવાન, દુનિયામાં ડંકા વાગે છે.
જયાં અનલ હક નિર્વાણ, દેવો જબકી જાગે છે.

અજર અમર હું આત્મા અનાદી, અખંડ બ્રહ્મ અપાર
અહ્‌મ બ્રહ્માસ્મિ સ્વયં પ્રકાશી... (૨)
દેહાતિત દેદાર.... દુનિયામાં ડંકા વાગે છે.

અવતારીઓ અચરજ પામે, દેવો થઇ જાય દિંગ
અજાયબી આ દુનિયા માંહી... (૨)
હાજર હરી અવતાર.... દુનિયામાં ડંકા વાગે છે.

અકર્મ, આત્મા પૂર્ણ પરમાત્મા, નડે નહી કદી કાળ
''નરસિંહ'' મસ્ત નિજાનંદે... (૨)
ખેલે બાવન બહાર.... દુનિયામાં ડંકા વાગે છે.

જયાં પ્રગટ સ્વયં ભગવાન, દુનિયામાં ડંકા વાગે છે.
જયાં અનલ હક નિર્વાણ, દેવો જબકી જાગે છે.



## ૨૭૧. ભજન

(રાગ : આતમનું અજવાળું રે સાધુ ભાઇ)

જ્ઞાની પામે, નિર્વાણી રે, સાધુભાઇ જ્ઞાની પામે નિર્વાણી,
દેહ વિનાના દેદારે માલે (૨)
જયાં નહિ મન કે વાણી રે, સાધુભાઇ.... જ્ઞાની...

અહં વિનાની સ્વયં શાયબી નિર્ગુણ નિર્વીકારી
ઘાટ વિનાના અઘાટ પદમાં (૨)
અખંડ ને અનાદિ રે, સાધુભાઇ.... જ્ઞાની...

નામ રૂપ વ્યાપે નહિ. વ્યાપે નહિ ચાર ખાંણી
ગુણાતિત ગુણમાં ના આવે (૨)
ભાવતિત ભય હારી રે, સાધુભાઇ.... જ્ઞાની...

સંકલ્પ વિકલ્પથી પર શૂન્ય થઇ બેઠા પ્રગટ જ્યોત જગાવી.
દાસ ''નરસિંહ'' નિજાનંદે માલે (૨)
અખંડ સ્વરૂપ સમાધી રે, સાધુભાઇ.... જ્ઞાની...



## ૨૭૨. સ્વયં બ્રહ્મ અનાદિ

રાગ : તરવાનું જે કોઇ ચાહે.

સ્વયં બ્રહ્મ આનદિ, નહિ પરની ઉપાધી, સ્વયં રહે
સમાધિ, નહિ પરની ઉપાધી
પ્રગટ બ્રહ્મ નિર્ગુણ ન્યાળો
દેહ વિનાનો આત્મા નિરાલો
જળહળ જ્યોતિ નિરાલી, નહિ પરની ઉપાધી....
અહં બ્રહ્માસ્મિ રહ્યો પ્રકાશી
અહં મમની નહિ કોઇ ઉપાધી
સોહંમ શિવોહમ્ સુખ રાશી, નહિ પરની ઉપાધી....
વૃતિ વિનાનો બ્રહ્મ રહ્યો ગાંજી
અજર અમર અખંડ અવિનાશી
''નરસિંહ''વરૂપ સમાધી, નીહ પરની ઉપાધી....

## ૨૭૩. ઓ અમર ધામના વસનારા

રાગ : ઓ પ્રેમ નગરના પંખીડા.

ઓ અમર ધામના વસનારા, તું જગતમાં શીદને ભટકે છે.
ઓ વૈકુંઠ ધામના વસનારા, તું ગર્ભમાં શીદને લટકે છે.
તું અજર અમર અવિનાશી છે. આ કાયા માયા વિનાશી છે.
ઓ નિગુર્ણ બ્રહ્મ નિરાલા, તું જગમાં શીદને ભટકે છે.
તારા સંકલ્પે સુષ્ટિ સર્જી છે. તારી દ્રષ્ટિમાં સુષ્ટિ વળગી છે.
ઓ અવઘટ ઘાટે રમનારા, તું જગતમાં શીદને ભટકે છે.
નામ, રૂપ, માયા, ગ્રંથી છે, તું ગુણાતિત નિર્ગુણી છે.
ઓ નિર્લેપ, નિબંધ નિરધારા, તું જગમાં શીદને ભટકે છે.
તું પ્રકટ બ્રહ્મ પરમાત્મા છે. ''દાસ નરસિંહ'' શુધ્ધ નિજાત્મા છે.
ઓ પુરાણ બ્રહ્મ પરમાત્મા, તું જગતમાં શીદને ભટકે છે.

## ૨૭૪. સચ્ચિદાનંદ હું આત્મા રે

રાગ : અજ્ઞાની એતો આંધળો રે.

સચ્ચિદાનંદ હું આત્મા રે, શુદ્ધ સ્વયં પ્રકાશ જો;
અજર અમર હું આત્મા રે, કદિ ભરખે નહિ કાળ જો.
દેહ વિનાનાં દેદાર છું રે, મ્યાન વિનાની તલવાર જો;
અખિલ બ્રહ્માંડમાં વ્યાપ્ત છું રે, જેમ આકાશે ભાણ જો.
આદિ-અનાદિ એક છું રે, નહિ દ્વૈત ને સ્થાન જો;
સ્વયં સ્વરૂપ નિઃસંગ છું રે, નહિ પરમાં પ્રવેશ જો.
નરસિંહ મસ્ત નિજાનનંદમાં રે, ઉગ્યો ભીતરમાં ભાણ જો;
ફરી નહિ આવું આ લોકમાં રે, મલ્યા પ્રગટ ભગવાન જો.

## ૨૭૫. પ્રજ્ઞા પ્રગટ રે

રાગ : હરિ રસ લાગે રે હો મીઠો.

પ્રજ્ઞા પ્રગટ રે હો જેની,
ધન્ય ધન્ય જગમાં એની જનની, પ્રજ્ઞા પ્રગટી રે હો જેની.
કોડિયા વિનાની ઝળહળ જ્યોતિ
રજની ચૌદે ભુવની ભાગી, પ્રજ્ઞા પ્રગટી રે હો જેની.
અખંડ અવિચળ સ્વરૂપ સ્થિતિ
પુરા ગુરૂએ પ્રેમે દાનમાં દીધી, પ્રજ્ઞા પ્રગટી રે હો જેની.
નરસિંહ મસ્ત સદા નિજાનંદી
દેહને દુનિયાની કિં-મત કાંડી, પ્રજ્ઞા પ્રગટી રે હો જેની.



## ૨૭૬. ૐ જય સદ્‌ગુરૂ સ્વામી : આરતી

ૐ જય સદ્‌ગુરૂ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરૂ સ્વામી
અજર, અમર, અનાદિ (૨)
દેહાતિત સ્વામી. ૐ જય સદ્‌ગુરૂ........
સત્ત, ચિત્ત, આનંદ રૂપ, શબ્દાતિત સ્વામી. પ્રભુ (૨)
નિર્ગુણ નિર્વીકારી (૨)
તુર્યાતિત સ્વામી. ૐ જય સદ્‌ગુરૂ........
સદ્‌ગુરૂ બ્રહ્મ સ્વરૂપ, અક્ષરાતીત સ્વામી. પ્રભુ (૨)
ઋષિ, મુનિ, સિધ્ધો સેવે (૨)
મોક્ષપદ દાની. ૐ જય સદ્‌ગુરૂ........
અખિલ બ્રહ્માંડની માંય, આપ રહ્યા વ્યાપી. પ્રભુ (૨)
નિર્લેપ, નિરાધારી (૨)
સર્વજ્ઞ સ્વામી. ૐ જય સદ્‌ગુરૂ........
બ્રહ્મા, વિષ્ણુ, સદાશિવ, ગુરૂ મહિમા ગાવે. પ્રભુ (૨)
વેદ પુરાણ વખાણે (૨)
ગુરૂ મહિમા ભાર. ૐ જય સદ્‌ગુરૂ........
ભવ સાગરની માંય, નાવિક થઈ આવ્યા. પ્રભુ (૨)
ડૂબતા જીવ ઉગારી (૨)
આપે લીધા તારી. ૐ જય સદ્‌ગુરૂ........
''નરસિંહ'' નિજ સ્વરૂપ નિજાનંદ પામી. પ્રભુ (૨)
પલ પલ પ્રગટ નિહાળે (૨)
એ કરુણા તારી. ૐ જય સદ્‌ગુરૂ........
ૐ જય સદ્‌ગુરૂ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરૂ સ્વામી
અજર, અમર, અનાદિ (૨)
દેહાતિત સ્વામી. ૐ જય સદ્‌ગુરૂ........



## ૨૭૭. ૐ જય સદ્‌ગુરૂ દાતા : આરતી

ૐ જય સદ્‌ગુરૂ દાતા, પ્રભુ જય સદ્‌ગુરૂ દાતા
પ્રગટ બ્રહ્મ પરમાત્મા (૨)
સદ્‌ગુરૂ શુદ્ધ સ્વરૂપ, સચરાચર વ્યાપ્યા. પ્રભુ (૨)
શુધ્ધાત્મા સ્વરૂપે (૨)
ઘટ ઘટમાં વસતા. ૐ જય સદ્‌ગુરૂ દાતા...
આપો, તાપો, પાપ સદ્‌ગુરૂ દેવ હરતા. પ્રભુ (૨)
કોટિ જીવોના તારક (૨)
ભવ બંધન હરતા. ૐ જય સદ્‌ગુરૂ દાતા...
ભક્તિ, જ્ઞાન, વૈરાગના દાન સદા દેતા. પ્રભુ (૨)
જીવ દશાને ટાળી (૨)
શિવ સ્વરૂપ કરતા. ૐ જય સદ્‌ગુરૂ દાતા...
સદ્‌ગુરૂ દિન, દયાળ, કરૂણા ના સાગર. પ્રભુ (૨)
શરણે આવ્યા જીવો (૨)
ભવસાગર તારનાર. ૐ જય સદ્‌ગુરૂ દાતા...
''નરસિંહ'' નિર્મળ, નિત્ય ગુણ ગુરૂના ગાતા. પ્રભુ (૨)
કૃપા કરો કૃપાલુ (૨)
બાળક ગુણ ગરાતિંરા. ૐ જય સદ્‌ગુરૂ દાતા...
ૐ જય સદ્‌ગુરૂ દાતા, પ્રભુ જય સદ્‌ગુરૂ દાતા
પ્રગટ બ્રહ્મ પરમાત્મા (૨)
મોક્ષ પદ દાતા. ૐ જય સદ્‌ગુરૂ દાતા...



## ૨૭૮. પાંચ પ્રતિજ્ઞાઓ

પાંચ પ્રતિજ્ઞાઓ પાળજો રે,
સહેજે તરો સંસાર મારા વ્હાલા.
પરધન પથ્થર જાણજો રે,
પરસ્ત્રી માત સમાન મારા વ્હાલા... સહેજે તરો...
અહિંસા પરમો ધર્મ જાણનો રે,
અંતર કોઇનું ના દુભાય મારા વ્હાલા... સહેજે તરો...
જુઠું કદિ નવ બોલશો રે,
સત્ય, દયા, ધર્મનો સાર મારા વ્હાલા... સહેજે તરો...
કામ, ક્રોધ, લોભ, મોહ ટાળજો રે,
એ છે નરકના ધ્વાર માર વ્હાલા.... સહેજે તરો...
સચ્ચિદાનંદ શુદ્ધ આત્મા રે,
''નરસિંહ'' સ્વરૂપના ભૂલાય મારા વ્હાલા.
પાંચ પ્રતિજ્ઞા ઓ પાળજો રે... સહેજે તરો...

### મંગલ વચન

૧. પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરૂ પરમ જ્ઞાન સુખ ધામ;
જેણે આપ્યું નિજ ભાન, તેને સદા પ્રણામ.
૨. જે સ્વરૂપ સમજયા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમુ, શ્રી સદ્‌ગુરૂ ભગવંત.
૩. દેહ છતાં જેની દશા, વર્તે દેહાતિત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.